ધોરણ: ૩ થી ૮

# દ્વિતીય સત્ર – નિબંધ; પત્ર; વાર્તા લેખન

Sem-2 2025-'26


## EXAM PLUS

C/o. Nandini Publication,
Navagadh Chowkadi, Uttar Darwaja Road,
After Koteswar Mahadev Temple, Navagadh.
Ta. Jetpur Dist. Rajkot (Gujarat)
Mo. 99795 55105 - Phone: 02823 356 102



Visit us at

www.exampluspaper.com

Visit us at:
www.examplusspaper.com

# ધોરણ ૩ ગુજરાતી નિબંધમાળા

## મારી શાળા

મારી શાળાનું નામ આદર્શ પ્રાથમિક શાળા છે.

મારી શાળા મણિનગરમાં આવેલી છે.

મારી શાળાનું મકાન ત્રણ માળનું છે. તેમાં બાર ઓરડા છે. દરેક ઓરડો મોટો અને હવાઉજાસવાળો છે. દરેક ઓરડામાં બે પંખા છે. મારી શાળામાં એક પુસ્તકાલય અને એક વિજ્ઞાનખંડ છે.

મારી શાળાના આગળના ભાગમાં નાનો બગીચો છે. પાછળના ભાગમાં રમતનું મોટું મેદાન છે. તેમાં અમે જુદી જુદી રમતો રમીએ છીએ.

મારી શાળામાં ધોરણ ૧થી ૭ના ચૌદ વર્ગો છે. મારી શાળાના આચાર્યનું નામ ............. છે. તે ખૂબ પ્રેમાળ છે. મારી શાળાના શિક્ષકો અમને ખૂબ સારું ભણાવે છે. તે અમને નાટક, ગરબા, અભિનય–ગીતો વગેરે શીખવે છે. અમને શાળામાંથી વર્ષમાં એક વાર પ્રવાસ પણ લઈ જાય છે.

હું શાળામાં હોંશે હોંશે ભણવા જાઉં છું. મને મારી શાળા બહુ ગમે છે.

## આપણો રાષ્ટ્રધ્વજ

આપણો રાષ્ટ્રધ્વજ ત્રિરંગી છે.

આપણા રાષ્ટ્રધ્વજમાં સૌથી ઉપર કેસરી રંગનો પટ્ટો હોય છે. કેસરી રંગ વીરતાનું પ્રતીક છે. તે આપણને દેશ માટે બલિદાન આપવાની પ્રેરણા આપે છે. વચમાં સફેદ રંગનો પટ્ટો છે. તે શાંતિનું પ્રતીક છે. સૌથી નીચે લીલા રંગનો પટ્ટો આવેલો છે. તે દેશની આબાદીનું પ્રતીક છે. આપણા રાષ્ટ્રધ્વજની વચ્ચે એક ચક્ર છે. તેને 'અશોકચક્ર' કહે છે. તે બધા ધર્મો પ્રત્યે આદર રાખવાનું સૂચવે છે.

આપણે પંદરમી આગસ્ટે અને છવ્વીસમી જાન્યુઆરીના દિવસે રાષ્ટ્રધ્વજ ફરકાવીએ છીએ. આપણે રાષ્ટ્રધ્વજને સલામી આપીએ છીએ અને રાષ્ટ્રગીત ગાઈએ છીએ.

આપણો રાષ્ટ્રધ્વજ આપણા દેશની શાન છે. 'ઝંડા ઊંચા રહે હમારા'.

## હાથી

હાથી એ સૌથી મોટું અને શક્તિશાળી પ્રાણી છે. હાથીનો રંગ કાળો હોય છે. તેના પગ થાંભલા જેવા મોટા અને મજબૂત હોય છે. તેને સૂપડાં જેવા મોટા કાન હોય છે. તેની આંખો ખૂબ નાની હોય છે. તેને એક લાંબી સૂંઢ અને ટૂંકી પૂંછડી હોય છે. હાથીને મોઢાના આગળના ભાગમાં બે દંતશૂળ હોય છે. હાથી ઝાડની ડાળીઓ, ઘાસ અને પાંદડાં ખાય છે. હાથી ચિત્કાર કરે છે.

હાથીનો ઉપયોગ સવારી કરવા અને ભારે સામાન ઊંચકવામાં થાય છે. સરકસ અને ફિલ્મોમાં હાથીના વિવિધ ખેલ દેખાડવામાં આવે છે. હાથીની સંભાળ કરવાવાળા અને તેને ચલાવવાવાળાને મહાવત કહે છે.

## કમ્પ્યૂટર

વિજ્ઞાને આપણને અનેક સુખ–સગવડનાં સાધનોની ભેટ આપી છે. તેમાં કમ્પ્યૂટર વિજ્ઞાનની અદ્ભુત ભેટ છે. કમ્પ્યૂટર દેખાવે ટીવી જેવું હોય છે. કમ્પ્યૂટરમાં કી–બાર્ડ, માઉસ, માનિટર અને પ્રિન્ટર જેવા ભાગો હોય છે. કી–બાર્ડ ટાઈપરાઈટર જેવું હોય છે. તેનાથી ટાઈપ થઈ શકે છે. માઉસનો ઉપયોગ આકૃતિ દોરવા માટે થાય છે. વળી તેના બીજા અનેક ઉપયોગો છે. માનિટર પર ચિત્રો જોઈ શકાય છે અને લખાણ વાંચી શકાય છે. કમ્પ્યૂટર ઝડપથી લખી શકે છે અને ગણતરી કરી શકે છે. કમ્પ્યૂટર પર રમતો રમી શકાય છે. કમ્પ્યૂટર પર ગીતો સાંભળી શકાય છે અને ચલચિત્રો પણ જોઈ શકાય છે.

આજે આફિસો, બન્કો, શાળાઓ, દુકાનો વગેરેમાં કમ્પ્યૂટરનો ઉપયોગ થઈ રહ્યો છે. કમ્પ્યૂટર આપણને ખરેખર ખૂબ જ ઉપયોગી છે.

હું કમ્પ્યૂટરનો ઉપયોગ કરતાં શીખું છું.

## મારો પરિચય

મારું નામ .................. છે. મારી ઉંમર આઠ વર્ષની છે. મારા પિતાનું નામ .................... છે. તે કાપડના વેપારી છે. મારી માતાનું નામ .............................. છે. તે ગૃહિણી છે.

હું ત્રીજા ધોરણમાં ભણું છું. મારી શાળાનું નામ ................................................ છે. હું મારા વર્ગમાં પહેલા નંબરે પાસ થાઉં છું. મને વાંચન અને લેખનનો ખૂબ શોખ છે. મારા પિતા મને વાર્તાની ચોપડીઓ લાવી આપે છે. મને ક્રિકેટ રમવાનો પણ ખૂબ શોખ છે. હું મિત્રો સાથે રજાઓમાં સાંજે ક્રિકેટ રમું છું. મને સાઇકલ ચલાવતાં પણ આવડે છે.

હું મોટો થઈને ક્રિકેટર બનવા માગું છું.

# ધોરણ ૪ ગુજરાતી નિબંધમાળા

## લીમડો

લીમડાનું ઝાડ ઘટાદાર હોય છે. તે બધે જોવા મળે છે.

લીમડાનાં મૂળિયાં ઊંડાં હોય છે. લીમડાનાં પાન કડવાં હોય છે. લીલાં પાનનો ધુમાડો કરવાથી મચ્છર ભાગી જાય છે. લીમડાનાં લીલાં પાન પાણીમાં ઉકાળી, તે પાણીથી સ્નાન કરવાથી તાવ મટે છે. લીમડાના ફૂલોનો રસ પીવાથી શરીર નીરોગી રહે છે. લીમડાની લીંબોળીનું તેલ બને છે. તે સાબુ બનાવવામાં વપરાય છે.

લીમડાની છાયા શીતળ હોય છે. તેની છાયામાં મુસાફરો અને પશુઓ આરામ કરે છે.

લીમડો આપણને ખૂબ ઉપયોગી છે.

## મારી પ્રિય રમત કબડ્ડી

કબડ્ડી મારી પ્રિય રમત છે.

કબડ્ડી એ ભારતની લોકપ્રિય રમત છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં કબડ્ડી 'હુતુતુતુ'ના નામે પણ ઓળખાય છે.

કબડ્ડી એ ખુલ્લા મેદાનમાં રમાતી રમત છે. તેમાં બે ટીમ હોય છે. દરેક ટીમમાં ૭ ખેલાડીઓ હોય છે. તેમાં એક ટીમનો ખેલાડી કબડ્ડી–કબડ્ડી બોલતાં બીજી ટીમના ક્ષેત્રમાં જાય છે. બીજી ટીમના ખેલાડીઓ તેને સ્પર્શ કરવાનો પ્રયત્ન કરે છે. જો ખેલાડી કબડ્ડી બોલતાં અટકાય જાય કે બીજી ટીમના ખેલાડીઓ તેને પકડી લે તો તે ખેલાડી આઉટ થાય અને જો ખેલાડી કબડ્ડી બોલતાં–બોલતાં બીજી ટીમના જેટલા ખેલાડીઓને સ્પર્શી પોતાના ક્ષેત્રમાં પાછો આવી જાય તો તેણે સ્પર્શેલા બધા ખેલાડીઓ આઉટ ગણાય. આમ, રમતાં–રમતાં જે ટીમના બધા ખેલાડીઓ આઉટ થઈ જાય, તે ટીમ હારી જાય છે અને બીજી ટીમ જીતી જાય છે.

કબડ્ડી રમવાથી આપણું શરીર અને મગજ સ્વસ્થ રહે છે. કબડ્ડી રમવાથી શરીરમાં ચપળતા અને સ્ફૂર્તિ વધે છે.

## સ્વામી વિવેકાનંદ

સ્વામી વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્ર હતું. તેમનો જન્મ કોલકાતામાં ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ વિશ્વનાથ દત્ત અને માતાનું નામ ભુવનેશ્વરી હતું.

નરેન્દ્રનાથ ભણવામાં તેજસ્વી હતા. તેમની યાદશકિત અદ્‌ભુત હતી. તેઓ એક વાર પુસ્તક વાંચતા અને તેમને બધું યાદ રહી જતું. તેઓ નીડર હતા. પોતે અનુભવ ન કરે ત્યાં સુધી તે કોઈ વાતને સાચી માનતા નહિ.

નરેન્દ્રનાથને એક જ ધૂન હતી : 'મારે ઈશ્વરને જોવા છે.' તેઓ ગુરુની શોધમાં ઘણી વ્યકિતઓને મળ્યા, પણ તેમને કોઈનાથી સંતોષ થયો નહિ. તે રામકૃષ્ણ પરમહંસને મળ્યા. તેમનામાં તેમને સાચા ગુરુનાં દર્શન થયાં. તે સંન્યાસી બની ગયા. સ્વામી રામકૃષ્ણ પરમહંસે તેમને 'વિવેકાનંદ' નામ આપ્યું.

ત્રીસ વર્ષની ઉંમરે સ્વામી વિવેકાનંદે અમેરિકાના શિકાગો શહેરમાં ભરાયેલી ધર્મપરિષદમાં હાજરી આપી. તેમણે પોતાની વાણીથી દુનિયામાં ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડયો. સ્વામી વિવેકાનંદે 'રામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરી. આ સંસ્થા શિક્ષણ અને સેવાનાં કામો કરે છે.

વિવેકાનંદે યુવાનોને સૂત્ર આપ્યું હતું કે : 'ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડયા રહો.' તેમનું ઓગણચાલીસ વર્ષની નાની ઉંમરે અવસાન થયું.

## (રજાચિઠ્ઠી)

**તમારાં મોટા ભાઈનાં લગ્ન છે. તેથી તમે ચાર દિવસ નિશાળે જઈ શકો તેમ નથી. તેની રજાચિઠ્ઠી લખો.**

૨૩, સર્વોદય સોસાયટી,<br>
રીંગ રોડ,<br>
રાજકોટ – ૩૬૦ ૦૦૧.<br>
તા. ૩૧–૧–૨૦૨૫

પૂજ્ય ગુરુજી,

સાદર પ્રણામ. તા. ૩–૨–૨૦૧૯ના રોજ મારા મોટા ભાઈનાં લગ્ન છે. તેથી હું તા. ૧–૨–૨૦૧૯ થી તા. ૪–૨–૨૦૧૯ સુધી શાળાએ આવી શકું તેમ નથી. તો મારી ચાર દિવસની રજા પૂરવા મહેરબાની કરશોજી.

લિ.<br>
આપનો આજ્ઞાંકિત વિદ્યાર્થી,<br>
નિતિન વ્યાસ<br>
ધો. ૪ બ, નં. ૧૭

## હોળી

હોળીનો તહેવાર ફાગણ મહિનાની પૂનમને દિવસે આવે છે.

પ્રહ્‌લાદ ભગવાનનો ભક્ત હતો. તેના પિતાને તે ગમતું ન હતું. તેમણે પ્રહ્‌લાદને મારી નાખવા તેની બહેન હોલિકાને કહ્યું. હોલિકા પાસે એક ચૂંદડી હતી. હોલિકા આ ચૂંદડી ઓઢીને ચિતામાં બેસે તો આગ તેને બાળી શકે નહિ, એવું તેને વરદાન હતું. હોલિકા પ્રહ્‌લાદને ખોળામાં લઈ ચિતામાં બેઠી. પણ હોલિકા બળી મરી અને પ્રહ્‌લાદ બચી ગયો. ત્યારથી લોકો આ તહેવાર ઊજવે છે.

હોળીના દિવસે લોકો ઉપવાસ કરે છે. સાંજે લોકો લાકડાં અને છાણાં ભેગાં કરીને હોળી પ્રગટાવે છે. લોકો ધાણીચણાથી હોળીનું પૂજન કરે છે. પછી મિષ્ટાન્ન જમે છે.

હોળીનો બીજો દિવસ એટલે ધુળેટી. ધુળેટીના દિવસે લોકો એકબીજા પર રંગ કે ગુલાલ છાંટી આનંદ કરે છે. હોળી રાજસ્થાનીઓનો મોટો તહેવાર છે. તે હોળીનો તહેવાર ઊજવવા તેમના વતનમાં જાય છે. તેઓ કહે છે કે –

'દિવાળી તો અઠેકઠે (ગમે ત્યાં), પણ હોળી તો ઘરે.'
હોળી આપણો ધાર્મિક તહેવાર છે.

## પત્રલેખન

**તમારા મિત્રને તમારે ગામ તમારી સાથે રહેવા આવવાનું આમંત્રણ આપતો પત્ર લખો.**

જાની ફળિયું,
રામપટેલના મુવાડા,
તા. લુણાવાડા–૩૮૯ ૨૩૦.
તા. ૨૦–૧૦–૨૦૧૯

પ્રિય મિત્ર ................,

તારો પત્ર મળ્યો. તારી તબિયત સારી થઈ ગઈ છે તે જાણી મને ખૂબ આનંદ થયો. આ વખતે અમે દિવાળીની રજાઓમાં કયાંય જવાનાં નથી. તું અમારે ઘેર રહેવા આવજે. અહીં તને તાજી હવા અને ચોખ્ખાં ઘી–દૂધ મળશે. તારી તબિયત ઘણી સારી થઈ જશે.

તું અહીં કયારે આવવાનો છે, તે મને જણાવજે.

તારાં મમ્મી–પપ્પાને મારા પ્રણામ.

લિ.
તારો મિત્ર પ્રજેશ

## મારી દીનચર્યા

મારું નામ .............. છે. હું સવારે છ વાગે ઊઠું છું. હું ઊઠીને સૌપ્રથમ ભગવાનને નમસ્કાર કરું છું.

હું મારા દાંત–મોં સાફ કરું છું. હું નાહી–ધોઈને દૂધ પીઉં છું. પછી હું વર્ગકાર્ય કરવા બેસું છું. હું દસ વાગ્યા સુધી વર્ગકાર્ય કરું છું. પછી જમીને અગિયાર વાગે નિશાળે પહોંચું છું.

હું નિશાળમાં ગુજરાતી, ગણિત, પર્યાવરણ, સંગીત, ચિત્ર વગેરે વિષયો ભણું છું. હું વિરામના સમયે મિત્રો સાથે નાસ્તો કરું છું. પછી અમે બધા મિત્રો પકડદાવ રમીએ છીએ.

હું છ વાગે શાળાએથી ઘેર આવું છું ; હાથપગ ધોઈને નાસ્તો કરું છું. પછી અમે મિત્રો મેદાનમાં રમીએ છીએ. ક્યારેક અમે ફરવા પણ જઈએ છીએ. પછી હું વાળું કરીને સાડા સાત વાગે મારું ઘરકામ કરવા બેસું છું. રાતે નવથી દસ ટીવી જોઉં છું. હું દસ વાગે ભગવાનને પ્રાર્થના કરીને સૂઈ જાઉં છું.

રવિવારની મારી દિનચર્યા જુદી હોય છે. તે દિવસે અમે ઘણી વાર બહાર ફરવા જઈએ છીએ. ઘણીવાર અમે અમારા કુટુંબીજનોને મળવા પણ જઈએ છીએ.

## પત્રલેખન

**તમારી નાની બહેન નાપાસ થઈ છે. તેને આશ્વાસન આપતો પત્ર લખો.**

પત્ર લખનારનું નામ,
સરનામું અને તારીખ
લખવી.

વહાલી બહેન .............. ,

તારો પત્ર મળ્યો. તું પહેલી કસોટીમાં નાપાસ થઈ છે તે જાણ્યું. તું ઘણા દિવસો સુધી બીમાર રહી હતી. તેથી તું બરાબર ભણી શકી નહોતી. તેથી તારે જરાય નિરાશ થવાની જરૂર નથી.

તું હોશિયાર છે, મહેનતુ છે. એટલે તું બીજી કસોટીમાં જરૂર સારા ગુણ મેળવીને પાસ થઈશ.

મમ્મી–પપ્પાને મારા પ્રણામ કહેજે.

લિ.
તારો ભાઈ ..............

# ધોરણ ૪ હિન્દી નિબંધમાળા

## गुलाब

गुलाब का फूल बड़ा सुंदर होता है । इसकी सुगंध बहुत अच्छी होती है ।

गुलाब का पौधा कलम करके लगाया जाता है । इसकी टहनियों पर छोटे-छोटे नुकीले काँटे होते हैं । गुलाब के फूल में बहुत-सी पंखुड़ियाँ होती हैं । गुलाब के फूल लाल, पीले, गुलाबी, सफेद आदि कई रंगों के होते हैं । लाल रंग के गुलाब की शोभा निराली होती है । हमारे देश में गुलाब की कई किस्में पाई जाती हैं । कश्मीर का गुलाब सारी दुनिया में मशहूर है ।

गुलाब के फूलों की मालाएँ, गुलदस्ते और पुष्प-गुच्छ बनाए जाते हैं । गुलाब के फूलों से इत्र, गुलाबजल, गुलकंद आदि बनते हैं । गुलाब के फूल शुभप्रसंगों पर प्रेम और सद्भावना के रूप में एक-दूसरे को दिए जाते हैं ।

पंडित जवाहरलाल नेहरू को गुलाब का फूल बहुत पसंद था । वे अपनी शेरवानी में हमेशा लाल गुलाब का फूल लगाते थे ।

गुलाब को 'फूलों का राजा' माना जाता है ।

## मेरा परिचय

मेरा नाम ............ है । मैं चौथी कक्षा में पढ़ता हूँ । मैं .......... नामक गाँव/शहर में रहता हूँ । मेरे पिता का नाम .................... हैं । मेरी माँ का नाम ...................... है । मेरी बहेन का नाम .......... है । मेरे चाचा का नाम ..............है । मेरी बुआ का नाम .............. है । मेरे दोस्त नाम .......... है । मुझे टेनीस खेलना बहुत पसंद है । मेरे अध्यापक का नाम .................. है । मैं सुबह सात बजे उठता हूँ । मैं सैनिक बनना चाहता हूँ । मुझे गाना गाना बहुत पसंद है ।

## हाथी

हाथी सबसे बड़ा और ताकतवर जानवर है । लोग हाथी को जंगल से पकड़कर उसे पालतू बनाते हैं ।

हाथी का रंग काला होता है । इसके पाँव खंभे जैसे मोटे और मजबूत होते हैं । इसके कान सूप जैसे बड़े होते है । इसकी आँखे बहुत छोटी होती हैं । इसको एक लंबी सूँड़ होती है । सूँड़ से यह नाक और हाथ दोनो का काम लेता है । हाथी के दो लंबे दाँत बाहर निकले हुए होते हैं । ये दाँत खाने के काम में नहीं आते । हाथीदाँत बहुत कीमती होते हैं । उनसे खिलौने, गहने आदि बनते हैं । खाने के लिए हाथी के मुँह के अंदर दूसरे दाँत होते हैं । हाथी पेड़ों की डालियाँ, घास और पत्ते खाता है ।

हाथी सवारी और सामान ढोने के काम आता है । पुराने जमाने में राजा-महाराजा सवारी के लिए और लड़ाई में हाथी का उपयोग करते थे । आजकल सरकस और सिनेमा में हाथी के खेल दिखाए जाते हैं ।

हाथी बहुत समझदार और वफादार जानवर है । इसकी देखभाल करनेवाले और इसे चलानेवाले को महावत कहते हैं ।

## बाघ

बाघ एक जंगली जानवर है । वह सिंह की तरह भयानक होता है । उसका शरीर लंबा और गठीला होता है । उसकी पूँछ लंबी होती है । उसका रंग गहरा पीला होता है । ठंडे प्रदेशों में सफेद बाघ भी पाए जाते हैं । बाघ के शरीर पर काली धारियाँ होती हैं । वह अँधेरे में भी देख सकता है । बाघ पानी में अच्छी तरह तैर सकता है ।

बाघ मांसाहारी पशु है । वह हिरन जैसे जंगली जानवरों का शिकार करता है । कभी-कभी उसे जंगल में भरपेट शिकार नहीं मिलता तब वह मानव-बस्ती में पहुँच जाता है और नरभक्षी बन जाता है ।

बाघ की खाल बहुत कीमती होती है । पुराने समय में ऋषि-मुनि बाघ की खाल पर बैठकर जप-तप करते थे । आज बाघ के चमड़े-से अनेक मूल्यवान वस्तुएँ बनाई जाती हैं । यह चमड़ा पाने के लिए बाघों का शिकार किया जाता है ।

बाघ हमारा राष्ट्रीय पशु है । बाघ को हम चिड़ियाघर में देख सकते हैं ।

# ધોરણ ૫ ગુજરાતી નિબંધમાળા

## રજાચિઠ્ઠી

**તમારી તબિયત ઠીક નથી. તેથી તમે નિશાળે જઈ શકો તેમ નથી; તમારા વર્ગશિક્ષકને તેની જાણ કરતી 'રજાચિઠ્ઠી' લખો.**

પત્ર લખનારનું નામ,
સરનામું અને તારીખ
લખવી.

પૂજ્ય ગુરુજી,

સાદર પ્રણામ. ગઈ કાલે સાંજે શાળાએથી ઘેર આવતાં રસ્તામાં જોરદાર વરસાદ તૂટી પડયો હતો. એ વખતે મારી પાસે રેઈનકોટ ન હોવાથી હું ભીંજાઈ ગઈ હતી. તેથી મને શરદી થઈ ગઈ અને મોડી રાતે સખત તાવ પણ આવી ગયો. મેં દાકતરની દવા લીધી છે, દાકતરે મને ચાર દિવસ સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી છે. આથી હું તા. ............ સુધી શાળામાં આવી શકું તેમ નથી. તો મારી ચાર દિવસની રજા મંજૂર કરવા મહેરબાની કરશોજી.

શાળામાં આવ્યા પછી હું મારો અધૂરો રહી ગયેલો અભ્યાસ ખંતપૂર્વક પૂરો કરીશ.

લી.
આપની વિદ્યાર્થીની,
ધારા ચૌહાણ,
ધોરણ 5 A, નં. 2.

## મારું નવું ઘર

જયાં આપણે ચિંતામુકત થઈ હળવાશ અનુભવીએ તેનું નામ ઘર.

અમે અમારા નવા ઘરમાં રહેવા આવ્યા છીએ. અમારું નવું ઘર મૈત્રીપાર્ક નામની સોસાયટીમાં છે. અમારું નવું ઘર બે માળનું છે. ભોંયતળિયે દીવાનખંડ, શયનખંડ અને રસોડું છે. પહેલા માળે બે શયનખંડ અને એક અભ્યાસખંડ છે. દીવાનખંડ મોટો છે. તેમાં સોફાસેટ, ટીવી, ટેપરેકાર્ડર વગેરે છે. દીવાલ પર ઘડિયાળ અને એક સુંદર ચિત્ર છે. દરેક ખંડને બે બારીઓ અને એક બારણું છે. દરેક ખંડમાં જરૂરી ફર્નિચર છે તેમજ એક – એક પંખો છે. રસોડું પણ મોટું અને હવાઉજાસવાળું છે. તેમાં ક્રોકરી માટેનું કબાટ, વાસણનો ઘોડો તથા રેફ્રિજરેટર પણ છે.

અમારા ઘરની ત્રણ બાજુઓ ખુલ્લી છે. ઘરના પાછળના ભાગમાં પાણીની ટાંકી તથા ચોકડી છે. બાજુના ખુલ્લા ભાગમાં તુલસીક્યારો છે અને થોડાંક ફૂલછોડ છે. અહીં હીંચકો પણ છે. આગળના ભાગમાં વાહનો પાર્ક થઈ શકે તેવી ખુલ્લી જગ્યા છે.

મારી શાળા મારા નવા ઘરથી ખૂબ દૂર છે. તેથી હું સાઈકલ પર શાળાએ જાઉં છું. મને અહીં નવા મિત્રો મળી ગયા છે. અહીંના પાડોશીઓ પણ ખૂબ જ સારા છે. આથી અમને નવા ઘરમાં રહેવાની મઝા આવે છે.

મારાં દાદા–દાદી પણ અમારી સાથે જ રહે છે. અમે અમારા નવા ઘરને 'સુવાસ' નામ આપ્યું છે. મને મારું નવું ઘર ખૂબ જ ગમે છે.

## વિચાર વિસ્તાર

કડવા હોયે લીમડા, શીતળ એની છાંય;
બાંધવ હોય અબોલડા, તોય પોતાની બાંય.

આ સુભાષિતમાં કુટુંબભાવનાની વાત કરવામાં આવી છે. તેને માટે લીમડાનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. લીમડો ભલે કડવો હોય, પરંતુ એની છાયા શીતળ હોય છે. એ જ રીતે આપણાં ભાઈભાંડુ, કુટુંબીજનો ભલે વઢકણાં હોય, પરંતુ એ જ સંકટ સમયે મદદરૂપ થતાં હોય છે. આથી આપણે આપણાં કુટુંબીજનોને પોતાનાં ગણવાં જોઈએ. તેઓ આપણને કોઈ વાર બે કડવાં વેણ કહે તો એનું માઠું લગાડવું જોઈએ નહી.

## વાર્તાલેખન

બે બિલાડીઓ – એક રોટલો મળવો – રોટલા માટે ઝઘડવું – ન્યાય કરાવવા વાંદરા પાસે જવું – વાંદરાએ ત્રાજવાં લઈ આવવાં – રોટલાના બે ટુકડા કરવા – તોલવું – એક બાજુનું પલ્લું નમવું – તેમાંથી રોટલાનો ટુકડો ખાવો – આમ ટુકડે ટુકડે રોટલો ખાતા જવું – છેવટનો ટુકડો પણ 'આ મારી મહેનતનો' કહી ખાઈ જવો – બોધ.

### બેની લડાઈમાં ત્રીજો ફાવે

બે બિલાડીઓ હતી. બંને ભૂખી હતી, બંને ખોરાકની શોધમાં ફરતી હતી. એટલામાં એમની નજર એક ઘરમાં પડેલા રોટલા પર પડી. બંનેએ એકસાથે રોટલા પર તરાપ મારી.

એક બિલાડી રોટલો લઈ ભાગી. બીજી બિલાડી એની પાછળ દોડી. બંને રોટલા માટે ઝઘડવા લાગી. તેવામાં તેઓની નજર એક વાંદરા પર પડી.

બંને બિલાડીઓ વાંદરા પાસે ગઈ. તેમણે વાંદરાને બધી વાત કરી અને ન્યાય કરવા વિનંતી કરી.

વાંદરાને બિલાડીઓ પાસેથી રોટલો પડાવી લેવો હતો. તેણે એક યુક્તિ વિચારી કાઢી. તે ક્યાંકથી ત્રાજવાં લઈ આવ્યો.

વાંદરાએ રોટલાના બે ટુકડા કર્યા. તેણે ત્રાજવાનાં બંને પલ્લાંમાં એક–એક ટુકડો મૂકી ત્રાજવાની દાંડી ઊંચી કરી. જે પલ્લું નમ્યું તેમાંથી રોટલાનો થોડો ટુકડો કાઢીને ખાઈ ગયો. પછી બાકી રહેલો ટુકડો પલ્લામાં મૂકીને ત્રાજવાની દાંડી ઊંચી કરી. જે પલ્લું નમ્યું તેમાંથી રોટલાનો થોડો ટુકડો કાઢીને તે ખાઈ ગયો.

વાંદરાએ આમ વારંવાર કર્યું. છેવટે એક પલ્લામાં રોટલાનો નાનો ટુકડો રહ્યો.

'આ ટુકડો મારી મહેનતનો' એમ કહી વાંદરો તે ટુકડો પણ ખાઈ ગયો અને 'હૂપ'...'હૂપ'... કરતો ભાગી ગયો. બંને બિલાડીઓ જોતી જ રહી ગઈ.

આમ, બેની લડાઈમાં ત્રીજો ફાવે છે.

## ડા. ભીમરાવ આંબેડકર

દલિતો અને પીડિતો માટે જીવન સમર્પિત કરનાર ભારતરત્ન ડા.ભીમરાવ આંબેડકરનો જન્મ મધ્ય પ્રદેશ રાજયના મહૂ ગામમાં 14મી એપ્રિલ, 1891માં થયો હતો. તેમના પિતા રામજીભાઈ લશ્કરની શાળામાં શિક્ષક હતા. એમની માતા ભીમાબાઈ એમને નાના મૂકીને અવસાન પામ્યાં હતાં.

ભીમરાવ ભણવામાં અતિ તેજસ્વી હતા. પરંતુ એમની મહાર જ્ઞાતિ નીચી ગણાતી. પરિણામે ભીમરાવને વારંવાર અપમાન સહન કરવાં પડતાં. આથી મોટા થઈ આ અન્યાય દૂર કરવાનો એમણે દઢ સંકલ્પ કર્યો. ભીમરાવની પ્રતિભાથી પોરસાયેલા વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે એમને ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપી. વિદેશમાં અનેક તકલીફો વેઠીને તે ભણ્યા. એમ.એ., પી.એચ.ડી. થયા. હવે ભીમરાવ ડા. ભીમરાવ આંબેડકર બન્યા.

ડા. ભીમરાવને ભારતમાં નોકરી મળી. પરંતુ તે અસ્પૃશ્ય હોવાના કારણે એમની જ આફીસનો પટાવાળો પણ એમની સાથે ગેરવર્તાવ કરતો. આ સામાજિક અન્યાય દૂર કરવા માટે એમણે 'મૂકનાયક' નામનું પાક્ષિક શરૂ કર્યું. ઉપરાંત એમણે 'બહિષ્કૃત હિતકારિણી સભા' નામની સંસ્થાની સ્થાપના કરી. આ સંસ્થા દ્વારા સામાજિક ઉત્થાનની અનેક પ્રવૃત્તિઓ થવા લાગી.

બાબાસાહેબ પ્રખર દેશભકત પણ હતા. આઝાદીની લડતમાં પણ એમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. દેશ આઝાદ થયો. સ્વતંત્ર ભારતમાં તેઓ 'કાયદાપ્રધાન' બન્યા. બંધારણ સમિતિના 'અધ્યક્ષ' બન્યા. દેશનું બંધારણ ઘડાયું. તેઓ 'બંધારણના ઘડવૈયા' કહેવાયા.

બાબાસાહેબે સ્ત્રીઓની સ્થિતિ સુધારવા પણ ઘણા પ્રયત્નો કર્યા. તેમના જીવન પર બુદ્ધ, કબીર અને જયોતિબા ફૂલેનો પ્રભાવ હતો. તેમને પુસ્તકો વાંચવાનો ઘણો શોખ હતો. તે મોડે સુધી પુસ્તકાલયમાં બેસીને પુસ્તકો વાંચ્યા કરતા. ભારતમાતાના આ સાચા રત્નને ઈ.સ. 1990માં મરણોત્તર 'ભારત રત્ન'ના ઈલકાબથી નવાજવામાં આવ્યા.

આવા મહાન દેશભકત, દલિતોના ઉદ્ધારક, ગરીબોના બેલી અને સ્ત્રીઓના પક્ષધર બાબાસાહેબ આંબેડકરનું અવસાન 1956માં થયું. ભારતરત્ન અને બંધારણના ઘડવૈયાને હૃદયપૂર્વક વંદન.

## વાર્તાલેખન

બે મિત્રો – જંગલમાં ફરવા જવું – રીંછ જોવું – ગભરાઈ જવું – એક મિત્રનું ઝાડ પર ચડી જવું – બીજા મિત્રનું શબની જેમ જમીન પર સૂઈ રહેવું – રીંછે તેને સૂંઘીને ચાલ્યા જવું – મિત્રનું ઝાડ પરથી નીચે ઊતરવું અને પૂછવું : ''રીંછે તને કાનમાં શું કહ્યું ?'' – જવાબ – ''સ્વાર્થી મિત્રનો ભરોસો રાખીશ નહિ.'' – બોધ.

### સ્વાર્થી મિત્ર

વિવેક અને અનિલ નામે બે મિત્રો હતા. બંને સાથે રમતા, સાથે ભણતા અને સાથે નિશાળે જતા.

રજાનો દિવસ હતો. બંને મિત્રો ફરવા નીકળ્યા. રસ્તામાં ગાઢ જંગલ આવ્યું. વિવેકને ડર લાગ્યો. અનિલે તેને કહ્યું, ''તું ગભરાય છે શા માટે ? હું તારી સાથે છું ને !'' બંને મિત્રો વાતો કરતા કરતા આગળ જતા હતા. એવામાં અનિલે નજીકની ઝાડીમાંથી એક રીંછને બહાર આવતું જોયું. તે ગભરાઈ ગયો. તે બોલ્યો, ''ભાગ વિવેક, રીંછ આવે છે.''

અનિલ દોડયો અને એક ઝાડ ઉપર ચડી ગયો.

વિવેકને ઝાડ ઉપર ચડતા આવડતું ન હતું. વળી ભાગીને જવું કયાં ? તે જમીન પર લાંબો થઈને સૂઈ ગયો. રીંછ વિવેકની પાસે આવ્યું અને તેને પગથી માથા સુધી સૂંઘવા લાગ્યું. વિવેક હિંમત રાખીને હલન –ચલન કર્યા વિના પડી રહ્યો. તેણે શ્વાસ લેવાનું પણ બંધ કરી દીધું હતું.

વિવેકને શબ સમજીને રીંછ ત્યાંથી ચાલ્યું ગયું. અનિલ ઝાડ પરથી નીચે ઊતર્યો અને દોડતો વિવેક પાસે આવ્યો. તેણે વિવેકને પૂછયું, ''વિવેક રીંછે તને કાનમાં શું કહ્યું ?'' ''સ્વાર્થી મિત્રનો ભરોસો કરીશ નહિ.'' એમ કહી વિવેક ચાલતો થયો. અનિલ શરમાઈ ગયો.

સ્વાર્થી મિત્રની મિત્રતા કદી કરવી નહિ.

## વિચારવિસ્તાર

હોય કામ મુશ્કેલ પણ, ઉદ્યમથી ઝટ થાય;<br>
ખંત જો દિલમાં હોય તો, કદી ન ફોગટ જાય.

આ પંકિતઓમાં કવિ કહે છે કે કોઈ પણ મુશ્કેલ કામ મહેનત કરવાથી જલદી પૂરું થાય છે. જો આપણા દિલમાં ખંત હોય તો અઘરું લાગતું કામ પણ મહેનતથી પાર પાડી શકાય છે. આપણી મહેનત કદી નકામી જતી નથી.

કેટલાંક કામ અઘરાં હોય છે. જો આપણે વિચાર જ કરતા રહીએ કે તે કયારે થશે અથવા કેવી રીતે થશે, તો તે કામ કયારેય થશે નહિ. આપણે ઉત્સાહથી અને આયોજનપૂર્વક એ કામ કરવા માંડીએ તો આપણને સફળતા ચોકકસ મળે છે. વિદ્યાર્થી તરીકે આપણને જે વિષયો અઘરા લાગતા હોય તે શીખવા માટે આપણે ખંતથી મહેનત કરીએ તો એમાં ચોકકસ સફળતા મળે છે.

આપણે ખંતથી મહેનત કરવી જોઈએ.

## આદર્શ વિદ્યાર્થી

વિદ્યાર્થીનું જીવન કુમળા છોડ જેવું હોય છે. વિદ્યાર્થીજીવનમાં પડેલી ટેવો અને સંસ્કારો જીવનભર ટકી રહે છે. વિદ્યાર્થીને સારી ટેવો પડે અને સારા સંસ્કારો મળે તે જરૂરી છે.

આદર્શ વિદ્યાર્થી જિજ્ઞાસુ હોય છે. તે શિક્ષકોને પ્રશ્નો પૂછીપૂછીને નવું નવું જ્ઞાન મેળવતો રહે છે. તે સારાં પુસ્તકોનું વાંચન કરે છે. તે શાળામાં નિયમિત જાય છે અને મન દઈને અભ્યાસ કરે છે. તે કોઈ પણ કામમાં કદી આળસ કરતો નથી. તે શાળાનું ઘરકામ નિયમિત કરે છે. તે લખવાનો મહાવરો રાખે છે. તેના અક્ષર સુંદર હોય છે.

આદર્શ વિદ્યાર્થી શરીરની સ્વચ્છતા અને તંદુરસ્તીની કાળજી રાખે છે. તેના દાંત, નખ, વાળ અને શરીરનાં બધાં અંગો સ્વચ્છ હોય છે. તેનાં કપડાં પણ સ્વચ્છ હોય છે. તે સ્વચ્છતાનો આગ્રહી હોય છે. તે શાળામાં હોંશેહોંશે વર્ગસફાઈ અને મેદાનસફાઈ કરે છે.

આદર્શ વિદ્યાર્થી રમતગમતમાં ભાગ લે છે. રમતના મેદાન પર તે તેના મિત્રો સાથે ખેલદિલીપૂર્વક રમે છે. તે રમતગમતના નિયમોનું પાલન કરે છે. તે નાટક, વેશભૂષા અને વકતૃત્વસ્પર્ધા જેવી ઈતર –પ્રવૃત્તિઓમાં પણ ભાગ લે છે.

આદર્શ વિદ્યાર્થી વિવેકી હોય છે. તે વડીલોને માન આપે છે અને તેમની આજ્ઞાનું પાલન કરે છે. તે સાચાબોલો અને પ્રામાણિક હોય છે. તે બીજાંને મદદ કરવા સદાય તત્પર હોય છે. તે બધાં સાથે હળીમળીને રહે છે. તે સારું કામ કરવા હંમેશાં તત્પર હોય છે. તેને કોઈ પણ વ્યસન નથી હોતું. તે ચારિત્ર્યવાન હોય છે. તેનો જીવનમંત્ર હોય છેઃ 'સાદું જીવન ઉચ્ચ વિચાર'.

આદર્શ વિદ્યાર્થીનો એવો વ્યવહાર હોય છે કે સૌને એને માટે માન તથા સ્નેહ ઊપજે છે.

## ઉનાળાનો બપોર

શિયાળાની સવાર આપણને તાજગી આપે છે, તો ઉનાળાનો બપોર આપણને તાપથી અકળાવી મૂકે છે.

ઉનાળામાં સવારે થોડી ઠંડક હોય છે. ત્યાર પછી ધીમેધીમે ગરમી વધતી જાય છે. સૂરજ માથા પર આવતાં ગરમીનું પ્રમાણ ખૂબ વધી જાય છે. જાણે આભમાંથી આગ વરસતી હોય એવી ગરમી પડે છે. જમીન એટલી બધી તપી જાય છે કે તેના પર ખુલ્લા પગે ચાલવાનું મુશ્કેલ બની જાય છે. રસ્તાઓ પર માણસોની અવરજવર પણ ઓછી થઈ જાય છે. લોકો ઘરમાં જ પુરાઈ રહે છે. લોકો ગરમીથી રાહત મેળવવા માટે પંખા કે અરકન્ડિશનરનો આશરો લે છે. કેટલાક લોકો ઠંડાં પીણાં પીએ છે કે આઈસક્રીમ ખાય છે. પશુપંખીઓ પર પણ ગરમીની અસર થાય છે. પંખીઓ તેમના માળામાં ભરાઈ રહે છે. પરંતુ અકળાવાના બદલે ગીતો ગાય છે. કોયલ ટહુકા કરે છે : 'કૂ..હુ..કૂ..હુ'. પશુઓ વૃક્ષની છાયામાં બેસીને આરામ કરે છે. વટેમાર્ગુઓ પણ વૃક્ષની છાયામાં વિસામો કરે છે. બપોરે ખેડૂતો અને મજૂરો એમનું કામકાજ બંધ રાખી આરામ કરે છે. ગરમીથી રાહત મેળવવા માટે ભેંસો તળાવ કે ખાબોચિયાના પાણીમાં પડી રહે છે. બાળકો પણ ઘરમાં બેસીને ઇન્ડોરગેમ્સ રમે છે.

માથું ફાડી નાખે એટલી બધી ગરમીના કારણે જ કદાચ કવિશ્રી લાભશંકર ઠાકરે એવું કહ્યું છે કે, ''સૂર્યને શિક્ષા કરો.''

## મારો શોખ

દરેક વ્યક્તિને કોઈ ખાસ વિષય, વસ્તુ કે કળા પ્રત્યે સહજ આકર્ષણ હોય છે. એ ખાસ આકર્ષણ અથવા રુચી 'શોખ' કહેવાય છે. સારાં કપડાં પહેરવાં, નાટક–સિનેમા જોવા, ટપાલની ટિકિટોનો સંગ્રહ કરવો, સંગીત સાંભળવું, પુસ્તકો વાંચવા, વગેરે શોખના વિવિધ વિષયો છે. મારો શોખ એ બધાથી જુદો છે. મને ચિત્રકળાનો શોખ છે.

ચિત્રો દોરવામાં મને જે આનંદ મળે છે. તે બીજા કશામાં નથી મળતો રજાના દિવસોમાં હું ચિત્રો દોરવામાં કલાકો ગાળું છું. ચિત્રો દોરવા માટે હું મિત્રો સાથે રમવાનું પણ ટાળું છું. છાપાં, સામયિકો અને જૂના પુસ્તકોમાંથી હું સારા ચિત્રો કાપી લઉં છું. મેં અત્યાર સુધીમાં આવા ચિત્રોની કાપલીઓથી બે મોટા ખોખા ભરી રાખ્યાં છે, એ બધા ચિત્રોને હું ધ્યાનપૂર્વક જોઉં છું. પણ તેમની કદી નકલ કરતો નથી. મેં મારા કેટલાક સ્વજનો અને મિત્રોનાં હૂબહૂ રેખાચિત્રો પણ દોર્યા છે. એક ચિત્ર કૃતિઓને હું મારો કીમતી ખજાનો ગણું છું.

ચિત્રકળા એ મારે માટે માત્ર સમય પસાર કરવાનું સાધન નથી; મારા ઉજજવળ ભવિષ્યનું સ્વપ્ન પણ છે. ભવિષ્યમાં હું ભારતનો જ નહીં ; જગતનો એક મહાન ચિત્રકાર બનવાનાં સ્વપ્ન સેવું છું. પરંતુ હું જાણું છું કે સારા ચિત્રકાર બનવું એ સહેલું નથી. સારા ચિત્રકાર બનવા ઇચ્છનારે પોતાની દૃષ્ટિને કલામય બનાવવી જોઈએ. એવો કલાકાર જ પ્રકૃતિની સુંદરતાની જેમ જગતની કુરૂપતાને પણ હૃદયસ્પર્શી ચિત્રોમાં કંડારી શકે. ચિત્રકળા એ માત્ર સુંદરતાનું દર્શન કરાવવાનું જ સાધન નથી. જગત અને જીવનનાં સર્વ પાસાંને ચોટદાર રીતે રજૂ કરવાનું રેખા અને રંગનું માધ્યમ છે. સારા ચિત્રકાર બનવા ઇચ્છનારે જગત અને જીવનના સૂક્ષ્મ નિરીક્ષક બનવું જ પડે છે. હું એ સજજતા કેળવીશ.

શોખ (hobby) વગરનું જીવન નકામું છે. ખરેખર ચિત્રકળાનો મારો શોખ એ મારા જીવનની સાચી કેળવણી છે. જીવનને સાર્થક કરવા માટેની સાધનાનો એ માર્ગ છે.

## સસલું અને કાચબો

**સસલું અને કાચબો – બંને વચ્ચે દોડની હરીફાઈ – સસલાનું અભિમાન – વચ્ચે આરામ કરવો – કાચબાની ધીમી ગતિ – સસલા કરતાં પહેલાં પહોંચી જવું – કાચબાની જીત – સસલાની હાર – બોધ.**

એક દિવસની વાત છે. એક વખત એક જંગલમાં સસલું અને કાચબો અને બીજા ઘણા પ્રાણીઓ રહેતા હતા.

કાચબાભાઈ ધીમે ધીમે ચાલતા ચાલતા જતા હતા અને ત્યાંથી સસલાભાઈ ને નીકળવાનું થયું. સસલાભાઈ તો કાચબાની ધીમી ચાલ જોઈને હસવા લાગ્યા. એમને તો મનમાં ને મનમાં અભિમાન થવા લાગ્યું, કે મારાથી વધારે ઝડપથી તો કોઈ ચાલી કે દોડી શકે નહિ. અને તે તો કાચબાભાઈનો મજાક ઊડાડવા માંડયા કે તમે તો સાવ ધીમા ચાલો છો. કાચબાભાઈ ને ખોટું લાગ્યું પણ તેઓ કંઈ પણ બોલ્યા વગર આગળ ચાલતા થઈ ગયા. તો આનાથી સસલાને થયું કે કાચબાભાઈ ડરી ગયા પણ એમાં એમના અભિમાનની વાત હતી. તેઓએ કાચબાભાઈના રસ્તામાં જઈને ઊભા રહી ગયા અને તેમને કહેવા લાગ્યા કે તમે મારી સાથે રેસ લગાડો.

સસલાભાઈની આ વાત આખા જંગલમાં ફેલાવા લાગી અને થોડીકવારમાં તો આખું જંગલ ભેગું થઈ ગયું. હવે તો કાચબાભાઈના માન ની વાત આવી ગઈ હવે તો કાચબાભાઈ પણ પૂરી તૈયારી કરવા લાગ્યા. પણ સસલાભાઈ તો આરામથી બેઠા હતા. કેમકે તેમના મનમાં તો કંઈક બીજું જ હતું.

બીજે દિવસે સવારે બધાય ભેગા થયા અને રેસની શરૂઆત થઈ. કાચબાભાઈ તો ધીમે ધીમે ચાલતા થયા અને સસલાભાઈ તો ઝડપથી આગળ વધવા લાગ્યા. શરત આ હતી કે બપોર સુધીમાં આખા જંગલનો આંટો મારીને પાછું આવાનું છે જે સૌથી પહેલાં આવશે એ વિજેતા બનશે. સસલાભાઈતો થોડીવારમાં જંગલનો અડધો ભાગ કાપી નાખ્યો. અને પાછળ વળીને જોયું તો કાચબાભાઈ તો કયાંય દેખાતા નહોતા. તેમને એમ કે આમને તો હજી ઘણી વાર લાગશે. આવું વિચારીને આમના મનમાં એમ કે હું આરામ કરી લઉં. અને તેઓ એક ઝાડ નીચે આરામ કરવા બેસી ગયા. જોત જોતામાં તેમને નીંદર આવી ગઈ. અને તેઓ સૂઈ ગયાં.

થોડીવારમાં કાચબાભાઈ ત્યાં આવી ગયા પણ તેઓ આરામ કરવા ન રોકાયા અને ચાલવાનું ચાલું રાખ્યું. તો થોડીવારમાં તેઓ જંગલનો પોણો ભાગ પૂરો કરી ગયા અને ત્યાં તો સસલાભાઈની આંખ ખુલ્લી અને એમને આગળ જોયું. તો કાચબાભાઈ જાજા આગળ પોચી ગયા હતા. હવે સસલાભાઈ દોડયા પણ ભેગું ના થયું અને કાચબાભાઈ રેસ જીતી ગયા. ત્યારબાદ સસલાભાઈને સમજાયું કે, અભિમાન ના કરવું જોઈએ અને ક્યારેય કોઈનો મજાક ના ઊડાડવો જોઈએ. તેઓએ કાચબાભાઈની માફી માંગી અને તેમની સાથે દોસ્તી કરી.

## વિચાર વિસ્તાર

સરવાળો સત્કર્મનો, ગુણનો ગુણાકાર;
બાદબાકી બૂરાઈની, ભ્રમનો ભાગાકાર.

આ પંક્તિઓમાં કવિએ આદર્શ જીવન જીવવા માટે શું કરવું જોઈએ તે સમજાવ્યું છે. સારાં કાર્યોનો સરવાળો અને સદ્‌ગુણોનો ગુણાકાર કરવો જોઈએ. એટલે કે સારાં કાર્યો અને સદ્‌ગુણો વિકસાવવાં જોઈએ. બૂરાઈની બાદબાકી અને ભ્રમનો ભાગાકાર કરવો જોઈએ. એટલે કે કુટેવોથી અને ભ્રમથી દૂર રહેવું જોઈએ.

આપણે સારાં કામ કરીએ અને કુટેવો છોડીએ.

## पंडित जवाहरलाल नेहरू

दुनिया के महापुरूषों में पंडित जवाहरलाल नेहरू का नाम आदर के साथ लिया जाता है । वे स्वतंत्र भारत के पहले प्रधानमंत्री थे ।

पंडित जवाहरलाल नेहरू का जन्म 14 नवम्बर, 1889 को इलाहाबाद में हुआ था । उनके पिता का नाम पंडित मोतीलाल नेहरू और माता का नाम स्वरूपरानी था ।

पंडित जवाहरलाल नेहरू की प्रारंभिक शिक्षा भारत में हुई । फिर नौ साल की उम्र में वे इंग्लैंड गए । वे बैरिस्टर बनकर भारत वापस लौटे ।

जवाहरलालजी भारत लौटे उस समय यहाँ स्वाधीनता आंदोलन जोरों पर था । उन्होंने गांधीजी के साथ रहकर इस आंदोलन में भाग लिया । वे कई बार जेल गए । अपने त्याग और देश-प्रेम के कारण वे देश के प्यारे नेता बन गए । पंडित नेहरू ने अपना तन, मन और धन देश-सेवा में लगा दिया । सचमुच, वे स्वतंत्र भारत के निर्माता थे । उन्होंने हमें 'आराम हराम है' का नारा दिया । उन्होंने दुनिया में युद्ध रोकने और विश्वशांति के लिए भी भरसक प्रयत्न किए । 27 मई, 1964 को उनकी मृत्यु हुई ।

पंडित नेहरू को गुलाब का फूल बहुत प्रिय था । वे अपनी शेरवानी में रोज गुलाब का नया फूल लगाते थे । उनको बच्चे बहुत प्यारे थे । दुनियाभर के बच्चों के वे प्यारे 'नेहरू चाचा' थे । आज भी देश के बच्चे उनका जन्मदिन 14 नवंबर 'बाल-दिवस' के रूप में मनाते हैं ।

## स्वच्छता

जीवन में स्वच्छता का बहुत महत्त्व है । जहाँ स्वच्छता है, वहीं आरोग्य है ।

शरीर को स्वच्छ रखने के लिए हमें प्रतिदिन स्नान करना चाहिए । दाँतों को साफ रखने के लिए रोज सुबह मंजन या ब्रश करना जरूरी है । सप्ताह में एक बार नाखून भी काटने चाहिए । हमारे कपड़े साफ-सुथरे रहने चाहिए । इसी के साथ हम अपने घर और पास-पड़ोस की स्वच्छता पर भी ध्यान दें ।

हमें गाँव और शहर भी स्वच्छ रखने चाहिए । गंदगी से तरह-तरह की कई बीमारियाँ फैलती हैं । गंदे लड़के से दोस्ती करना कोई पसंद नहीं करता । इसलिए हमें हमेशा स्वच्छ रहना चाहिए ।

स्वच्छता भगवान का निवास-स्थान है ।

## वार्तालेखन

**रमण और छगन दोनों मित्र – दुर्भाग्य से रमण की संपत्ति का नाश हो जाना – पुरखों का तराजू छगन के पास धरोहर रखना – विदेश में जाना – धन कमाना – एक साल बाद लौटना – छगन से तराजू माँगना – ''उसे तो चूहे खा गए'' – रमण का छगन के बेटे के साथ नदी पर स्नान करने जाना – बेटे को अपने घर में छिपा देना – छगन का अपने बेटे के बारे में पूछना – ''उसे बाज उड़ा ले गया'' – छगन का पंचायत में जाना – झगड़े का निपटारा होना – सीख ।**

## जैसे को तैसा

एक गाँव में रमण और छगन नाम के दो मित्र थे । दुर्भाग्य से रमण की सारी संपत्ति नष्ट हो गई । पुरखों के जमाने का लोहे का एक कीमती तराजू ही बच गया । वह तराजू उसने छगन के यहाँ धरोहर रख दिया और विदेश चला गया । वहाँ उसने बहुत धन कमाया ।

एक साल बाद वह गाँव लौटा । उसने छगन से अपना तराजू माँगा । छगन उस कीमती तराजू को लौटाना नहीं चाहता था । उसने कहा, ''तराजू को तो चूहे खा गए ।''

रमण ने कहा, ''कोई बात नहीं !''

दो-तीन दिन बाद रमण ने छगन के घर आकर कहा, ''मैं नदी में स्नान करने जा रहा हूँ । कपड़े संभालने के लिए तुम अपने बेटे को मेरे साथ भेज दो ।'' छगन ने बेटे को भेज दिया । रमण ने नदी में स्नान किया । फिर उसने छगन के बेटे को अपने घर में छिपा दिया । छगन ने जब अपने बेटे के बारे में उससे पूछा तो रमण ने उत्तर दिया, ''उसे तो बाज उड़ा ले गया ।'' छगन को विश्वास न हुआ । उसने पंचायत में शिकायत की । पंचों ने रमण से कहा, ''छगन को उसका बेटा लौटा दो ।''

रमण ने कहा, ''यह मेरा तराजू लौटा दे ।'' छगन ने कहा, ''उसे तो चूहे खा गए ।''

रमण ने कहा, ''जब मेरे लोहे के तराजू को चूहे खा सकते हैं, तो इसके लड़के को बाज क्यों नहीं उड़ा ले जा सकता ?''

अब सारी बात पंचों की समझ में आ गई । उन्होंने छगन को समझाया । आखिर छगन ने रमण को उसका तराजू दे दिया और रमण ने छगन को उसका बेटा सौंप दिया ।

**सीख** : जो हमारे साथ जैसा व्यवहार करता है, उसके साथ हमें भी वैसा ही व्यवहार **करना चाहिए ।**

## जल ही जीवन है

प्रत्येक प्राणी को जीवित रहने के लिए जल जरूरी है । प्यास को बुझाने के लिए पानी चाहिए । भोजन बनाने के लिए पानी चाहिए । स्नान के लिए पानी चाहिए । कपड़े-बर्तन धोने के लिए पानी चाहिए ।

पेड़-पौधे भी पानी के बिना जीवित नहीं रह सकते । पानी देने से ही पौधे बढ़ते हैं और पेड़ बनते हैं । फसलों की सिंचाई के लिए भी पानी की जरूरत होती है ।

पानी की भाप में बड़ी शक्ति होती है । पानी से बिजली बनाई जाती है । बिजली की शक्ति से आज बहुत सारे काम होते हैं । पानी में पाई जानेवाली मछलियाँ करोड़ों लोगों के भोजन और रोजी का साधन हैं । जल-मार्ग से जहाजों द्वारा व्यापार होता है ।

सचमुच, जल के बिना जीवन संभव नहीं है ।

## मेरा गाँव

मेरे गाँव का नाम रामपुर है । मेरे गाँव की आबादी करीब छः सौ है । मेरे गाँव में अधिकतर किसान रहते हैं । किसानों के अलावा गाँव में बनिया, लुहार, बढ़ई, दर्जी, धोबी आदि भी रहते हैं । सब लोग आपस में हिल-मिलकर प्रेम से रहते हैं ।

मेरे गाँव के किसानों को समय पर बीज, खाद और पानी मिलता है । इस कारण खेतों में अच्छी फसल पैदा होती है । गाँव में गाय, भैंस, बकरी, कुत्ता, बैल, घोड़ा आदि अनेक पालतू पशु हैं ।

गाँव में एक छोटा-सा बाजार है । बाजार में अनाज, साग-सब्जी आदि चीजें मिलती हैं । गाँव में एक पाठशाला और छोटा-सा अस्पताल भी है । गाँववालों के झगड़ों का निपटारा ग्राम-पंचायत करती है । हमारी पाठशाला के पास ही पंचायत-घर है ।

गाँव के बाहर पीपल का एक बड़ा पैड़ है । उसके नीचे भगवान शिव का मंदिर है । हर-रोज शाम को मंदिर में भजन-कीर्तन होता है । उस समय वातावरण शांत और पवित्र हो जाता है ।

मेरे गाँव की जलवायु अच्छी है । इसलिए गाँव के सभी लोगों का स्वास्थ्य अच्छा रहता है और गाँव के लोग सुखी हैं । मेरा गाँव मुझे बहुत प्यारा है ।

## कहानी

**भेड़िया - नदीकिनारे पानी पीने आना - मेमने को देखना - मुँह में पानी आना - बिना बात के झगड़ना - मेमने को मार डालना - सीख ।**

### भेड़िये की दुष्टता

एक भेड़िया पानी पीने के लिए किसी नदी के किनारे पहुँचा । वहाँ उसने एक मेमने को पानी पीते हुए देखा । मेमने को देखते ही भेड़िये के मुँह में पानी आ गया । उसने झूठ-मूठ झगड़ा कर मेमने को मार डालने का निश्चय किया ।

भेड़िये ने ऊँची आवाज में मेमने से कहा, ''अबे, मेरा पानी क्यों गंदा करता है ?''

भेड़िये की आवाज सुनकर मेमना डर गया । उसने काँपते हुए कहा, ''हजूर ! पानी आपकी ओर से बहता हुआ मेरी ओर आ रहा है । फिर मैं आपका पानी कैसे गंदा कर सकता हूँ ?''

भेड़िये ने गरजते हुए कहा, ''याद है, तूने एक साल पहले मुझे गालियाँ दी थीं ।''

मेमने ने फिर काँपते हुए कहा, ''सरकार ! मैं तो अभी सिर्फ छः महीने का ही हूँ । एक साल पहले मैं आपको गालियाँ कैसे दे सकता हूँ ?''

भेड़िया आखिरी बार डपटकर बोला, ''तूने न सही, पर तेरे बाप ने मुझे गालियाँ दी थीं ।'' यह कहकर वह मेमने पर टूट पड़ा और उसे फाड़कर खा गया ।

**सीख** : दुष्ट कभी अपना स्वभाव नहीं छोड़ते । वे किसी न किसी तरह दोष निकालकर कमजोर को सताया करते हैं ।

## मेरी माँ

माँ वो होती है, जो हमे इस संसार में लाती है । हमारा लालन-पालन करती है । माँ कितना मीठा शब्द है । इसे सुनते ही हृदय प्यार से भर आता है । मेरी माँ दुनिया की सबसे प्यारी माँ है ।

मेरी माँ मेरी जिंदगी की सबसे प्रभावशाली व्यक्ति है । वह हमारे परिवार का अच्छी तरह से ख्याल रखती है । वह सबके लिए स्वादिष्ट भोजन बनाती है । मेरी माँ एक पढ़ी-लिखी गृहिणी है । वह बहुत मेहनती है । वह मुझे पढ़ाई में मदद करती है ।

मेरी माँ मेरी अच्छी मित्र भी है । वह हमेशा मुझे बड़ों का आदर और छोटे से प्यार करने की सीख देती है । वो मुझे मार्गदर्शन करती है, गलतियाँ होने पर डाँटती भी है ।

मेरी माँ का प्यार में शब्दों में बयान नही कर सकता । मेरी माँ का स्वभाव बहुत भला है । वह खूब मेहनती है । मैं अपनी माँ से बहुत प्यार करता हूँ । माँ को खुश रखना में अपना कर्तव्य समझता हूँ ।

## चित्रकार की चतुराई

**एक चित्रकार - प्राकृतिक दृश्यों के चित्र बनाने का शौक - जंगल में जाना - शेर का सामने पड़ना - डर जाना - हिम्मत कर शेर से कहना, ''आपका चित्र बना दूँ'' - चित्र बनाते रहना - फिर कहना, ''आगे का चित्र तैयार, अब आप मुँह उधर करके बैठ जाइए'' - शेर का पीठ फेरकर बैठना - चित्रकार का भाग जाना ।**

एक चित्रकार था । उसे प्राकृतिक दृश्यों के चित्र बनाने का शौक था । वह प्रायः नदी के किनारे या बाग-बगीचों में जाकर चित्र बनाता था ।

एक बार चित्रकार एक घने जंगल में पहुँच गया । जंगल में एक जगह खूब हरियाली थी । रंगबिरंगे फूल खिले हुए थे । चित्रकार वहाँ बैठकर एक चित्र बनाने लगा । तभी सामने से वहाँ एक शेर आ गया । शेर को देखते ही चित्रकार के होश उड़ गए । फिर भी उसने हिम्मत की और शेर से कहा, ''हे जंगल के राजा, आप सामनेवाले उस पत्थर पर बैठ जाइए । मैं आपका एक सुंदर चित्र बना दूँ ।''

चित्र बनाने की बात सुनते ही शेर खुश हो गया और चित्रकार के सामने बैठ गया। चित्रकार देर तक शेर का चित्र बनाता रहा। फिर वह शेर से बोला, ''महाराज, आपके अगले भाग का चित्र तो बन गया है। अब आप मुँह उल्टा कर बैठ जाइए ताकि मैं आपको पिछले हिस्से का भी चित्र बना दूँ।''

अपने पूरे शरीर का चित्र बनवाने के लालच में शेर पीछे की ओर मुँह करके बैठ गया। अपना सारा सामान समेटा और चुपके से वहाँ से रवाना हो गया।

इस प्रकार चतुराई से चित्रकार ने अपनी जान बचा ली।

**सीखः** यदि चतुराई से काम लिया जाए, तो संकट को टाला जा सकता है।

## पत्रलेखन

### अपने स्कूल में मनाए गए बाल-दिन का वर्णन करते हुए अपने मित्र को पत्र लिखिए।

પત્ર લખનારનું નામ,
સરનામું અને તારીખ
લખવી.

प्रिय मित्र .............,

सप्रेम नमस्कार।

बहुत दिनों से मैं बाल-दिन के कार्यक्रम में व्यस्त रहने के कारण तुम्हें पत्र नहीं लिख सका।

'चाचा नेहरू' का जन्म-दिन 14 नवंबर बाल-दिन के रूप में मनाया जाता है। कल हमारे विद्यालय में बाल-दिन मनाया गया। इसमें छात्रों ने कई सुंदर कार्यक्रम पेश किए। कुछ विद्यार्थीयों ने पंडित जवाहरलाल नेहरूजी पर स्वरचित कविताएँ सुनाईं। इनमें से क्रमानुसार तीन अच्छे निबंधो और तीन श्रेष्ठ कविताओं को पुरस्कार दिए गए। नौवीं कक्षा के एक छात्र ने नेहरूजी की वेशभूषा धारणकर उनकी जैसी आवाज में भाषण देकर सबको चकित कर दिया।

इस अवसर पर नेहरूजी के जीवन पर आधारित चित्रों की एक प्रदर्शनी भी लगाई थी। इसमें तीन सर्वश्रेष्ठ चित्रों को पुरस्कार दिए गए।

बाल-दिन के कार्यक्रमों में मुझे तीन पुरस्कार मिले हैं।

तुम्हारे माता-पिता को मेरा प्रणाम।

तुम्हारा मित्र,

............................

# ધોરણ – ૫ અંગ્રેજી નિબંધમાળા

## Our School Playground

I study in Saraswati Vidyamandir. My school has a big playground. There are many trees on the playground. There are many neem trees, ashoka trees and gulmohur trees. There is a big, old banyan tree on the playground. We enjoy playing under the banyan tree. Flowers like roses, sunflowers and marigolds make our playground beautiful. Sometimes, we also water the trees and plants. There are many swings and slides on the playground. During the recess, we enjoy on the playground. Sometimes, after school, we play games like football, volleyball, hockey and badminton on our playground. Some children sit under the trees and study or read books. We keep our playground very clean. We love our playground.

## My Friend

Kangana is my best friend. She is ten years old. She studies in my class. Kangana lives in beautiful bungalow near my house. She lives with her parents, younger brother and grandparents. Kangana is a very good girl. She is kind and helpful. She is always cheerful. Kangana is a very clever girl. She always helps me with my studies. Kangana's favourite subject is English. We play together and study together. We often spend our holidays together. Kangana is good in sports, too. She loves to play badminton and football. She likes drawing and music. She is learning to sing and play the keyboard. I love Kangana, my best friend.

## A visit to the Market

Last Sunday, I visited the market with my mother. It was very crowded. There were shops on both the sides of the road. There were book shops, cloth shops, toy shops and many other shops. There were carts filled with fruits and vegetables. The vendors were shouting loudly to sell their fruits and vegetables. It was very noisy. There were many people in the market. Some were in the shops, while some were buying fruits and vegetables. A woman was selling flowers in her cart. Cows and dogs were sitting right in the middle of the road. There were many beggars, too. Mother bought some fruits and vegetables. I bought some notebooks and pens from a shop. It was crowded and noisy, but I enjoyed myself.

## A visit to the Statue of Unity

During the Diwali vacation. I visited the Statue of Unity with my family. We travelled from Ahmedabad to Kevadiya by train. We first went to see the Statue of Unity. The statue of Sardar Vallabhbhai Patel is 183 metres tall. It took us about 3 hours to see this giant monument and the museum. The next day we visited the Valley of Flowers and the Miyawaki Forest. In the evening, we enjoyed a visit to the Unity Glow Garden. The next day, we visited Shoolpaneshwar Mahadev Temple. We also visited the Ekta Mall and bought many handicraft items. We really enjoyed a lot.

## My Self

My name is Janaki. I am in standard five. I am tall and active. I am a good girl. I respect my parents and my teachers. I always obey them. I look after my younger brother. I have many friends. We play together and study together. I love my friends and I share my books, toys and food with them. I help them. I keep my house and my classroom clean. I am a good student. I study hard and get good marks. I like English and Gujarati. But I am weak in Maths. I have very good general knowledge as I read a lot of books. My handwriting is not very nice. But I am trying to improve it by doing a lot of writing practice. My hobby is music and painting. I sing very well. I paint lovely pictures. I am not good at sports. But sometimes, I play badminton with my friends.

## My Hobby

My name is Minal. I am a student. I am in standard five. I like to do many things in my free time. I like to play games, watch TV, read books and listen to songs. But my hobby is dancing. I started to enjoy dancing when I was seven years old. So my parents decided send me for Bharatnatyam classes. I practice Bharatnatyam for one hour every day. Dancing has made me understand music and rhythm, too. Dancing makes me very happy. It refreshes my mind. It also gives me a good exercise. Dancing has made me graceful but strong.

# ધોરણ ૬ ગુજરાતી નિબંધમાળા

## સુંદર અક્ષરનું મહત્ત્વ

નઠારા અક્ષર અધૂરી કેળવણીની નિશાની છે. – ગાંધીજી

સુંદર અક્ષર કોને ન ગમે? સુંદર સુવાચ્ય અક્ષરે લખાયેલું લખાણ વાંચવું સૌને ગમે. ગરબડિયા અને સાવ ઝીણા–ઝીણા અક્ષરે લખેલું લખાણ વાંચવાનો કંટાળો આવે છે.

સુંદર અક્ષરનું વિશેષ મહત્ત્વ છે. વ્યકિતનો પરિચય તેના અક્ષરથી પણ થઈ શકે છે. જેના અક્ષર સારા હોય તે બધી બાબતોમાં વ્યવસ્થિત હોય છે. તેનાં પુસ્તકો વ્યવસ્થિત ગોઠવેલાં હોય છે. તે દરેક કામમાં પણ ચોકસાઈ રાખતો હોય છે. સુંદર અક્ષરો હાથનું ઘરેણું છે.

દરેક વિદ્યાર્થીના અક્ષર સારા કેમ નથી હોતા? નાના બાળકની આંગળીઓ ટેવાતી નથી, તે પહેલાં તો તેની પાસે મૂળાક્ષરો, બારાક્ષરી કે એબીસીડી લખાવવાની શરૂઆત થઈ જાય છે. બાળકને દરેક અક્ષર લખવાની સાચી રીત શીખવવી જોઈએ. એના બદલે શરૂઆતથી જ લખવાનો બોજો વધારી દેવામાં આવે છે. બાળકને ઘરકામ પણ વધારે પડતું આપવામાં આવે છે.

નાના બાળકને તેની આંગળીઓ બરાબર ટેવાય નહીં ત્યાં સુધી અક્ષરલેખન શીખવવું જોઈએ નહીં. વળી દરેક અક્ષરનો ચોક્કસ મરોડ હોય છે. બાળકને તે રીતે જ લખતાં શીખવવું જોઈએ. બાળક પાસે ડબલ લાઈન કે ચાર લાઈનની નોટબુકમાં જ લખવાનો મહાવરો કરાવવો જોઈએ. બાળક બરાબર લખતું ન થાય ત્યાં સુધી ઘરકામ આપવું જોઈએ નહીં. ઘરકામ પણ મર્યાદિત હોવું જોઈએ. બાળકને સારા અક્ષરનું મહત્ત્વ સમજાવવું જોઈએ. શિક્ષકે પણ કા. પા.માં સારા અક્ષરે જ લખવું જોઈએ. સુંદર અક્ષર લખવાની સ્પર્ધા પણ રાખી શકાય. સુંદર અક્ષરોનું પ્રદર્શન પણ ગોઠવવું જોઈએ.

એક વાર સુંદર અક્ષરે લખવાની ટેવ પડશે તો તે જીવનભર ટકશે. આથી આપણે સુંદર અક્ષરે જ લખવાનો દૃઢ સંકલ્પ કરીએ.

## વિચાર વિસ્તાર

પોપટ કોયલ બોલ, થોડો પણ લાગે ભલો;
વૃથા ગુમાવે તોલ, બહુ બોલીને દેડકાં.

આ પંકિતઓમાં કવિ કહે છે કે પોપટ અને કોયલ બહુ ઓછું બોલે છે, પણ તેમની બોલી સૌને મીઠી લાગે છે. સૌને તેમની બોલી સાંભળવી ગમે છે. જયારે દેડકાં બહુ બોલબોલ કરીને તેમનું માન ગુમાવે છે, કારણ કે દેડકાંનો કર્કશ અવાજ સાંભળવાનું કોઈને ગમતું નથી.

સમાજમાં કેટલાક લોકો દેડકાંની જેમ બહુ બોલબોલ કરે છે, પણ તેમના શબ્દોની કોઈ કિંમત હોતી નથી. તેનાથી બોલનાર અને સાંભળનારનો સમય વેડફાય છે. તેનાથી કોઈને કંઈ લાભ થતો નથી.

આ પંકિતઓ આપણને બોધ આપે છે : ઓછું બોલો. મધુર બોલો.

## વાર્તાલેખન

એક રાજા – નગરચર્યા જોવા માટે નીકળવું – રસ્તા વચ્ચે પથ્થર – રાજાએ પથ્થર નીચે એક ચિઠ્ઠી અને એક સોનામહોર મૂકવી – ખેડૂતનું પસાર થવું – અથડાવું – ચાલ્યા જવું – ઘોડા –ગાડીવાળાનું પસાર થવું – અથડાવું – બબડાટ કરી ચાલ્યા જવું – દૂધવાળીનું અથડાવું – બબડાટ કરી ચાલ્યા જવું – એક વિદ્યાર્થીનું પસાર થવું – પથ્થર ખસેડવો – ચિઠ્ઠી અને સોનામહોર – ચિઠ્ઠી વાંચવી ''પથ્થર ખસેડવાનું ઈનામ'' – બોધ.

## રસ્તા વચ્ચે પથ્થર

એક રાજા હતો. તે ઘણી વાર વેશપલટો કરી નગરચર્યા જોવા નીકળતો.

એક દિવસ વહેલી સવારે રાજા વેશપલટો કરી નગરચર્યા જોવા નીકળી પડયો. તેણે મુખ્યમાર્ગ પર એક મોટો પથ્થર પડેલો જોયો. આ પથ્થર કોણ ખસેડે છે તે જાણવાની રાજાને ઈચ્છા થઈ. આથી રાજાએ પથ્થર નીચે એક ચિઠ્ઠી અને એક સોનામહોર મૂકી. પછી રાજા શું થાય છે તે જોવા થોડે દૂર જઈને ઊભો રહ્યો.

એવામાં એક ખેડૂત બળદો સાથે ત્યાંથી પસાર થયો. એના એક બળદનો પગ રસ્તા વચ્ચે પડેલા પેલા પથ્થર સાથે અથડાયો. એથી બળદ લંગડાતો ચાલવા લાગ્યો. પણ ખેડૂત બબડાટ કરતો ચાલતો થયો. તેણે પથ્થર ખસેડવાની તસ્દી લીધી નહિ.

થોડી વાર પછી એક ઘોડાગાડીવાળો ત્યાંથી પસાર થયો. તે મસ્તીથી ગાતો ગાતો જતો હતો. એવામાં તેની ઘોડાગાડીનું પૈડું પથ્થર સાથે જોરથી ભટકાયું. ઘોડાગાડીમાં બેઠેલા મુસાફરો ચીસ પાડી ઊઠયા.

ઘોડાગાડીવાળો ગુસ્સે થઈને બોલ્યો, ''કયા હરામખોરે રસ્તા વચ્ચે આવડો મોટો પથ્થર મૂકયો છે?''

પછી પથ્થર ખસેડયા વિના જ ઘોડાગાડીવાળો ઘોડાગાડી હંકારી ચાલતો થયો.

એટલામાં ત્યાં એક દૂધવાળી આવી. તેને માથે દૂધની ગાગર હતી. તેનું પથ્થર તરફ ધ્યાન ગયું નહોતું. તેને પેલા પથ્થરની ઠેસ વાગી. તે પડી ગઈ અને તેનું બધું દૂધ ઢોળાઈ ગયું. દૂધવાળી રસ્તા વચ્ચે પથ્થર મૂકનારને ગાળો દેતી તથા ખોડંગાતી ચાલતી થઈ. તેણે પણ પથ્થર ખસેડયો નહિ.

થોડી વાર પછી એક વિદ્યાર્થી ત્યાંથી પસાર થયો. તેણે રસ્તા વચ્ચે પડેલો પથ્થર જોયો. ત્યાં તેણે દૂધ ઢોળાયેલું જોયું. તેણે વિચાર્યું કે આ પથ્થર ઘણાંને નડતો હશે.

તેણે દફતર રસ્તાની બાજુમાં મૂકયું. પછી બળપૂર્વક પથ્થરને ખસેડયો. જોયું તો પથ્થર નીચે એક ચિઠ્ઠી અને સોનામહોર હતી. તેને ભારે નવાઈ લાગી. તેણે ચિઠ્ઠી વાંચી. તેમાં લખ્યું હતું: ''પથ્થર ખસેડવાનું ઈનામ.''

એટલામાં દૂર ઊભેલો રાજા પણ ત્યાં આવી પહોંચ્યો. રાજાએ વિદ્યાર્થીને તેની ફરજ બજાવવા બદલ અભિનંદન આપ્યા.

આ સમાચાર આખા નગરમાં ફેલાઈ ગયા.

પ્રજાજનોને પોતાની ફરજ અદા કરવાનું મહત્ત્વ સમજાયું.

## 26 મી જાન્યુઆરી

26 જાન્યુઆરી આપણો રાષ્ટ્રીય તહેવાર છે.

15 આગસ્ટ, 1947ના દિવસે દેશ આઝાદ થયો. પછી બંધારણ સમિતિની રચના કરવામાં આવી. તેના અધ્યક્ષ ડા. બાબાસાહેબ આંબેડકર હતા. આ સમિતિએ દેશનું બંધારણ ઘડયું. 26 જાન્યુઆરી, 1950ના દિવસે આ બંધારણ અમલમાં મુકાયું. આ દિવસથી ભારત પ્રજાસત્તાક બન્યું. શાસનની સત્તા પ્રજાના હાથમાં આવી. સમગ્ર દેશમાં આ દિવસ આનંદ અને ઉલ્લાસથી ઊજવાયો. ત્યારથી દર વર્ષે આ દિવસ 'પ્રજાસત્તાકદિન' તરીકે ઊજવાય છે.

26 જાન્યુઆરીના દિવસે શાળાઓમાં, સરકારી કચેરીઓમાં અને પાટનગર દિલ્લીમાં ધ્વજ –વંદનના કાર્યક્રમો યોજાય છે. રાષ્ટ્રગીતો ગવાય છે. દિલ્લીમાં ધ્વજવંદન પછી લશ્કરી વાહનો સાથે લશ્કરની ત્રણેય પાંખોની પરેડ થાય છે અને રાષ્ટ્રપતિને સલામી અપાય છે. જુદાં જુદાં રાજયોની સાંસ્કૃતિક ઝલકના કાર્યક્રમો બતાવાય છે. આ દિવસે કેટલીક શાળાઓમાં અને સોસાયટીઓમાં જુદી જુદી હરીફાઈઓ યોજવામાં આવે છે. રેડીયો અને ટીવી પરથી દેશભક્તિનાં ગીતો પ્રસારિત કરવામાં આવે છે. સાંજે સરકારી મકાનો રોશનીથી ઝળહળી ઊઠે છે.

આપણે રાષ્ટ્રની પ્રગતિ થાય તેવાં કાર્યો કરીએ અને દેશહિતની પ્રવૃત્તિઓમાં સાથ સહકાર આપીએ.

## વાર્તાલેખન

અકબરનો દરબાર ભરાયો હતો – અકબરને દૂધથી ભરેલું તળાવ બનાવવાનો વિચાર આવ્યો – તેણે ગામમાં ઢંઢેરો પિટાવ્યો કે ખાલી તળાવમાં સૌ પ્રજાજનોએ વહેલી સવારે એક–એક લોટો દૂધ રેડી જવું – બિરબલે કહ્યું કે તળાવ દૂધથી નહિ પણ પાણીથી ભરાઈ જશે – બીજે દિવસે તળાવ ખરેખર પાણીથી ભરાઈ ગયું હતું – અકબરને આશ્ચર્ય થયું – બોધ

### સૌનું કામ તે કોઈનું નહિ

અકબર બાદશાહનો દરબાર ભરાયો હતો. દરબારમાં અનેક વિદ્વાનો હતા. તેઓ જુદા જુદા વિષયો પર ચર્ચા કરતા હતા. બિરબલ તેના રમૂજી સ્વભાવથી બધાંનું મનોરંજન કરતો હતો.

એકાએક અકબર બાદશાહને વિચાર આવ્યો કે ગામનું તળાવ સુકાઈ ગયું છે. તેમાં એક ટીપુંય પાણી નથી. જો તેને દૂધથી ભરવામાં આવે તો કેટલું સુંદર લાગે !

દરબાર પૂરો થયો. અકબરે સેનાપતિને બોલાવ્યો અને ગામમાં ઢંઢેરો પિટાવવાનો હુકમ કર્યો. ગામમાં ઢંઢેરો પીટવામાં આવ્યો: નામદાર બાદશાહનો હુકમ છે કે આવતી કાલે વહેલી સવારે દરેકે ગામના ખાલી તળાવમાં એક–એક લોટો દૂધ રેડી જવું. બિરબલે ઢંઢેરો સાંભળ્યો. તેને આશ્ચર્ય થયું. તે બાદશાહને મળ્યો અને કહ્યું, ''નામદાર, આવતી કાલે તળાવ દૂધથી નહિ પણ પાણીથી ચોક્કસ ભરાઈ જશે.''

બીજે દિવસે અકબર બાદશાહે જોયું કે તળાવ દૂધથી નહિ પરંતુ પાણીથી ભરાઈ ગયું હતું. આ જોઈ બાદશાહને ખૂબ આશ્ચર્ય થયું. તેણે બિરબલને આમ થવાનું કારણ પૂછ્યું. બિરબલે કહ્યું, ''નામદાર, સૌનું કામ તે કોઈનું નહિ. દરેકે એમ વિચાર્યું કે બધા લોકો લોટો ભરીને દૂધ રેડવાના છે. હું એકલો એક લોટો પાણી રેડીશ તો કોઈને કંઈ ખબર પડવાની નથી.''

આમ વિચારીને બધાંએ દૂધને બદલે પાણી રેડ્યું. આ વાર્તા પરથી બોધ મળે છે કે સૌનું કામ તે કોઈનું નહિ. દરેકને વ્યક્તિગત જવાબદારી સોંપવી જોઈએ.

## આપણી કુટેવો

જે ટેવથી આપણું કે સમાજનું અહિત થાય તેને 'કુટેવ' કહે છે.

આપણી કેટલીક કુટેવો એવી હોય છે કે તેનાથી આપણને જ નુકસાન થાય છે. મોડા ઊઠવું, દાંત અને જીભ બરાબર સાફ ન કરવાં, દાંતથી નખ કરડવા, ગમે ત્યાં થૂંકવું, ગમે ત્યાં નાક સાફ કરવું, છીંક કે ઉધરસ ખાતી વખતે મોં આગળ રૂમાલ ન રાખવો, પુસ્તકોમાં ગમે ત્યાં લીટા કરવા, તેમાંનાં ચિત્રો બગાડવાં, બજારમાં ઉઘાડી વેચાતી વાનગીઓ ખાવી વગેરે કુટેવો છે. આવી કુટેવોથી આપણું આરોગ્ય અને જીવનવ્યવહાર બગડે છે.

આપણી કેટલીક કુટેવોથી આપણને તો નુકસાન થાય છે જ, આપણી સાથે સાથે સમાજને પણ નુકસાન ભોગવવું પડે છે. જેમ કે, કેળું ખાઈને છાલ રસ્તા પર ફેંકવી, ગમે ત્યાં પેશાબ કરવો, ઘરનો કચરો ગમે ત્યાં નાખવો, ટીવી અને રેડિયોનો અવાજ મોટો રાખવો, મોટેથી વાત કરવી, મોટાં વાતો કરતાં હોય ત્યારે વચ્ચે બોલવું, કોઈના ઘરમાં પૂછ્યા વિના ઘૂસી જવું, રસ્તા વચ્ચે ચાલવું, વાહનો ગમે ત્યાં પાર્ક કરવાં, વાહનો ખૂબ ઝડપથી ચલાવવાં, કોઈની વસ્તુ પૂછ્યા વિના લેવી વગેરે.

સારી ટેવો પાડવા માટે પ્રયત્ન કરવો પડે છે. આપણાં માતાપિતા, શિક્ષકો અને વડીલો આપણને જે કહે તે પ્રમાણે આપણે વર્તવું જોઈએ અને આપણી ટેવો સુધારવી જોઈએ.

## પ્રાર્થનાનું મહત્ત્વ

શરીરને તંદુરસ્ત રાખવા માટે જેમ ખોરાકની જરૂર પડે છે તેવી જ રીતે  મનને તંદુરસ્ત રાખવા માટે પ્રાર્થનાની જરૂર પડે છે. દરેક શાળામાં શરૂઆતમાં સમૂહપ્રાર્થના થાય છે. તેથી બાળકોમાં નાની ઉંમરથી જ સારા સંસ્કાર પડે છે. મંદિરોમાં સવાર–સાંજ આરતી–સ્તુતિ ગવાય છે. તે પણ પ્રાર્થનાનો જ એક પ્રકાર છે. પ્રાર્થનામાં આપણે ઈશ્વરના ગુણગાન ગાઈએ છીએ. કેટલાક લોકો પોતાની અમુક ઈચ્છા પૂરી કરવા ઈશ્વરને પ્રાર્થના કરતા હોય છે. કેટલાક લોકો નિઃસ્વાર્થ ભાવે પ્રાર્થના કરતા હોય છે. આવી પ્રાર્થના જ શ્રેષ્ઠ ગણાય છે.

ખરા હૃદયથી પ્રાર્થના કરવાથી આપણું મન હળવું, પ્રફુલ્લિત અને શાંત બને છે. પ્રાર્થના કરવાથી આપણે ચિંતામુક્ત થઈએ છીએ. પ્રાર્થના દુઃખીજનોનાં દુઃખ દૂર કરનારી અને પતિતને પણ પાવન કરનારી છે. આથી જ બધા ધર્મોએ પ્રાર્થનાનું મહત્ત્વ સ્વીકાર્યું છે.

ગાંધીજી સવાર–સાંજ પ્રાર્થના કરતા. તેમની પ્રાર્થનામાં અનેક લોકો જોડાતા.
ઘરમાં સવાર–સાંજ કુટુંબના બધા જ સભ્યોએ સાથે બેસીને પ્રાર્થના કરવી જોઈએ.

## પત્રલેખન

**તમે ઉનાળાની રજાઓ કેવી રીતે પસાર કરવાના છો તે જણાવતો પત્ર તમારા મિત્રને લખો.**

પત્ર લખનારનું નામ,
સરનામું અને તારીખ
લખવી.

પ્રિય મિત્ર ................ ,

તારો પત્ર મળ્યો. તું મને તારી સાથે ઉનાળાની રજાઓ ગાળવા તારા ગામમાં બોલાવે છે; પરંતુ હું તારા આમંત્રણનો સ્વીકાર કરી શકું તેમ નથી.

મે મહિનાની દસમી તારીખે મારાં માસીબાના દિકરાનાં લગ્ન છે. તેથી ઉનાળાની રજાઓ પડતાં જ અમે બધાં મુંબઈ ઊપડી જવાનાં છીએ. રજાઓનું એક અઠવાડિયું માસીને ઘેર લગ્નમાં પસાર થઈ જશે. મારા મામા અમેરિકાથી આવવાના છે. એટલે લગ્ન પછી તેમની સાથે અમે પંદર દિવસ માટે ઉત્તર ભારતનાં જોવાલાયક સ્થળોના પ્રવાસે જવાનાં છીએ. પછી મામા અમારે ઘેર આવવાના છે. મારા મામાને એક દીકરો છે. મારે તેને ગુજરાતી વાંચતાં, લખતાં અને બોલતા શીખવવાનું છે. આ ઉપરાંત હું અમારા ઘર પાસે આવેલા પુસ્તકાલયમાં જઈને અંગ્રેજી વાર્તાનાં પુસ્તકો વાંચવા ઈચ્છું છું. સાથે સાથે મારે આ રજાઓ દરમિયાન યોગનું શિક્ષણ પણ મેળવવું છે.

તું એપ્રિલ માસની પહેલી તારીખે મારે ઘેર આવજે. તને મારા મામા પાસેથી અમેરિકાની અવનવી વાતો સાંભળવાની ખૂબ મજા આવશે.

તારાં માતાપિતાને મારા પ્રણામ.

લિ.
તારો મિત્ર
.....................

## વિચાર વિસ્તાર

ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય;
ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય.

આ પંક્તિઓમાં કવિ કહે છે કે સતત પ્રયત્ન કરવાથી જ કાર્યમાં સફળતા મળે છે. તે માટે તેમણે જુદાં જુદાં ઉદાહરણો આપ્યાં છે. સતત ભણતા રહેવાથી વ્યક્તિ પંડિત બને છે. સતત લખતાં લખતાં વ્યક્તિ લહિયો –લખવામાં કુશળ– થઈ શકે છે. એ જ રીતે રસ્તો ભલે લાંબો હોય, પરંતુ થોડું થોડું ચાલતા રહેવાથી જ તે કપાય જાય છે.

આપણે કોઈ પણ કાર્યમાં નિપુણતા મેળવવા માટે સતત પ્રયત્ન કરતા રહેવું જોઈએ. ધીરજ રાખીને સતત મહાવરો કરતા રહેવાથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

## માતૃપ્રેમ

માતા આ દુનિયાની સૌથી નિઃસ્વાર્થ વ્યક્તિ છે. જે પોતાના બાળકોને આ દુનિયામાં આવતા પહેલા જ પ્રેમ કરતી હોય છે. આ દુનિયામાં માતાના પ્રેમની તુલના કોઈ પણ વસ્તુ સાથે કરી શકાતી નથી કારણ કે તે પ્રેમનું સૌથી શુદ્ધ સ્વરૂપ છે. માતા તેના બાળક માટે દેવદૂત જેવી છે, જે હંમેશા તેના બાળકને પ્રેમ કરે છે અને તેને ટેકો આપે છે.

દરેક બાળક માટે, તેની માતા તેના હૃદયમાં એક વિશેષ સ્થાન ધરાવે છે કારણ કે તે પ્રથમ વ્યક્તિ છે જે બાળક તેના જન્મ પછી જુએ છે. આ જ કારણ છે કે બાળક અને માતા વચ્ચે ખાસ લાગણી હોય છે. પરંતુ બધા લોકો ઘણા કારણોસર તેમના જીવનમાં માતાનો પ્રેમ મેળવવા માટે એટલા ભાગ્યશાળી નથી હોતા. જેમની સાથે તેમની માતા હોય તેઓએ તેમને પ્રેમ અને આદર આપવો જોઈએ.

માતા એ બાળક માટે ભગવાનની સૌથી મોટી ભેટ છે. તે માતા છે જે તેના બાળકો પાસેથી બદલામાં કંઈપણ અપેક્ષા રાખ્યા વિના હંમેશા પ્રેમ કરે છે અને બધી વસ્તુ ભૂલી જાય છે. સ્ત્રીઓ સ્વાભાવિક રીતે જ સારી માતા હોય છે. એમ કહેવું ખોટું નહીં હોય, પરંતુ તેઓ માતા બને ત્યારે માતૃપ્રેમની શક્તિનો અહેસાસ થાય છે. માતા તેના બાળકને બચાવવા અને રક્ષણ કરવા માટે કંઈપણ કરી શકે છે, અને તે બાળકનો પહેલો આધાર છે. તે માત્ર નૈતિક રીતે બાળકને ટેકો આપે છે પરંતુ તેના બાળકને જીવનમાં વધુ સારી વ્યક્તિ બનવા માટે પણ તૈયાર કરે છે.

માતા માત્ર એક શબ્દ નથી, તે આપણા માટે વિશ્વ છે. કારણ કે, માતા બનવું સરળ નથી. માતા બાળકના જન્મ પહેલા 9 મહિના સુધી બાળકને પોતાના ગર્ભમાં રાખે છે અને આટલી પીડા પછી તે બાળકને જન્મ આપે છે. આપણે કહી શકીએ કે જયારે માતા બાળકને જન્મ આપે છે ત્યારે તે પોતે પણ બીજો જન્મ લે છે. કારણ કે, બાળકના જન્મ સમયે થતી પીડા મૃત્યુની નજીક હોય છે. પરંતુ માતા હજી પણ તેજસ્વી સ્મિત સાથે તે પીડાદાયક પરિસ્થિતિમાંથી બચી જાય છે. તે આપણા જીવનની એકમાત્ર ક્ષણ છે જયારે આપણે રડીએ છીએ અને આપણી માતા આપણને જોઈને સ્મિત કરે છે. એમાં કોઈ શંકા નથી કે માતા જ સાચી યોદ્ધા છે. તે આપણા માટે ઘણું બલિદાન આપે છે.

એક માતા તેના બાળકના જીવનમાં તેના બાળકના પ્રથમ મિત્ર બનવાથી લઈને એક માર્ગદર્શક સુધીની ઘણી ભૂમિકાઓ ભજવે છે જે તેને / તેણીને હંમેશા સારું માર્ગદર્શન આપે છે, અને તે આ બધી ભૂમિકાઓ ફરિયાદ કે સંકોચ કર્યા વિના સમર્પિતપણે ભજવે છે.

## સાચો મિત્ર

બે મિત્રો – જંગલમાં ફરવા જવું – રીંછને જોવું – એક મિત્રનું ઝાડ પર ચડી જવું – બીજા મિત્રનું શબની જેમ સૂઈ જવું – રીંછનું સૂતેલા મિત્ર પાસે આવવું અને સૂંઘીને ચાલ્યા જવું – ઝાડ પરથી મિત્રનું નીચે ઊતરવું – પૂછવું: 'રીંછે તને કાનમાં શું કહ્યું ?' – 'ભય વખતે ભાગી જનાર મિત્રોથી ચેતજે.' જવાબ.

કનુ અને મનુ ગાઢ મિત્રો હતા. તેઓ સાથે હરતા–ફરતા, સાથે નિશાળે જતા અને વર્ગમાં પણ સાથે જ બેસતા.

રજાનો દિવસ હતો. બંને મિત્રો તેમના ગામ પાસે આવેલા જંગલમાં ફરવા ગયા. તેઓ જંગલમાં બે–ત્રણ માઈલ ચાલ્યા ત્યાં તેમને દૂરથી એક રીંછ આવતું દેખાયું. બંને મિત્રો ગભરાઈ ગયા. ત્યાંથી ભાગીને ક્યાંય જઈ શકાય એટલો સમય પણ તેમની પાસે ન હતો.

કનુને ઝાડ પર ચડતાં આવડતું હતું. તે દોડીને એક ઝાડ પર ચડી ગયો. મનુને ઝાડ પર ચડતાં આવડતું ન હતું. તે વિચારમાં પડી ગયો. એકાએક તેને એક યુક્તિ સૂઝી. તે જમીન પર મડદાની જેમ સૂઈ ગયો.

રીંછ મનુ પાસે આવ્યું. તે મનુની આસપાસ ફરીને મનુને સૂંઘવા લાગ્યું. મનુ હલનચલન કર્યા વિના ચૂપચાપ પડ્યો રહ્યો હતો. તેણે પોતાનો શ્વાસ પણ રોકી લીધો હતો.

રીંછ તેને મરી ગયેલો સમજીને ચાલ્યું ગયું.

પછી કનુ ઝાડ પરથી નીચે ઊતર્યો. મનુ પણ ઊભો થઈ ગયો.

કનુએ મનુને પૂછ્યું, ''દોસ્ત, રીંછે તારા કાનમાં શું કહ્યું ?''

મનુએ જવાબ આપ્યો, ''રીંછે મને કાનમાં કહ્યું કે, 'વિપત્તિ પડે ત્યારે આપણો સાથ છોડીને ભાગી જનારા મિત્રોથી સાવચેત રહેજે.''

કનુની સ્વાર્થવૃત્તિ પર મનુએ કરેલા કટાક્ષને કનુ સમજી ગયો. શરમને લીધે તે કંઈ જ બોલી શક્યો નહિ. બંને મિત્રો ઘર તરફ પાછા વળ્યા. મુશ્કેલીમાં આપણને છોડીને જાય, તે સાચો મિત્ર ન ગણાય.

## વિચાર વિસ્તાર

**આજ કરશું, કાલ કરશું, લંબાવો નહિ દહાડા;**
**વિચાર કરતાં વિÂનો, વચમાં આવે આડાં.**

આ પંક્તિમાં સમયનું મહત્વ સમજાવ્યું છે. એક વખત સમય વીતી ગયા બાદ કોઈ પણ રીતે તે સમય ફરી લાવી શકાતો નથી. પ્રસ્તુત પંક્તિમાં કવિ કહેવા માંગે છે કે આપણે કોઈ પણ કામમાં વિલંબ કરવો ન જોઈએ, અને તરત જ તે કાર્ય કરવું જોઈએ. કારણકે દિવસો લંબાવવાથી તે કાર્યમાં ઘણાં વિÂનો આવી શકે છે. કબીરદાસજી દ્વારા ખુબ સરસ સલાહ આપવામાં આવી છે. કે,

**''काल करे सो आज कर, आज करे सो अब ।**
**पल में परलय होएगी, बहुरि करेगा कब ।।''**

કાલની કોને ખબર છે સારું કામ કરવામાં કાલની રાહ ન જોતાં આજે અને અત્યારે જ કરવું જોઈએ. તેને મુલતવી રાખવાથી પરિણામ સારું આવતું નથી.

આમ આપણને બોધ મળે છે કે, કોઈપણ કાર્ય આપણે સમયસર પૂર્ણ કરવું જોઈએ.

## વિચાર વિસ્તાર

**ફળો આવે છે ત્યારે ડાળીઓ નીચે નમી જઈને;**
**ખરેખર નમ્રતા શું છે તે જમાનાને બતાવે છે.**

પ્રસ્તુત ગઝલમાં કવિએ વૃક્ષની નમેલી ડાળીઓના ઉદાહરણ દ્વારા નમ્રતાનો મહિમા સમજાવ્યો છે.

સામાન્ય રીતે વ્યક્તિ શ્રીમંત થાય, કોઈ ઉચ્ચ હોØા પર પહોંચે ત્યારે તેનામાં અભિમાન આવી જાય છે. તે છકી જાય છે. તે વાતવાતમાં બીજાને ઉતારી પાડે છે કે તેની અવગણના કરે છે. વ્યક્તિ જેમ જેમ ઊંચે જાય તેમ તેમ તેનામાં નમ્રતા આવવી જોઈએ. વૃક્ષ પર ફળો આવે છે ત્યારે વૃક્ષની ડાળીઓ નીચે નમે છે. વૃક્ષની ડાળીઓ આ રીતે પોતાના આચરણ દ્વારા લોકોને નમ્રતાનો બોધ આપે છે.

આપણે પણ જેમ જેમ આગળ વધીએ તેમ તેમ વાણી અને વર્તનમાં નમ્રતા દર્શાવીએ; અભિમાની ન થઈએ.

# પત્રલેખન

**સાસરે ગયેલાં તમારાં બહેનને તેમના પ્રત્યેની તમારી લાગણી વ્યક્ત કરતો પત્ર લખો.**

પત્ર લખનારનું નામ,
સરનામું અને તારીખ
લખવી.

વહાલી મોટી બહેન,

તમારી વિદાય થયે માંડ સાત દિવસ થયા છે; પરંતુ મને તો જાણે સાત વર્ષ પસાર થઈ ગયાં હોય તેમ લાગે છે. તમારી વિદાય પછી ઘર સાવ ખાલી ખાલી લાગે છે. બાનું કોઈ કામમાં ચિત્ત ચોંટતું નથી. તે બધાં કામ કરવા ખાતર કરે છે. તે તમને યાદ કરી કરીને અવારનવાર રડ્યા કરે છે. બાપુજી પણ ઉદાસ રહે છે. તે હજી ધંધે જતા નથી. કોઈ કંઈ બોલતું નથી. કોઈ ટેલિવિઝન ચાલુ કરતું નથી. મારે તો નિશાળે જવું પડે છે પણ અભ્યાસમાં મારું મન લાગતું નથી. હવે મારી મજાક કરનાર ઘરમાં કોઈ રહ્યું નહિ. હું પણ તમને કેટલો બધો હેરાન કરતો હતો ! છતાં તમને મારા વિના અને મને તમારા વિના ઘરમાં ગમતું ન હતું. તમારી યાદ કદી કોઈથી ભૂલી શકાય તેમ નથી.

મોટી બહેન ! તમે એક વાર અહીં આવીને બધાંને મળી લેશો તો અમને સૌને ખૂબ મોટું આશ્વાસન મળશે. તમે અને જીજાજી ક્યારે આવો છો ?

પૂજ્ય જીજાજીને મારા પ્રણામ.

લિ.
તમારો નાનો ભાઈ
.........................

## पत्र लेखन

### ‘जीवन-रक्षा के लिए पानी की सुरक्षा’ विषय पर मित्र के नाम पत्र लिखो ।

પત્ર લખનારનું નામ,
સરનામું અને તારીખ
લખવી.

प्रिय मित्र ......................
सप्रेम नमस्ते ।

कल तुम्हारा पत्र मिला । तुमने अपने यहाँ पानी की कमी के बारे में लिखा है । वास्तव में पानी की कमी आज एक आम समस्या बन गई है । गरमी के दिनों में इस समस्या के कारण सब जगह हाहाकार मच जाता है ।

सब जानते हैं कि जल ही जीवन है । हमारे जीवन की रक्षा के लिए हमें शुद्ध जल मिलना जरूरी है । दुःख की बात यह है कि हमारे यहाँ लोग जागरूक नहीं है । वे सावधानी से पानी का उपयोग नहीं करते । पानी मिलने पर वे उसका दुरूपयोग करने लगते हैं । पानी को साफ-शुद्ध रखने पर ध्यान ही नहीं दिया जाता । कारखानों से निकले गंदे, जहरीले रसायन कुओं, झीलों, नदियों के पानी को दूषित करते हैं । दूषित पानी से बिमारीयाँ फैलती है । इस-लिए लोगों को समझना चाहिए की जीवन की रक्षा के लिए पानी की सुरक्षा बहुत जरूरी है ।

अब तो छुट्टियाँ हो गई हैं । हो सके तो कुछ दिन के लिए तुम यहाँ आ जाओ । बहुत मजा आएगा ।

परिवार में सबसे यथायोग्य कहना ।

तुम्हारा मित्र,
.........................

## श्रम की महिमा

श्रम का अर्थ है - मेहनत । लगन और मेहनत से अपना काम करना ही श्रम है । चाचा नेहरू ने हमें ‘आराम हराम है’ का नारा दिया था । सचमुच, जीवन में श्रम ही सबकुछ है ।

सारी दुनिया श्रम से ही चलती है । किसान के श्रम से दुनिया को रोटी मिलती है । माली के श्रम से बगीचे में फूल खिलते हैं । मजदूरों के श्रम से कारखाने चलते हैं । धोबी का श्रम हमारे कपड़ों को स्वच्छ करता है ।

सभी प्राणी श्रम द्वारा ही अपना पेट भरते हैं । सिंह, बाघ आदि हिंसक पशुओं को शिकार करना पड़ता है । पक्षी भी दिनभर दाने की खोज में रहते हैं । चींटी श्रम कर कण-कण इकट्ठा करती है । मधुमक्खियों के श्रम से ही मीठा शहद बनता है । श्रम करनेवाले विद्यार्थी अच्छी सफलता पाते हैं । निरंतर श्रम करने वाले वैज्ञानिक ही बड़े-बड़े आविष्कार कर सकते है ।

इस तरह श्रम ही जीवन का आधार है । हमें श्रम से कभी दूर नहीं भागना चाहिए ।

## विज्ञान से लाभ और हानि

यह विज्ञान का युग है । विज्ञान ने हमें तरह-तरह की सुविधाएँ दी हैं । इनके कारण हमारे जीवन में आश्चर्यजनक परिवर्तन आया है ।

विज्ञान के कारण आज यातायात के अनेक साधन हो गए है । सड़कों पर साइकिलें, मोटरें, स्कूटर और बसें दौड़ रही हैं । रेलगाड़ी से हजारों यात्री एकसाथ यात्रा कर रहे हैं । हवाई-जहाज आकाशमार्ग से पलक झपकते ही बहुत दूर पहुँचा देता है ।

बिजली के आविष्कार ने दुनिया में क्रान्ति कर दी है । टयूबलाइट, फ्रीज, पंखा, धुलाई मशीन, आटा पीसने की चक्की आदि उपकरणों ने कठिन कामों को आसान बना दिया है । रेडियो, सिनेमा, दूरदर्शन, कम्प्यूटर आदि साधनों ने ज्ञान और मनोरंजन के नए द्वार खोल दिए हैं । आज दवा की दुकान में हर बीमारी की दवा मिल जाती है ।

विज्ञान ने तरह-तरह के खतरनाक हथियार बनाए हैं । एक बम फेंककर एक साथ लाखों लोगों की जान ली जा सकती है ।

इस प्रकार आज विज्ञान का बोलबाला है ।

## कहानी

**दीपू नामक लड़का - स्कूल जाना - रास्ते में रेल की पटरी उखड़ी हुई देखना - रेलगाड़ी को आती हुई देखना - दीपू का लाल कमीज हिलाना - ड्राइवर का रेलगाड़ी रोक देना - दुर्घटना टलना - सरकार द्वारा इनाम - सीख ।**

### दीपू की सूझ-बूझ

दीपू नाम का एक लड़का था । एक दिन वह स्कूल जा रहा था । रास्ते में उसे रेल की पटरियों को पार करना पड़ता था ।

एक दिन दीपू ने देखा कि रेल की पटरी एक जगह से उखड़ी हुई है । दीपू ने सोचा कि इससे तो बड़ी दुर्घटना हो सकती है ।

उसी समय एक रेलगाड़ी दूर से आ रही थी । दीपू ने उसे देखा । संयोग से उस दिन दीपू ने लाल कमीज पहनी हुई थी । उसने फौरन अपनी कमीज उतारी । उसे वह लाल झंडी की तरह हिलाने लगा । ड्राइवर ने लाल झंडी देखकर रेलगाड़ी रोक दी ।

दीपू की सूझ-बूझ से एक बड़ी रेल-दुर्घटना टल गई । सरकार ने दीपू का सम्मान किया और उसे इनाम भी दीया ।

**सीख** : संकट में हमें बुद्धि से काम लेना चाहिए ।

## पत्र लेखन

### जन्मदिन पर मित्र को बधाई-पत्र लिखिए ।

પત્ર લખનારનું નામ,
સરનામું અને તારીખ
લખવી.

प्रिय मित्र ...................,
नमस्ते ।

जन्मदिन की दावत में शामिल होने का तुम्हारा निमंत्रण-पत्र मिला । मुझे इस बात से बहुत प्रसन्नता हुई ।

मेरी ओर से इस खुशी के अवसर पर हार्दिक बधाई स्वीकार करो । मेरी भगवान से प्रार्थना है कि तुम हमेशा स्वस्थ रहो और तुम्हारी उम्र बहुत लंबी हो ।

तुम जानते ही हो कि मेरी घटक परीक्षा नजदीक आ गई है । मैं तैयारी में लगा हुआ हूँ । मुझे खेद है कि मैं तुम्हारे जन्मदिन की पार्टी में शामिल नहीं हो सकूँगा । मुझे क्षमा करना । मैं इस शुभ दिन पर अपने भाई के हाथों तुम्हारे लिए एक छोटी-सी भेट भेज रहा हूँ । इसे स्वीकार करना ।

पूज्य पिताजी और माताजी को मेरा प्रणाम । पार्टी में आए हुए सभी मित्रों को मेरी ओर से 'जयहिन्द' कहना ।

तुम्हारा प्रिय मित्र,
..........................

## लौहपुरूष सरदार वल्लभभाई पटेल

सरदार पटेल का पूरा नाम वल्लभभाई झवेरभाई पटेल था । उनका जन्म 31 अक्टूबर, 1875 को गुजरात के करमसद गाँव में हुआ था । उनकी प्रारंभिक शिक्षा नडियाद शहर में हुई थी । फिर वे इंगलैंड जाकर बैरिस्टर बने ।

भारत लौटकर सरदार पटेल ने वकालत शुरू की । उन दिनों गांधीजी अहमदाबाद में रहते थे । सरदार पटेल गांधीजी के संपर्क में आए । उन पर गांधीजी का बहुत प्रभाव पड़ा । वे वकालत छोड़कर स्वाधीनता-आंदोलन में गांधीजी के साथ हो गए । आजादी के आंदोलन में वे कई बार जेल भी गए ।

सरदार पटेल आजादी के कई आंदोलनों में अग्रेसर रहे । उनके नेतृत्व में 'बारडोली' सत्याग्रह सफल हुआ । तभी से वे 'सरदार' नाम से प्रसिद्ध हुए ।

सरदार पटेल स्वतंत्र भारत के पहले गृहमंत्री और उपप्रधानमंत्री बने । आजादी के बाद देश की 600 देशी रियासतों को उन्होंने भारत गणराज्य में शामिल करने का महान कार्य किया ।

सचमुच, सरदार पटेल एक निडर देश-भक्त थे । अपने महान कार्यों से वे भारत के नेताओं में 'लौहपुरूष' के नाम से प्रसिद्ध हुए । 15 दिसम्बर, 1950 में उनकी मृत्यु हुई ।

## कहानी

**एक लोमड़ी - भूखी - खोज - दूर-दूर भटकना - अंगूर के गुच्छे - खुश होना - उछल-कूद करना - निष्फलता - ''अंगूर खट्टे हैं'' - सीख ।**

### खट्टे अंगूर

एक जंगल में एक लोमड़ी रहती थी । एक दिन उसे बहुत भूख लगी । वह दूर-दूर तक गई, परंतु उसे कहीं कुछ भी खाने को न मिला ।

चलते-चलते लोमड़ी को अंगूरों की बाड़ी दिखाई दी । बाड़ी में पके-पके अंगूरों के गुच्छे थे । अंगूरों के गुच्छे को देखकर लोमड़ी के मुँह में पानी आ गया । वह बाड़ी में घुस गई और कूद-कूदकर अंगूर पाने की कोशिश करने लगी । लेकिन अंगूर बहुत ऊँचाई पर थे ।

लोमड़ी ने कई बार छलाँगे लगाईं किन्तु वह वहाँ तक नहीं पहुँच सकी । बार-बार कूदने पर वह थककर चूर हो गई । उसे अंगूर नहीं मिले तो जाते-जाते उसने कहा, ''ये अंगूर तो खट्टे हैं । मुझे नहीं चाहिए ।''

**सीख :** अपनी असफलता का दोष दूसरों को नहीं देना चाहिए ।

## मेरा प्रिय शिक्षक

श्री सुरेश पाठक मेरे प्रिय शिक्षक हैं । आप मेरी पाठशाला के लोकप्रिय शिक्षक हैं । आप धोती, कुरता और टोपी पहनते हैं ।

पाठकजी हिन्दी और अंग्रेजी पढ़ाते हैं । उनके पढ़ाने का ढंग बहुत अच्छा है । सभी विद्यार्थी उनके पीरियड का इन्तजार करते हैं । वे समय के बहुत ही पाबंद हैं । उनको अनुशासन प्रिय है । छात्रों से भी वे बड़े प्यार से अनुशासन का पालन करवाते है । शरारती बच्चों को वे बड़े प्रेम से समझाते हैं ।

पाठकजी सरल स्वभाव के हैं । पाठशाला के सभी छात्र और शिक्षक उनका आदर करते हैं । वे जब कक्षा में आते हैं, तब छात्र खड़े होकर उनको प्रणाम करते हैं ।

कक्षा के हर विद्यार्थी की पढ़ाई पर पाठकजी ध्यान देते हैं । पढाई में कमजोर छात्रों को वे पाठशाला छूटने के बाद अलग-से पढ़ाते हैं ।

सचमुच, पाठकजी एक आदर्श शिक्षक हैं । मैं उनका बहुत आदर करता हूँ ।

## फूल की आत्मकथा

मैं एक फूल हूँ। मेरा नाम गुलाब है सभी लोग मुझसे प्रेम करते हैं। दूसरे फूल मेरी सुंदरता को देख मुझसे इर्ष्या करते हैं। मैं पृथ्वी पर ईश्वर की सबसे सुंदर देन हूँ। सभी लोग मुझे पाने की इच्छा रखते हैं। मैं जिसके भी घर जाता हूँ उसके घर की शोभा बढ़ाता हूँ। नेताओं के कपड़ो पर विराजमान होकर चार चाँद लगाता हूँ। जन्म से लेकर मृत्यु तक सभी अवसरों पर मेरा उपयोग किया जाता है।

मेरा जन्म एक सेठ के घर नन्ही कली के रूप में हुआ। एक दिन जब उषा की किरण मुझ पर पड़ी तब मैं पत्तीयों का पर्दा हटाकर बाहर आया। मेरा सौन्दर्य देखकर सभी के चेहरों पर खुशी की लहर दौड़ पड़ी। घर में उत्सव जैसा माहौल बन गया। मेरे रंग-रूप की चर्चा सभी जगह होने लगी। धीरे-धीरे मेरा यौवन निखरता गया। एक नन्ही लड़की मुझे तोड़कर अपने घर ले आई। एक अच्छे से फूलदान में उसने मुझे रखा। दूसरे दिन उसकी माँ ने मुझे कचरे में फेंक दिया।

दिन-ब-दिन मेरा यौवन मुरझाता गया। आते-जाते लोग मुझ पर पैर रखते। अब मेरी तरफ कोई देखता भी नहीं है। अब मैं एक ही जगह पर पड़ा हूँ। प्रकृति का नियम है कि जो एक दिन धरती पर आया है, वह एक दिन यहाँ से जायेगा भी। अब मुझे भी इसी दिन का इंतजार है।

## परिश्रम का फल

**एक बूढ़ा किसान - तीन आलसी लड़के - किसान का लड़कों को बुलाना - ''अपने खेत में एक खजाना गड़ा हुआ है ।'' - किसान की मृत्यु - लड़कों का सारा खेत खोद डालना - खजाना न मिलना - वर्षा - बीज बोना - अच्छी फसल - लड़कों को हर साल खजाना मिलना - सीख ।**

एक गाँव था। उसमें हरिराम नामक एक बूढ़ा किसान रहता था। उसके तीन लड़के थे। वे बड़े आलसी थे और कुछ भी काम नहीं करते थे। किसान को उनके लिए बहुत चिंता होती थी।

एक बार किसान बहुत बीमार पड़ा। उसने तीनों लड़कों को अपने पास बुलाया। उसने लड़कों से कहा, ''हमारे खेत में एक खजाना गड़ा हुआ है। मेरी मौत के बाद तुम खेत खोदकर उसे निकाल लेना।'' थोड़े ही दिनों में किसान की मृत्यु हो गई।

तीनों लड़कों ने लालच में आकर सारा खेत खोद डाला। लेकिन उसमें से कुछ भी न निकला। कुछ दिनों बाद वर्षा शुरू हुई। तीनों लड़कों ने खेत में बीज बोये। उस वर्ष खूब अच्छी फसल हुई। अब तीनों लड़के प्रतिवर्ष मिलकर खेती करने लगे। हर साल उन्हें फसल के रूप में खजाना मिलता रहा।

अब वे अपने पिता की बात समझ पाए।

**सीखः** परिश्रम सबसे बड़ा खजाना है।

## पत्थर हटाने का इनाम

**एक गाँव – गाँव के बाहर रास्ते में एक पत्थर – लोगों को उससे चोट लगना – किसी का उसे न हटाना – भला-बुरा कहते आगे बढ़ना – एक किसान का आना – पत्थर हटाकर दूर रखना – पत्थर के नीचे रूपयों की थैली मिलना – चिट्ठी – 'पत्थर हटाने का इनाम' – परिणाम – बोध।**

हरिपुर नामक एक छोटा-सा गाँव था। गाँव के बाहर एक रस्ता था। रास्ते के बीच में एक बड़ा-सा पत्थर पड़ा हुआ था। रास्ते से कई लोग गुजरते थे। उनमें से कई लोगों को उस पत्थर की ठोकर लगी। ठोकर लगने से कई नीचे गिरे और कइयों को चोट आई। पर उनमें से किसी ने भी पत्थर रास्ते से उठाकर एक तरफ नहीं रखा। गाँव के ये आलसी लोग पत्थर रखनेवाले को बुरा-भला कहकर आगे बढ़ जाते थे।

एक दिन उस रास्ते से एक गरीब किसान गुजरा। उसको भी पत्थर की ठोकर लगने ही वाली थी, परंतु वह बच गया। उसने सोचा कि रोज न जाने कितने लोगों को इसकी ठोकर लगती होगी? इसे रास्ते से हटा देना चाहिए। फिर उसने जोर लगाकर पत्थर हटाया और रास्ते के किनारे रख दिया। पत्थर के नीचे एक छोटा-सा गट्ढा था। उसमें एक थैली रखी हुई थी। किसान ने वह थैली उठा ली। उसमें एक चिट्ठी और कुछ रूपये थे। चिट्ठी में लिखा था – 'पत्थर हटाने का इनाम।'

जब गाँव के लोगों को इस बात का पता चला तो उन्हें अपने आलस्य पर खूब पछतावा हुआ और शर्म भी आई।

**सीखः** परिश्रम और परोपकार का फल अच्छा ही होता है।

## पत्रलेखन

**सी–8, सुख–शांति एपार्टमेन्ट, वेजलपुर, अहमदाबाद से शिशिर गांधी पालनपुर में रहेनवाले अपने मित्र शशांक शेठ को व्यायाम का महत्त्व बताते हुए पत्र लिखता है ।**

પત્ર લખનારનું નામ,
સરનામું અને તારીખ
લખવી.

प्रिय मित्र ....................,

सप्रेम नमस्ते ।

दीदी के पत्र से तुम्हारी बीमारी का समाचार मिला । तुम बार–बार इस प्रकार बीमार पड़ जाते हो, इसका क्या कारण है ? तुम्हारी माताजी और तुम्हारे पिताजी भी बहुत चिंतित होंगे ।

तुम्हारा शरीर कमजोर हो गया है, इसलिए तुम बार–बार बीमार पड़ जाते हो । तुम नियमित व्यायाम नहीं करते । खेल–कूद से तुम हमेशा दूर भागते हो ! सिर्फ अच्छा भोजन करने से ही अच्छी सेहत नहीं बन जाती । उचित और पर्याप्त व्यायाम भी करना चाहिए । व्यायाम से भोजन का पाचन ठीक से होता है । शरीर मजबूत बनता है । कभी आलस्य नहीं आता । मन में उत्साह बना रहता है । स्वस्थ शरीर और स्वस्थ मन ही सारी सफलताओं का आधार है । व्यायाम सुखी और सफल जीवन की कुंजी है ।

तुम्हें प्रतिदिन सुबह या शाम घूमने जाना चाहिए । रोज सुबह दंडबैठक और कुछ आसन करने चाहिए । खेलों से भी अच्छा व्यायाम हो जाता है ।

मुझे विश्वास है कि मेरी बात मानकर तुम व्यायाम शुरू कर दोगे ।

छोटी मनीषा को खूब दुलार ।

तुम्हारा मित्र,

...............................

# पत्रलेखन

**परिश्रम, 52, नेहरू मार्ग, नाशिक से तिमिर देसाई, भावनगर में रहनेवाले अपने मित्र अनिल शाह को दीपावली की छुट्टियों में अजंता चलने के लिए आमंत्रित करता है ।**

પત્ર લખનારનું નામ,
સરનામું અને તારીખ
લખવી.

प्रिय ......................,

सप्रेम नमस्ते ।

कई दिनों से तुम्हारे पत्र का इंतजार कर रहा हूँ। कल ही अर्धवार्षिक परीक्षा का बोझ सिर से उतरा है। आशा है, तुम्हारी परीक्षाएँ भी समाप्त हो चुकी होगी।

कुछ दिनों के बाद दीपावली की छुट्टीयाँ प्रारंभ होगी। मैंने कुछ मित्रों के साथ अजंता के पर्यटन का कार्यक्रम बनाया है । तुमने भी अजंता की कला के बारे में अवश्य सुना होगा । यहाँ के चित्र, मूतियाँ और वास्तुकला जगप्रसिद्ध है । अजंता मुंबई से नजदीक है । कुछ ही घंटो में बस द्वारा हम वहाँ आसानी से पहुँच सकते हैं।

मेरी हार्दिक इच्छा है कि तुम भी इस पर्यटन में हमारे साथ चलो। दीपावली की छुट्टियाँ भी तुम यहीं बिताओ।

जीवन में ऐसे मौंके बार-बार नहीं आते । मेरा विश्वास है कि तुम इन्कार नहीं करोगे । पत्रोत्तर वापसी डाक से लिखना। सब कुशल है।

अपने परिवार में सबसे मेरा यथायोग्य नमस्कार और आशीर्वाद ।

तुम्हारा मित्र,

...........................

# ધોરણ – ૬ અંગ્રેજી નિબંધમાળા

- Write a short report on the celebration of the Independence Day in your school.
- Write about eight to ten sentences on 'My Favourite Teacher'.
- Write a letter to your friend inviting him/her to celebrate Diwali with you.
- Write a letter to your class teacher, asking for leave as you are not well.
- Write a letter to your friend telling him about the importance of good health.
- Write about eight to ten sentences on 'My Hobby'.
- What would you like to become ? Write about your future plan in about eight to ten sentences.

  **તમે મોટા થઈને શું થવા ઈચ્છો છો ? તમારા ભવિષ્યની યોજના વિશે આઠથી દસ વાક્યો લખો.**

## પત્રલેખન

**તમારી નાની બહેનને તેની શાળાની ગીતસ્પર્ધામાં પ્રથમ સ્થાન મળ્યું છે. તેને અભિનંદન આપતો પત્ર લખો.**

પત્ર લખનારનું નામ,
સરનામું અને તારીખ
લખવી.

વહાલી બહેન ................,

તારો પત્ર મળ્યો. તને તારી શાળાની ગીતસ્પર્ધામાં પ્રથમ સ્થાન મળ્યું, એ જાણીને મને ઘણો જ આનંદ થયો છે. હું તને તે માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

તને ગાવાનો શોખ છે. એટલે જ પપ્પા તને સંગીતની તાલીમ અપાવી રહ્યા છે. તારી શાળામાં પ્રાર્થનાની ટુકડીમાં પણ તું કાયમ હોય જ છે. તારો કંઠ મધુર છે. મને ખાતરી છે કે તું સંગીતના ક્ષેત્રમાં ઘણી સારી પ્રગતિ કરી શકીશ.

મને તારા મધુર કંઠે ગવાતાં ગીતો સાંભળવાની ઘણી ઈચ્છા થાય છે. હું ઘેર આવું ત્યારે તારાં ગીતો મને ગાઈ સંભળાવીશને? હું તને સારાં ગીતોની એક કસેટ મોકલી રહ્યો છું. મને વિશ્વાસ છે કે એ તને પસંદ પડશે.

સંગીત ક્ષેત્રે વધુ પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવું છું.
મમ્મી–પપ્પાને મારાં પ્રણામ.

તારા ભાઈ
.............. ના શુભાશિષ

## ગ્રામજીવન

ગ્રામજીવન એટલે ગામડાનું જીવન–સાદો ખોરાક, સાદો પોશાક અને સાદી ભાષા.

ગામડામાં ખેડૂતો ઉપરાંત બ્રાહ્મણ, સુથાર, લુહાર, દરજી, કુંભાર વગેરે લોકો પણ રહે છે. ખેડૂતો ખેતી કરે. કારીગરો ઉપયોગી વસ્તુઓ બનાવે. પરોઢિયે સૂરજનો છડીદાર કૂકડો બાંગ પોકારે. સૌ લોકો જાગી જાય અને પોતપોતાના કામે લાગી જાય. ઘમ્મર વલોણાં અને ઘંટીના નાદ સંભળાય. ખેડૂતો બળદને લઈને ખેતરે જાય અને ખેતીકામમાં લાગી જાય. મંદિરોમાં આરતી થાય. તેનો મધુર ઘંટારવ વાતાવરણને પવિત્ર બનાવી દે.

ગામમાં પંચાયત ઘર, પોસ્ટઆફિસ, દૂધની ડેરી, મંદિર, શાળા, આરોગ્ય કેન્દ્ર વગેરે હોય છે. લોકો પશુપાલન કરી તેમજ ડેરીમાં દૂધ ભરી કમાણી કરે છે.

ગામની ચારે બાજુ ખેતરો હોય છે. તેમાં બારેમાસ હરિયાળી જોવા મળે છે. ગામડામાં ચોખ્ખાં ઘી –દૂધ મળે. ત્યાંની હવા શુદ્ધ હોય. ત્યાં પ્રદૂષણ હોતું નથી.

## વાર્તાલેખન

ચાર ચોર – ચોરી કરવા જવું – પુષ્કળ માલ મળવો – જંગલમાં નાસી જવું – બે ચોરનું મીઠાઈ ખરીદવા નગરમાં જવું – મીઠાઈમાં ઝેર ભેળવવું – બીજા બે ચોરોની મીઠાઈ યુક્તિ – મીઠાઈની ખરીદી કરીને આવેલા બે ચોરોને કૂવામાં ધકેલી દેવા – મીઠાઈ ખાવી – ઝેર ચડવું – બોધ.

## ખાડો ખોદે તે પડે

ચાર ચોર હતા. એક દિવસ તેમણે નગરશેઠની હવેલીમાં ચોરી કરીને ખૂબ ધન મેળવ્યું. તેઓ ચોરીનો બધો માલ લઈને જંગલમાં ગયા. આજે તેઓને સોનાચાંદીના ઘણા દાગીના તેમજ સારા પ્રમાણમાં રોકડ રકમ પણ મળી હતી. તેથી તેઓ ઘણા ખુશ હતા.

ચારે ચોરને ખૂબ ભૂખ લાગી હતી. આથી બે ચોરો પાસેના નગરમાં મીઠાઈ ખરીદવા માટે ગયા અને બે ચોરો ચોરીના માલનું ધ્યાન રાખવા માટે જંગલમાં રોકાયા.

મીઠાઈ લેવા જનાર ચોરોના મનમાં એક દુષ્ટ વિચાર આવ્યો. તેમણે વિચાર્યું કે જો મીઠાઈમાં ઝેર ભેળવવામાં આવે તો જંગલમાં રહેલા બે ચોર મીઠાઈ ખાઈને મરી જાય અને પોતાને ભાગે વધુ માલ આવે.

આથી એમણે મીઠાઈ ખરીદીને તેમાં ઝેર ભેળવી દીધું.

ચોરીના માલની ચોકી કરી રહેલા બે ચોરોના મનમાં પણ એવો જ દુષ્ટ વિચાર આવ્યો હતો. તેમણે વિચાર્યું કે જો મીઠાઈ લઈને આવનાર ચોરોને મારી નાખવામાં આવે તો પોતાને ભાગે વધુ માલ આવશે.

બે ચોરો મીઠાઈ લઈને પાછા આવ્યા. પછી ચારે ચોર હાથપગ ધોવા પાસેના કૂવા પર ગયા. લાગ જોઈને જંગલમાં રહેલા બે ચોરોએ મીઠાઈ લાવનારા બે ચોરોને ધક્કો મારીને કૂવામાં ધકેલી દીધા. પછી ઉપરથી મોટા પથ્થરો ફેંકીને તેઓને મારી નાંખ્યા.

હવે બાકીના બંને ચોર મનમાં ખુશ થતા થતા મીઠાઈ ખાવા બેઠા. પરંતુ મીઠાઈ ખાધા પછી થોડી વારમાં ઝેરની અસર થતાં આ બંને ચોરો પણ મરી ગયા.

આ વાર્તા આપણને એવો બોધ આપે છે કે જે ખાડો ખોદે તે પડે અને બુરા કર્મનું ફળ હંમેશાં બૂરું જ હોય છે.

## ઉત્તરાયણ

'ઊડે ઊડે છે મારો પતંગ, ઊંચે ઊંચે પેલા વાદળની સંગ.'

દર વર્ષે 14 જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિનો તહેવાર ઊજવવામાં આવે છે. તે આબાલવૃદ્ધ સૌનો પ્રિય તહેવાર છે.

આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે. તેથી એને 'મકરસંક્રાંતિ' કહે છે. આ દિવસથી સૂર્ય ઉત્તર તરફ પ્રયાણ કરતો હોવાથી તેને 'ઉત્તરાયણ' પણ કહે છે.

દિવાળી પછી તરત જ ઉત્તરાયણની તૈયારીઓ શરૂ થઈ જાય છે. પતંગ બનાવવાની અને દોરી રંગવાની પ્રવૃત્તિથી શહેરો ધમધમી ઊઠે છે. મકરસંક્રાંતિની આગલી રાતે બજારમાં ઘણી ભીડ જોવા મળે છે. સૌ યુદ્ધની તૈયારી કરતાં હોય તેમ પતંગોને કિન્ના બાંધવા લાગી જાય છે.

મકરસંક્રાંતિના દિવસે વહેલી સવારથી જ આકાશમાં પતંગયુદ્ધ શરૂ થઈ જાય છે. આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે. ઠેરઠેરથી 'કાટા...' 'કાટા...' 'લપેટ...' 'લપેટ...'ની બૂમો સંભળાય છે. સ્પીકરોનો ઘોંઘાટ વાતાવરણને ગાજવી મૂકે છે. પતંગરસિયાઓ પતંગ ચગાવવાનો પૂરેપૂરો આનંદ માણે છે.

આ તહેવારોનું ધાર્મિક મહત્ત્વ પણ છે. આ દિવસે ગાયોને બાજરીની ઘૂઘરી અને ઘાસ નીરવામાં આવે છે. લોકો તલના લાડુમાં સિક્કા પૂરી તે લાડુ દાનમાં આપે છે. તે ગુપ્તદાનનો મહિમા દર્શાવે છે. આ દિવસે લોકો શેરડી, બોર અને તલસાંકળી ખાય છે.

કેટલાક લોકોને પતંગ ચગાવવા કરતાં પતંગ લૂંટવામાં ઘણો રસ પડે છે. કેટલાક લોકો પતંગ પકડવા જતાં ધાબા પરથી નીચે પડી જાય છે કે રસ્તા પર વાહનો સાથે અથડાય છે.

કેટલાક લોકો રાતે ટુક્કલ ચગાવે છે અને બીજા દિવસે વાંસી ઉત્તરાયણ મનાવે છે.

આમ, મકરસંક્રાંતિ સૌને આનંદ આપનારો તહેવાર છે.

## વિચાર વિસ્તાર

**જલાવી જાતને ધૂપ, સુવાસિત બધું કરે;**
**ઘસીને જાતને સંતો, અન્યને સુખિયાં કરે.**

આ પંક્તિઓમાં કવિ આપણને કહે છે કે સંતો ધૂપસળી જેવા હોય છે. ધૂપસળી જાતે બળે છે પણ બીજાંને સુગંધ આપે છે. સંતો પણ પોતે દુઃખ સહન કરીને બીજાંને સુખી કરે છે.

સંતોનું જીવન આદર્શ હોય છે. તેઓ બીજાં માટે જ જીવે છે. તેમણે સેવાધર્મ સ્વીકારેલો છે. તેઓ નિઃસ્વાર્થ ભાવે લોકોની સેવા કરે છે. તેઓમાં પોતાના ભોગે બીજાંને સુખી કરવાની ભાવના હોય છે. ગાંધીજી, રવિશંકર મહારાજ, ઠક્કરબાપા વગેરે એનાં ઉત્તમ ઉદાહરણો છે.

આપણે કદી સ્વાર્થી ન બનીએ. આપણે બીજાં માટે જીવતાં શીખીએ.

## પત્રલેખન

### તમારી શાળામાં ઉજવાયેલા રમતોત્સવનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

પત્ર લખનારનું નામ,
સરનામું અને તારીખ
લખવી.

પ્રિય મિત્ર ................ ,

તારો પત્ર મળ્યો. તારી શાળાના વાર્ષિકોત્સવનું વર્ણન વાંચી આનંદ થયો. આ પત્રમાં હું અમારી શાળાના રમતોત્સવનું વર્ણન કરું છું.

બીજી ફેબ્રુઆરીના દિવસે અમે સૌ શાળાના મેદાન પર સવારે સાત વાગે ગોઠવાઈ ગયાં. પ્રાર્થના પછી મુખ્ય મહેમાનનું સ્વાગત કરવામાં આવ્યું. પછી ધ્વજવંદન કરવામાં આવ્યું. ત્યારબાદ મુખ્ય મહેમાને રમતોત્સવનું મહત્ત્વ સમજાવ્યું અને સૌને ઉત્સાહપૂર્વક તેમાં ભાગ લેવા જણાવ્યું.

રમતોત્સવ શરૂ થયો. અમે કબડ્ડી, ખો–ખો, લંગડી, વાલીબાલ જેવી સાંઘિક રમતો રમ્યાં અને ઊંચો કૂદકો, લાંબો કૂદકો, દોડ, ગોળાફેંક જેવી વ્યકિતગત રમતો પણ રમ્યાં. કાર્યક્રમ વખતે શાળામાં અનેરા ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું. અમારો વર્ગ કબડ્ડીમાં પ્રથમ સ્થાને આવ્યો. મને ગોળાફેંકમાં પ્રથમ સ્થાન મળ્યું.

વિજેતાઓને ઈનામો અને સર્ટિફિકેટ આપવામાં આવ્યાં હતાં.

તારાં માતા–પિતાને મારાં પ્રણામ.

તારો પ્રિય મિત્ર

............................

## માનવી અને પશુની મૈત્રી

[ 1. પ્રાસ્તાવિક 2. પશુઓની ઉપયોગિતા અને લાગણી 3. પશુઓ સાથેનો દુર્વ્યવહાર 4. ઉપસંહાર ]

પશુઓ માનવીને અનેક રીતે ઉપયોગી હોવાથી માનવી અને પશુ વચ્ચે લાગણીનો સેતુ રચાયો છે. અબોલાં પશુઓ પણ માનવીની લાગણી સમજે છે અને તેનો પ્રતિભાવ પણ આપે છે.

આપણા ખેતીપ્રધાન દેશમાં ગાય, ભેંસ, કૂતરો, બકરી, ઘોડો, ગધેડું વગેરે પશુઓનું ઘણું જ મહત્ત્વ છે. ખેતીકામમાં, ભાર ખેંચવા, દૂધ માટે, ચામડા માટે આપણે પશુઓનો ઉપયોગ કરીએ છીએ. સાચો ખેડૂત પશુઓની વિશેષ કાળજી રાખે છે. ખેતરમાં કામ કર્યા પછી જમતા પહેલાં પશુઓને ઘાસચારો નાખે છે. તેઓને પાણી પાય છે. સાંજે પણ આ જ ક્રમ હોય છે. પશુઓને પણ પોતાના માલિક માટે લાગણી હોય છે. તેઓ જુદી જુદી રીતે પોતાની લાગણી પ્રદર્શિત કરે છે.

કૂતરો વફાદાર પ્રાણી છે. તે ઘરની ચોકી કરે છે. તે સમય થતાં જ રોટલી ખાવા આવી પહોંચે છે. તે ખુશ થઈ તાળી આપે છે. ઘણી વાર તે પૂંછડી પટપટાવીને પોતાની લાગણી બતાવે છે.

વાઘ–સિંહ જેવાં વિકરાળ પ્રાણીઓ પણ મનુષ્યની લાગણી સમજી શકે છે. તેમને પ્રેમ કરનાર, તેમની સાથે મૈત્રી રાખનાર કે તેમની સારવાર કરનારને તેઓ કયારેય મારી નાખતાં નથી. ગુલામ એન્ડ્રુજે જંગલમાં સિંહના પંજામાંથી કાંટો કાઢી આપ્યો અને તેની સારવાર કરી. થોડા વખત પછી તે પકડાઈ ગયો. તેને ભૂખ્યા સિંહના પાંજરામાં ધકેલી દેવાયો. પણ સિંહ પોતાના જીવનદાતાને ઓળખી ગયો. તે પ્રેમથી તેને ચાટવા લાગ્યો. ભૂખ્યો હોવા છતાં તે સિંહે એન્ડ્રુજને મારી નાખ્યો નહિ.

પશુઓ મનુષ્યના મિત્રો છે, પરંતુ કેટલાક લોકો પશુઓ સાથે ક્રૂર વ્યવહાર કરે છે. તેમની પાસે હદ ઉપરાંતનું કામ કરાવે છે. તેઓને પૂરતું ખાવાનું આપતા નથી. હાથીદાંત માટે હાથીઓનો, રુંવાટીવાળા ચામડા માટે સસલાંનો શિકાર થાય છે. પ્રાણીઓ બરાબર કામ ન કરે તો તેઓને લાકડીથી કે ચાબુકથી ફટકારવામાં આવે છે.

આપણે પશુપક્ષીઓ સાથે મૈત્રીભર્યો વ્યવહાર કરીએ. એમને પણ જીવન જીવવાનો અધિકાર છે તે આપણે સમજીએ. આપણે આપણા અંગત સ્વાર્થ માટે તેઓનો દુરુપયોગ ન કરીએ. આપણે પ્રેમનું વિશ્વ રચીએ.

## વાર્તાલેખન

એક જંગલ – જંગલમાં સિંહની બોડ – બોડ પાસે ઉંદરનું દર – એક વખત ઊંઘતા સિંહના શરીર પર ઉંદરનું દોડવું – સિંહના પંજામાં ઉંદરનું પકડાઈ જવું – ઉંદરની વિનંતી – સિંહે ઉંદરને છોડી મૂકવો – થોડા દિવસો પછી સિંહનું શિકારીની જાળમાં ફસાઈ જવું – ઉંદરનું જાળને કાપી નાખવું – સિંહનું જાળમાથી છૂટી જવું – બોધ.

## સિંહ અને ઉંદર

એક મોટું જંગલ હતું. તેમાં એક સિંહ રહેતો હતો. તેની બોડ પાસ ઉંદરનું દર હતું. ઘણી વાર ઉંદર દરમાંથી બહાર આવી બોડની અંદર આંટા મારતો.

એક દિવસની વાત છે. સિંહ બોડમાં સૂતો હતો. ઉંદર દરમાંથી બહાર આવ્યો. તે બોડમાં ગયો. તે સિંહને ઊંઘતો જોઈને તેના શરીર પર દોડાદોડી કરવા લાગ્યો. તેને આમ કરવાની ખૂબ મજા પડી. એવામાં સિંહની આંખો ખૂલી ગઈ. ઉંદરને તેના શરીર પર દોડતો જોઈને સિંહ ગુસ્સાથી લાલચોળ થઈ ગયો. જેવો ઉંદર પગના પંજા પાસે આવ્યો કે સિંહે ઉંદરને પકડી લીધો.

ઉંદર ગભરાઈ ગયો. તેણે સિંહને વિનંતી કરતાં કહ્યું, ''આપ તો જંગલના રાજા છો, દયાળુ છો. મારા પર દયા કરો. મને છોડી મૂકો. હું તમારો ઉપકાર કદી નહિ ભૂલું.''

સિંહને દયા આવી. તેણે ઉંદરને છોડી મૂકયો.

થોડા દિવસો પસાર થઈ ગયા.

એક દિવસ સિંહ બોડની બહાર શિકાર કરવા નીકળ્યો. બહાર નીકળતાં જ શિકારીએ પાથરેલી જાળમાં ફસાઈ ગયો. જાળમાંથી છૂટવા સિંહે ઘણા ધમપછાડા કર્યા પણ તે છૂટી શકયો નહિ. આથી તેણે જોરથી ત્રાડ પાડી. તેની ત્રાડ સાંભળીને ઉંદર દરમાંથી બહાર દોડી આવ્યો. તેણે સિંહને જાળમાં ફસાયેલો જોયો.

ઉંદરે સિંહને કહ્યું, ‘‘વનરાજ, તમે જરાય ગભરાશો નહિ. હું તમને હમણાં જ તમને આ જાળમાંથી છોડાવું છું.’’ એમ કહી ઉંદરે તેના તીણા દાંત વડે જાળ કાપવાનું શરૂ કરી દીધું. થોડી વારમાં જ સિંહ જાળમાંથી છૂટી ગયો. તે ખૂબ રાજી થયો. તેણે ઉંદરનો ખૂબ ખૂબ આભાર માન્યો.

આમ, કોઈ વાર ઉંદર જેવા તુચ્છ પ્રાણીઓ પણ બહુ ઉપયોગી નીવડે છે.

આ વાર્તા પરથી બોધ મળે છે કે આપણે ઉપકારનો બદલો વાળવા હંમેશાં તૈયાર રહેવું જોઈએ.

## વિચાર વિસ્તાર

નમતાથી સૌ કોઈ રીઝે, નમતાને બહુમાન;
સાગરને નદીઓ ભજે, છોડી ઊંચાં સ્થાન.

આ પંકિતઓમાં કવિએ નમ્રતાનો મહિમા દર્શાવ્યો છે. નમ્રતાથી સૌ રીઝે છે. જે નમતો રહે છે તેને બહુમાન મળે છે, જેમ કે નદીઓ ઊંચા સ્થાનેથી નીકળી નીચા સ્થાને રહેલા સાગરને મળે છે, તેથી નદીઓ લોકોનું બહુમાન મેળવે છે. નદીઓ પૂજાય છે.

નમ્રતા એટલે સરળતા. જેનામાં અભિમાન નથી તે સરળ, નમ્ર કહેવાય. તેના વાણી અને વર્તનમાં નમ્રતા હોય છે, તેથી તે સૌને ગમે છે. વિનયી વ્યકિત સાથે વાતચીત કરવાનું સૌને ગમે છે. તેનાં કામ જલદી ઉકલી જાય છે. સૌ એનું બહુમાન કરે છે.

આપણે નમ્ર બનવું જોઈએ. નમે તે સૌને ગમે.

## ગરવી ગુજરાત

‘‘જય જય ગરવી ગુજરાત, દીપે અરુણું પ્રભાત...’’

ઉપરની કાવ્યપંક્તિ ગાતાં જ આપણા હૈયામાં ગુજરાત પ્રત્યેનો પ્રેમ ઉભરાઈ જાય છે.

ગુજરાત ભારતની પશ્ચિમે આવેલું એક સમૃદ્ધ રાજય છે. ગુજરાતની પશ્ચિમે અરબીસમુદ્ર, ઉત્તરે રાજસ્થાન , પૂર્વે મધ્ય પ્રદેશ અને દક્ષિણે મહારાષ્ટ્ર આવેલાં છે. ગુજરાતની ધરતી પર નર્મદા, તાપી, મહી, સાબરમતી જેવી  મોટો મોટી નદીઓ વહે છે. ગુજરાતની સમૃદ્ધિમાં આ નદીઓનો મોટો ફાળો છે. ગિરનાર, પાવાગઢ, ચોટીલા, શેત્રુંજય જેવા પર્વતોથી ગુજરાત રળિયામણું લાગે છે. ગુજરાતમાં સોમનાથ, દ્વારકા, પાલિતાણા, અંબાજી, વડતાલ અને ડાકોર જેવાં પ્રસિદ્ધ યાત્રાધામો આવેલાં છે. અહીં દર વર્ષે લાખો યાત્રાળુઓ દર્શન કરવા આવે છે. ગુજરાતને વિશાળ દરિયાકિનારો મળ્યો છે. તેના કિનારે કંડલા, વેરાવળ, બેડી, માંડવી જેવાં સમૃદ્ધ બંદરો આવેલાં છે. ગુજરાતનાં ઉભરાટ, તીથલ, ડુમ્મસ, સાપુતારા અને ચોરવાડ જેવાં પ્રવાસધામો પ્રવાસીઓને આકર્ષે છે.

ગુજરાતની સંસ્કૃતિના ઘડતરમાં અનેક સંતો, લેખકો અને કવિઓનો ફાળો છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, અખો, દયારામ, નર્મદ, કલાપી, મેઘાણી, કનૈયાલાલ મુનશી, ઉમાશંકર જોશી, ગિજુભાઈ, સુન્દરમ્ વગેરે સંતો અને સાહિત્યકારોએ ગુજરાતી સાહિત્યને ગૌરવ અપાવ્યું તથા તેને સમૃદ્ધ બનાવ્યું છે. ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા મહાપુરુષોએ આપણા દેશને આઝાદી અપાવી છે. ઠક્કરબાપા અને રવિશંકર મહારાજ જેવા સમાજસેવકો ગુજરાતની ભૂમિનાં નરરત્નો છે.

ગુજરાતીઓ ખૂબ જ સાહસિક વેપારીઓ છે. તેઓ પ્રાચીન કાળથી જ ગુજરાતી વેપારીઓ પરદેશ સાથે વેપાર ખેડતા રહ્યા છે.

આઝાદી પછી ગુજરાતે પ્રગતિની હરણફાળ ભરી છે. ખેતીવાડી, શિક્ષણ, વાહનવ્યવહાર, ઉદ્યોગો વગેરે ક્ષેત્રોમાં તેણે ઘણો વિકાસ સાધ્યો છે.

ગુજરાતની પ્રજા વીર, ધીર, જ્ઞાની અને પ્રેમાળ છે.

આવી પવિત્ર અને સમૃદ્ધ ભૂમિનું સંતાન હોવાનો મને ગર્વ છે.

## આપણી રાષ્ટ્રમુદ્રા

સારનાથના અશોકસ્તંભના સૌથી ઉપરના ભાગની આકૃતિને આપણી રાષ્ટ્રમુદ્રા તરીકે પસંદ કરવામાં આવી છે.

સારનાથના અશોકસ્તંભની ટોચે ચાર સિંહોની આકૃતિ છે. એક બાજુએથી જોતાં તેમાં ત્રણ સિંહ જ દેખાય છે. વચ્ચેના સિંહના પગ નીચે ચક્રની આકૃતિ છે. ચક્રની એક બાજુ ઘોડાની આકૃતિ છે. ચક્રની બીજી બાજુ આખલાની આકૃતિ છે. રાષ્ટ્રમુદ્રાની નીચે ‘સત્યમેવ જયતે’ લખેલું છે. એનો અર્થ છે : ‘સત્યનો જ જય થાય છે.’

આપણા દેશના ચલણી સિક્કા, ચલણી નોટો, ટપાલનાં પરબીડિયાં અને ટપાલટિકિટો, સ્ટૅમ્પ પેપર વગેરે પર રાષ્ટ્રમુદ્રાની છાપ અંકિત થયેલી હોય છે. એ આપણા દેશની ઓળખ છે.

રાષ્ટ્રમુદ્રા આપણને સંદેશો આપે છે કે આપણે સિંહ જેવા બહાદુર અને બળવાન બનીએ. ધર્મનું ચક્ર આપણા દેશમાં ચારે તરફ ફરતું રહે, એ આપણો આદર્શ હોવો જોઈએ. સદા સત્યનો જ જય થાય છે, એ ભાવના આપણે હંમેશા કેળવવી જોઈએ.

## વિચાર વિસ્તાર

બેસે છે ભાગ્ય બેઠાનું, ઊભું ઊભા રહેલનું;
સૂતેલાનું દીસે સૂતું, ચાલે ભાગ્ય ચલંતનું.

આ સુભાષિતમાં પુરુષાર્થનો મહિમા દર્શાવ્યો છે. જે બેસી રહે છે તેનું ભાગ્ય પણ બેસી રહે છે. જે ઊભો રહે છે તેનું ભાગ્ય પણ ઊભું રહે છે. જે સૂતો રહે છે તેનું ભાગ્ય પણ સૂતેલું રહે છે. પરંતુ જે ચાલે છે તેનું ભાગ્ય ચાલતું રહે છે.

‘ફરે તે ચરે.’ મેહનત કરનારને જ નસીબ ફળે છે. ભાગ્યના ભરોસે બેસી રહેનારને નિષ્ફળતા અને નિરાશા જ સાંપડે છે.

આપણે હંમેશાં પુરુષાર્થ કરતા રહેવું જોઈએ.

# પત્રલેખન

## તમે અભ્યાસ કેવી રીતે કરો છો તેનું વર્ણન કરતો પત્ર તમારા મોટા ભાઈને લખો

પત્ર લખનારનું નામ,
સરનામું અને તારીખ
લખવી.

પૂજ્ય મોટા ભાઈ,
સાદર પ્રણામ.

તમારો પત્ર મળ્યો. મારી પહેલી કસોટીના પરિણામ અંગે તમે આનંદ પ્રગટ કર્યો છે. વળી હું કેવી રીતે અભ્યાસ કરું છું તે જાણવાની પણ તમે ઇચ્છા દર્શાવી છે. તેથી હું આ પત્રમાં મારા અભ્યાસ વિશે લખી રહ્યો છું.

હું અભ્યાસમાં નિયમિત છું. હું દરરોજ સવારે એક કલાક ગણિતનો મહાવરો કરું છું અને એક કલાક જુદા જુદા વિષયોનું વાંચન કરું છું. દરરોજ સાંજે શાળાનું ગૃહકાર્ય ચોકસાઈપૂર્વક કરું છું. ગૃહકાર્ય પૂરું કર્યા વિના હું કદી સૂઈ જતો નથી.

મારી પાસે દરેક વિષયનાં અને દરેક પરીક્ષાનાં કસોટીપત્રો છે. હું દર ગુરુવારે અને શનિવારે એકેક પ્રશ્નપત્રના ઉત્તરો લખું છું. પિતાજી અને શિક્ષક સાહેબ મારા ઉત્તરો તપાસી આપે છે અને મને જરૂરી માર્ગદર્શન પણ આપે છે.

આ રીતે વાંચન અને લેખનના મહાવરાથી હું પરીક્ષામાં ખૂબ સારી રીતે ઉત્તરો લખી શકીશ, એવો મને વિશ્વાસ છે.

આ બાબતે તમારું કોઈ સૂચન હોય તો તે જરૂર જણાવશો.

ભાભીને મારા પ્રણામ. પ્રિયંકાને મારી યાદ.

લિ.
આપનો નાનો ભાઈ
.........................

## समय का सदुपयोग

**[ समय का महत्त्व – समय का दुरूपयोग – समय का सदुपयोग – समय और महापुरूष – समय-एक दुर्लभ संपत्ति ]**

समय बहुत ही कीमती होता है । एक बार गया हुआ समय फिर वापस नहीं आता । इसलिए समय को व्यर्थ नहीं गँवाना चाहिए । जो लोग समय का सही उपयोग करते हैं, उन्हें ही सफलता मिलती है । समय का सदुपयोग करनेवाले को कभी अफसोस नहीं करना पडता ।

कुछ लोग समय का महत्त्व नहीं समझते । ऐसे लोगों का कोई काम समय पर नहीं होता । वे जागने के समय सोते हैं और सोने के समय जागते हैं ! नींद से जागने के बाद भी घंटों बिस्तर में पड़े रहते हैं । गपशप के बाद इनके पास जो समय बचता है, उसे ये दूसरों की निंदा करने में बरबाद कर देते हैं । फिर किसी काम के लिए उनके पास समय ही नहीं बचता । जो लोग समय की कीमत नहीं जानते, उनकी दुनिया में कोई कीमत नहीं रहती । समय को बरबाद करनेवाला व्यक्ति खुद बरबाद हो जाता है ।

समय का सदुपयोग करने का मतलब है जीवन को सार्थक बनाना । यह तभी संभव हो सकता है, जब हम समय के पाबंद हों । अपने हर काम को निश्चित समय पर करें । हम अध्ययन के समय अध्ययन, व्यायाम के समय व्यायाम और मनोरंजन के समय मनोरंजन करें । समय को बाँट कर समय-पत्रक के अनुसार काम करने से हर काम समय पर और आसानी से हो सकता है । इससे समय की बरबादी नहीं होती । कोई काम बोझ जैसा नहीं लगता । यही इसका सबसे बड़ा फायदा है ।

हमारे महापुरुषों ने समय के सदुपयोग को बहुत महत्त्व दिया है । गांधी, वल्लभभाई, नेहरू, तिलक आदि नेताओं ने हमेशा समय का सदुपयोग किया । समय का सदुपयोग करने से ही ज्ञान, कुशलता, संपत्ति, प्रतिष्ठा आदि की प्राप्ति होती है ।

गया हुआ धन वापस मिल सकता है पर जो समय चला जाता है, वह कभी वापस नहीं आता । धन देकर भी समय को खरीदा नहीं जा सकता । इसलिए समय को 'दुर्लभ संपत्ति' माना गया है । उसका सदुपयोग करने में ही बुद्धिमानी है ।

## छत्रपति शिवाजी महाराज

छत्रपति शिवाजी महाराज हमारे देश के महान योद्धा और वीर पुरूष थे ।

शिवाजी का जन्म सन् 1627 को हुआ था । उनकी माता का नाम जीजाबाई और पिता का नाम शहाजी भोंसले था । उनके गुरू दादाजी कोंडदेव थे ।

शिवाजी बचपन से ही वीर और साहसी थे । उन्हें अन्याय से बड़ी नफरत थी । उस समय हमारे देश पर मुगलों का शासन था । देश के बहुत से हिंदू राजाओं ने उनकी अधीनता स्वीकार कर ली थी । शिवाजी ने उनके अधीन रहना स्वीकार नहीं किया ।

शिवाजी महाराज ने 'हिंदवी स्वराज्य' की स्थापना की । उन्होंने अपना राज्याभिषेक करवाया और 'छत्रपति' की उपाधि धारण की । उन्होंने मुगलों के कई किले जीत लिए । सन् 1680 में उनकी मृत्यु हुई ।

शिवाजी महाराज महान पराक्रमी राजा थे । हम आज भी उनका आदर करते हैं ।

## वसंतऋतु

हमारे देश में छः ऋतुएँ होती हैं । इनमें वसंतऋतु सबसे सुहानी ऋतु है । इसीलिए तो इसे 'ऋतुराज' कहते हैं । चैत और वैशाख के महीनों में वसंतऋतु होती है ।

वसंत के पहले पेड़ों के पत्ते झड जाते हैं । वसंतऋतु में पेड़ों पर नए पत्ते आते हैं । वसंत के आते ही आम की मंजरियों पर भौरे मँडराने लगते हैं । कोयल मीठी आवाज में बोलने लगती है । धरती रंग-बिरंगे फूलों से सज जाती है । वसंत की हवा हमारे अंग-अंग में नई फुर्ती भर देती है । सब तरफ आनंद और उत्साह छा जाता है ।

लोग प्रसन्न होकर वसंतपंचमी का त्योहार मनाते हैं । फिर होली आती है । होली वसंतऋत का अनोखा त्योहार है । उन दिनों लोग एक-दूसरे पर रंग डालते और नाचते-गाते है । सचमुच, वसंतऋतु सौंदर्य की ऋतु है । यह आनंद और बहार की ऋतु है ।

## कबड्डी

कबड्डी भारत का एक लोकप्रिय खेल है । यह अधिकतर लोगों का मनपसंद खेल है । गुजरात और महाराष्ट्र में इसे 'हुतुतुतु' कहते हैं ।

कबड्डी का खेल कहीं भी खेला जा सकता है । थोड़ी-सी जगह मिल गई और कुछ साथी जमा हो गए तो खेल शुरू । इसे खेलने के लिए दो दल बनाए जाते हैं । मैदान में एक रेखा खींच दी जाती है । दोनों दलों के खिलाड़ी रेखा के एक-एक तरफ अपना-अपना पाला बना लेते हैं ।

एम्पायर की सीटी बजते ही खेल शुरू हो जाता है । एक दल का खिलाड़ी 'कबड्डी-कबड्डी' बोलता हुआ दूसरे पाले में जाता है । वह एक साँस में 'कबड्डी-कबड्डी' बोलता हुआ जितने खिलाड़ियों को छूकर बीच की रेखा को छू लेता है, वे सभी खिलाड़ी आउट घोषित किए जाते हैं । यदि दूसरे पालेवाले खिलाड़ी उसे पकड़ लें और रेखा को छूने से पहले ही उसकी साँस टूट जाए, तो वह खुद आउट माना जाता है । एक दल के जितने खिलाड़ी आउट होते हैं, दूसरे दल के उतने ही खिलाड़ी जीवित हो जाते हैं । जीवित खिलाड़ी फिर खेलने लगते हैं । इस तरह खेलते-खेलते जिस दल के सभी खिलाड़ी आउट हो जाते हैं, वह दल हार जाता है ।

कबड्डी के खेल से शरीर का अच्छा व्यायाम हो जाता है । इससे शरीर में चुस्ती और फुर्ती आती है । चौकन्नापन बढ़ाने में यह खेल अपना सानी नहीं रखता ।

सचमुच, कबड्डी एक आदर्श खेल है ।

## पुस्तकें - हमारी मित्र

**मित्र का महत्त्व - मित्र की तरह कार्य करना - पुस्तकों से प्रेम करने के लाभ - पुस्तकों से जीवन-परिवर्तन - अंत**

पुस्तकें हमारी सबसे अच्छी मित्र होती है । जीवन में मित्र का बहुत महत्त्व है । यह सत्य है कि जब हम अकेले होते हैं या किसी समस्या का सामना कर रहे होते हैं, तो पुस्तकें हमारा एक अच्छे दोस्त की तरह साथ देती है । हमारा भला करती है । जिस तरह एक सच्चा मित्र हमें समर्थन और सहायता करते हैं, ठीक उसी तरह पुस्तकें भी हमें समझाती हैं और हमारी मदद करती हैं ।

पुस्तकें हमें ज्ञान देती हैं । वे हमें भले-बुरे का अंतर बताती है । अच्छी किताबें एक अच्छे दोस्त की तरह हमारे दिमाग को अच्छे विचारों और ज्ञान से समृद्ध करती हैं । हम किताबों की संगति में अकेले महसूस नहीं कर सकते । अच्छी पुस्तकें हमारी गुरू बन जाती है । पुस्तकें हमें मुसीबतों से निकलने का रास्ता बताती हैं । वे साबुन की तरह हमारे मन को साफ करती है ।

पुस्तकें एक अच्छी मित्र की तरह हमें जीवन में महान काम करने और हमारी असफलताओं से उबरने के लिए प्रेरित करती है । जब हम उदास होते है तो पुस्तके एक अच्छे मित्र की तरह हमारे साथ होती है और हमें खुश कर देती है । पुस्तकें सही राह दिखाती है । वे हमें सही-गलत का अंतर बताती है । पुस्तकों ने कई लोगों के जीवन को बदल दिया है । पुस्तकों के प्रभाव से अपराधियों ने अपराध करने छोड़ दिए है ।

पुस्तकें हमारे जीवन में बहुत महत्त्व रखती है । वे हमारे साथ हमेशा रहती हैं, हमें सीखाती हैं, और हमें समझाती है । इसलिए पुस्तकें हमारी सच्ची मित्र होती है । हमें पुस्तकों से प्रेम करना चाहिए ।

# पत्रलेखन

**अपने मित्र को अपने 'एक दिवसीय प्रवास' का वर्णन पत्र में लिखकर भेजिए ।**

પત્ર લખનારનું નામ,
સરનામું અને તારીખ
લખવી.

प्रिय मित्र ................ ,

सप्रेम नमस्कार ।

कल ही मुझे तुम्हारा पत्र मिला । तुम्हारी दीदी की सगाई की खबर पढ़कर बहुत खुशी हुई ।

पिछले रविवार को हम सब मित्रों ने एलिफेंटा के एक दिवसीय प्रवास का आयोजन किया था । सुबह नौ बजे हम सब मित्र गेट वे ऑफ इंडिया पहुँच गए। वहाँ एक मोटर में बैठकर हम एलिफेंटा के लिए चल दिए । ठंडी-ठंडी हवा की लहरों ने हमारे तन-मन को पुलकित कर दिया । लगभग एक घंटे की जलयात्रा के बाद हम एलिफेंटा पहुँचे ।

एलिफेंटा का वास्तविक नाम घारापुरी है । हमने वहाँ की प्राचीन गुफाएँ देखीं । कई गुफाओं में बुद्ध की प्रतिमाएँ हैं । एक गुफा में ब्रह्मा, विष्णु और महेश की त्रिमूर्ति है । उसने हम सबका मन मोह लिया । हमने वहाँ के एक होटल में खाना खाया । कुछ समय हमने विश्राम करने और खेलने में बिताया । शाम को पाँच बजे हम मुंबई लौट आए।

हमारा यह एक दिवसीय पर्यटन बहुत ही मजेदार रहा ।

अपने माता-पिता से मेरा प्रणाम कहना । शीला दीदी को बधाई ।

तुम्हारा मित्र,

...................

## A VISIT TO A FAIR

[ Points : When was the fair held? - With whom did you visit the fair? - small stalls, decorated - refreshments stalls - people in colourful clothes - traders - amusements - How did you like the fair ? ]

On the day of Mahashivaratari a fair is held near the temple of Lord Shiva. I visited the fair with my cousins. There were many small stalls selling items like crockery, toys and bangles. The stalls were decorated with colourful ribbons, balloons and lights. A few stalls were playing popular film songs. There were refreshments stalls also. A photographer had his studio in a small stall. People were dressed in new colourful clothes. There was hustle and bustle everywhere. There was trading and merry-making. There were many amusements like the giant-wheel and the merry-go-round and the magic show. A juggler was showing his tricks in a corner. There was a puppet show also. We had some snacks. I enjoyed myself at the fair.

## YOUR DAY

[ Points : get up, have breakfast, go to school, come home, play, do homework, watch TV, have dinner, say prayers, go to bed ]

I get up at 7 o'clock every morning. I have my breakfast at 8 o'clock. I always go to school at 10 o'clock. I come home at 5 o'clock. I always go to play with my Friends. I always do my homework in the evening. Sometimes, I watch TV with my family. I have my dinner. at 8:30 p.m. I do prayer at 10 o'clock. I go to bed at 10:30 p.m.

## RECESS TIME

Our school recess time is full of fun. As soon as the bell rings, all the students run out of their classrooms. We sit under a tree on the playground and eat our snacks. Some children play games like cricket or volleyball. Some children go to the library and read books, magazines or newspapers. A few boys and girls go to the garden and water the plants. Some boys enjoy climbing trees and shouting and singing. The teachers sit in their room and have tea and snacks. There is a lot of noise in the school.

## SUMMER

The summer is the second season of the year. It begins in March and ends in June. It is very hot in summer. May is the hottest month. We keep fans on for the whole day. people have cold drinks and ice-creams. Some people also go to hill-stations. The children have a long summer vacation. Summer is the season of mangoes. It is also the season of oranges and watermelons.

## OUR HELPERS

I met a Postman. His Name was Rajbhai. He wears Khakhi uniform. He has a bag on his shoulder. He always gets up early in the morning. He goes to Post-Office. He collects letter, envelops, money orders etc. From Post-office. Then he departs all the letters and other things area Vise. Then he delivers them.

He has a bicycle. He rides on it and deliver letters and other things from one door to another doors. He always speak smoothly. He always does his work with happiness. He is a hard working. Indeed the postman is our real helper.

## વાર્તાલેખન

એક પ્રવાસી – મોડી રાતે ધર્મશાળાનું બારણું ખખડાવવું – અંદરથી રખેવાળનો જવાબ, ''ચાવી ખોવાઈ ગઈ છે. તમારી પાસે ચાંદીની ચાવી હોય તો દરવાજો ઊઘડે'' – પ્રવાસીએ તડમાંથી ચાંદીનો રૂપિયો સરકાવવો – દરવાજો ઊઘડવો – પ્રવાસીની ચતુરાઈ – રખેવાળને સામાન લેવા બહાર મોકલવો – દરવાજો બંધ કરી દેવો – રખેવાળે દરવાજો ખખડાવવો – પ્રવાસીનો જવાબ : ''ચાવી તમારી પાસે છે. તે આપો તો દરવાજો ઊઘડે'' – રખેવાળનું સમજી જવું – દરવાજો ઊઘડવો – બોધ.

## પ્રવાસીની ચતુરાઈ

શિયાળાની રાત હતી. માનવીઓ અને પશુપંખીઓ મીઠી નીંદર માણી રહ્યાં હતાં. સર્વત્ર નીરવ શાંતિ પથરાયેલી હતી.

કડકડતી ઠંડીમાં એક પ્રવાસી કોઈ ધર્મશાળાની શોધમાં ભટકતો, અથડાતો, કુટાતો એક ધર્મશાળાને બારણે આવીને ઊભો રહ્યો. ધર્મશાળાનો દરવાજો અંદરથી બંધ હતો. પ્રવાસીએ દરવાજો ખખડાવ્યો. રખેવાળ ઝબકીને ઊંઘમાંથી જાગ્યો. તે બોલ્યો; ''તમે કોણ છો ? અત્યારે અડધી રાત્રે કેમ દરવાજો ખખડાવી રહ્યા છો ?''

''ભાઈ, હું અજાણ્યો પ્રવાસી છું. હું ટાઢથી ધ્રૂજી રહ્યો છું. મારે ફક્ત રાતવાસો કરવો છે. કૃપા કરી તમે દરવાજો ખોલો.'' પ્રવાસીએ કહ્યું.

રખેવાળ લોભી હતો. તેણે લુચ્ચાઈપૂર્વક પ્રવાસીને કહ્યું, ''ભાઈ, દરવાજો તો ખોલું, પણ દરવાજાની ચાવી ક્યાંક ખોવાઈ ગઈ છે. જો તમારી પાસે ચાંદીની ચાવી હોય તો એનાથી આ દરવાજો ખોલી શકાય.''

પ્રવાસી રખેવાળની વાત સમજી ગયો. તેણે બારણાની તડમાંથી ચાંદીનો એક રૂપિયો અંદર સરકાવ્યો. રખેવાળે તરત જ દરવાજો ખોલ્યો. પ્રવાસી ધર્મશાળામાં દાખલ થયો.

પ્રવાસી ચતુર હતો. એણે પોતાનો રૂપિયો પાછો મેળવવાની યુક્તિ વિચારી રાખી હતી. ધીરે રહીને તેણે રખેવાળને કહ્યું, ''ભાઈ, બહાર મારો સામાન પડ્યો છે. તે જરા અંદર લઈ આવો ને !'' મફતમાં રૂપિયો મળવાથી રાજી થયેલો રખેવાળ પ્રવાસીનો સામાન લેવા માટે બહાર ગયો. પ્રવાસીએ તરત જ ધર્મશાળાનો દરવાજો બંધ કરી દીધો. રખેવાળ બહાર રહી ગયો.

રખેવાળે દરવાજો ખખડાવ્યો. પ્રવાસીએ હસતાં હસતાં તેને કહ્યું, ''ભાઈ, આ દરવાજાની ચાવી તો તમારી પાસે રહી ગઈ છે. તમે એ ચાવી મને આપો તો જ આ દરવાજો ખૂલે.''

રખેવાળ પ્રવાસીની યુક્તિ સમજી ગયો. તેણે પ્રવાસીનો રૂપિયો બારણાની તડમાંથી અંદર સરકાવ્યો. પ્રવાસીએ રૂપિયો લઈ લીધો અને પછી દરવાજો ઉઘાડ્યો.

પ્રવાસીએ પોતાની ચતુરાઈથી રખેવાળની લુચ્ચાઈને નિષ્ફળ બનાવી.

## શિયાળાની સવાર

**[ (૧) પ્રસ્તાવના (૨) ગામડાનું વાતાવરણ (૩) શહેરનું વાતાવરણ (૪) લાભ (૫) ગેરલાભ (૬) ઉપસંહાર ]**

કોઈ પણ ઋતુની સવાર રમણીય, શીતળ અને સ્ફૂર્તિદાયક હોય છે. એમાંય શિયાળાની સવાર તેની ગુલાબી ઠંડીથી આગવી વિશેષતા ધરાવે છે.

શિયાળામાં દિવસ ટૂંકા અને રાત લાંબી હોય છે. સૂર્યોદય મોડો થાય છે. પરંતુ વહેલાં ઊઠવાની કંઈ ઓર મજા આવે છે. વહેલી સવારે આકાશમાં ટમટમતા તારલા જોવા મળે છે. સવારનો મંદ મંદ વાતો પવન ઠંડીમાં વધારો કરે છે. પશુ–પક્ષી ઠંડીથી બચવા કયાંક લપાઈ જાય છે. ગામડામાં ખેડૂતો વહેલી સવારે ઊઠી, તૈયાર થઈ ખેતરે જાય છે. તેમના બળદોની ડોકે બાંધેલા ઘૂઘરાનો રણકાર વાતાવરણને જીવંત બનાવે છે. વલોણાના ઘેરા નાદથી તેમજ ઘંટીઓના મધુર અવાજથી ગામનું વાતાવરણ સંગીતમય બની જાય છે. કૂકડો ‘કૂકડે.... કૂક’નો સાદ કરી પ્રભાતનું સ્વાગત કરે છે. ધીમે ધીમે આકાશ અને ધરતી પર સૂર્યોદયની લાલી પ્રસરવા લાગે છે. સૂર્યનાં કોમળ કિરણોના સ્પર્શથી વૃક્ષો અને વેલીઓમાં નવચેતન પ્રગટે છે. સૂર્યનાં કિરણો ઝાકળનાં બિંદુઓ પર પડતાં તે મોતીની જેમ ચમકવા લાગે છે. પંખીઓ કલશોર કરીને પ્રભાતનું સ્વાગત કરે છે. કેટલાક લોકો તાપણાની આસપાસ ગોઠવાઈને ટાઢ ઉડાડતા નજરે પડે છે.

શિયાળાની સવાર શહેરના જનજીવન પર પણ ગાઢ અસર કરે છે. રસ્તા પર કેટલાક લોકો ‘મોર્નિંગ વાક’ કરતા નજરે પડે છે. કેટલાક નવયુવાનો ખુલ્લા મેદાનમાં કસરત કરતા જોવા મળે છે. ઉપરાંત સવારના પહોરમાં છાપાના ફેરિયા, દૂધવાળા, વિદ્યાર્થીઓ, કારીગરો અને ધંધાદારીઓની દોડધામ જોવા મળે છે. જોકે ઘણા લોકોને હૂંફાળી પથારી છોડવી ગમતી નથી. તેઓ મોડે સુધી પથારીમાં સૂઈ રહી સવારનો મૂલ્યવાન સમય ગુમાવે છે.

શિયાળાની સવારે વસાણું ખાવાની ખૂબ મજા આવે છે. શિયાળાની સવારનો વ્યાયામ અને વસાણું આપણને બારે મહિના સ્વસ્થ અને તાજામાજા રાખે છે.

શિયાળાની સવાર દમ અને શ્વાસના દરદીઓને માફક આવતી નથી. તે ઉપરાંત જેમની પાસે ઓઢવા –પાથરવાની પૂરતી સવગડ નથી હોતી, તેવા ગરીબો માટે પણ શિયાળો કપરો હોય છે. ઘણી સેવાભાવી સંસ્થાઓ ગરીબોને ગરમ ધાબળાનું દાન કરે છે.

તનમનને તાજગી આપતી શિયાળાની સવાર આપણે માણીએ અને તેનો ભરપૂર લાભ ઉઠાવીએ.

## મારો યાદગાર પ્રવાસ

**[ (૧) પ્રસ્તવાના (૨) પ્રવાસની સામાન્ય માહિતી (૩) પ્રવાસ અને તેમાં પડતી મુશ્કેલીઓનું વર્ણન (૪) ઉપસંહાર ]**

વિદ્યાર્થીજીવનમાં પ્રવાસનું ઘણું મહત્ત્વ છે. પ્રવાસ કરવાથી આપણામાં સંપ, સહકાર, સહનશીલતા અને સાહસિકતા જેવા ગુણોનો વિકાસ થાય છે. આપણે આપણું કામ જાતે કરતાં શીખીએ છીએ. સૌંદર્યને નિહાળવાની આપણી દૃષ્ટિ વિકસે છે. આપણને નવું નવું જોવા અને જાણવા મળે છે.

અમારી શાળામાંથી અમને દર વર્ષે પ્રવાસે જવાની તક મળે છે. પ્રવાસે જઈએ ત્યાં કોઈ વાર જમવાનું સારું ન મળે તો કોઈ વાર રહેવાની સારી સગવડ ન હોય. કોઈ વાર બસ ખોટકાઈ જાય તો કોઈ વાર ટ્રેન મોડી પડે. પણ આવી થોડીઘણી અગવડો જ આપણા પ્રવાસને રોમાંચક બનાવે છે.

એક વખત અમારી શાળા દ્વારા કચ્છ–ભૂજનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો. એ પ્રવાસના રોમાંચક અનુભવોને તો હું આજે પણ ભૂલી શકતો નથી. પાંચ શિક્ષકો સાથે અમે પંચાવન વિદ્યાર્થીઓ લક્ઝરી બસ દ્વારા કચ્છ–ભૂજના પ્રવાસે નીકળ્યા. સવારનું ખુશનુમા વાતાવરણ હતું. સાયલા, ચોટીલા, માટેલ વગેરે સ્થળો જોઈને અમે મોરબી પહોંચ્યા. ત્યાંથી ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. અમે અંજાર પહોંચ્યા ત્યાં સુધી વરસાદ ચાલુ જ હતો. અમે ભીંજાતા ભીંજાતા ધર્મશાળાએ પહોંચ્યા.

બીજે દિવસે સવારે સૂર્યનારાયણનાં દર્શન થયાં. અમે અંજારમાં જેસલ–તોરલની સમાધિ જોઈ. અમે અંજારના બજારમાંથી સૂડી અને ચપ્પુની ખરીદી કરી. બપોરનું ભોજન કર્યા પછી અમે ભૂજ તરફ રવાના થયા. ત્યાં ફરીથી વરસાદ શરૂ થઈ ગયો. કચ્છ–ભૂજમાં સામાન્ય રીતે વરસાદ ઘણો ઓછો પડે છે. તે પણ ચોમાસામાં જ પડે. દિવાળીના દિવસોમાં ધોધમાર વરસાદ તૂટી પડયો એ બાબત અમારે માટે આશ્ચર્યજનક હતી. અમે વરસતા વરસાદમાં ભૂજના સ્વામિનારાયણ મંદિરની ધર્મશાળાએ પહોંચ્યા. કેટલાક વિદ્યાર્થીઓ અને શિક્ષકો ટાઢથી ધ્રૂજી રહ્યા હતા. મોડી રાત્રે અમે ગરમ ગરમ ખીચડી, કઢી જમ્યા.

રાત્રે વરસાદ થંભી ગયો હતો. સવારે તૈયાર થઈને અમે ભૂજનાં જોવાલાયક સ્થળો–મ્યુઝિયમ અને મહેલની મુલાકાત લીધી. ભૂજનું તળાવ પણ પાણીથી છલોછલ થયું હતું. આ કૌતુક જોવા માટે લોકોનાં ટોળેટોળાં ઊમટયાં હતાં.

બપોરે જમ્યા પછી અમે માંડવી તરફ રવાના થયા. માંડવીથી અમે માતાના મઢે પહોંચ્યા. સદ્‌ભાગ્યે ત્યાં અમને વરસાદનું વિÂન નડયું નહીં. વહેલી સવારે માતાના મઢમાંથી નીકળીને નારાયણ સરોવર ગયા. અમે ત્યાં કોટેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં. વિશાળ દરિયો જોઈ અમારી અંદર પણ આનંદના મોજાં ઉછળવા લાગ્યાં. એવામાં પોલીસે અમને માહિતી આપી કે, ‘કંડલા તરફથી વાવાઝોડું આવી રહ્યું છે. એટલે તમામ પ્રવાસીઓએ દસ વાગ્યા સુધીમાં અહીંથી નીકળી સલામત સ્થળે જતા રહેવું.’

અમે જલદી જલદી ત્યાંથી વિદાય થયા. અમે કંડલા તરફ જવાને બદલે ભૂજમાં પાછા ફર્યા. અહીં અમે ભોજન લીધું. પછી અમે ભૂજમાંથી વિદાય લીધી. અમે રાતના એક વાગે શાળામાં આવી પહોંચ્યા. ત્યારબાદ જાણ્યું કે વાવાઝોડું બીજા રસ્તે ફંટાઈ ગયું હતું.

આ પ્રવાસમાં અમને ઠીકઠીક તકલીફો પડી. પણ અમને અમારામાં રહેલી હિંમત, સહનશકિત અને ભાઈચારાનો અનુભવ પણ થયો.

આમ, આ પ્રવાસ મારો એક યાદગાર પ્રવાસ બની રહ્યો.

## પત્રલેખન

**તમારો નાનો ભાઈ અંગ્રેજીમાં નાપાસ થયો છે. તેને અંગ્રેજીનું મહત્ત્વ અને અંગ્રેજી સુધારવાના ઉપાયો સૂચવતો પત્ર લખો.**

આકાશ ઉપાધ્યાય,
પાર્થ સોસાયટી,
આણંદ.
તા. 21-2-2019

ચિ. ભાઈ નિકુલ,

તારો પત્ર મળ્યો. તારું વાર્ષિક પરીક્ષાનું પરિણામ એકંદરે સારું છે, પરંતુ તું અંગ્રેજીમાં નપાસ થયો છે તે જાણીને દુઃખ થયું. અંગ્રેજી નબળું રહી જાય, તે ઉચિત નથી.

આજના યુગમાં અંગ્રેજીનું ઘણું મહત્ત્વ છે. અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા છે. અંગ્રેજીના જ્ઞાન વિના તું ઉચ્ચ અભ્યાસ નહિ કરી શકે કે સારી નોકરી નહીં મેળવી શકે. એટલે અંગ્રેજીમાં રસ કેળવ એમ હું ઈચ્છું છું.

અંગ્રેજી પાકું કરવા માટે હું તને કેટલાંક સૂચનો કરું છું. તું દરરોજ દસ શબ્દોની સાચી જોડણી સ્લેટમાં લખીને તૈયાર કર. પાઠયપુસ્તકમાંના પાઠ બે વાર મોટેથી વાંચી જા. તેના સ્વાધ્યાય લખ. તારું અંગ્રેજી સુધારવા માટે હું એક પુસ્તક ખરીદીને લાવ્યો છું, તે તને મોકલું છું. તારા અંગ્રેજીના શિક્ષક સાહેબનું માર્ગદર્શન મેળવીને અંગ્રેજી પાકું કરજે. ઉપરાંત, ટેલિવિઝન પર આવતા અંગ્રેજી સમાચાર સાંભળજે અને તેને સમજવાનો પ્રયત્ન કરજે. અંગ્રેજી વાર્તાનાં પુસ્તકો વાંચજે. ભૂલ પડે તેની ચિંતા કર્યા વગર તું તારા મિત્રો સાથે અંગ્રેજીમાં વાતચીત કરીશ તોપણ તારું અંગ્રેજી પાકું થશે.

હું આશા રાખું છું કે તને મારાં સૂચનો ગમશે.

લિ.
તારા મોટા ભાઈ
આકાશના શુભાશિષ

## વાત્સલ્યમૂર્તિ મા

**[ (૧) પ્રસ્તાવના (૨) માતાનું બાળક માટે કાર્ય (૩) માતાના સંસ્કાર (૪) માનો નિઃસ્વાર્થ પ્રેમ (૫) પ્રાણીઓમાં પણ માતૃપ્રેમ (૬) ઉપસંહાર ]**

''ગોળ વિના મોળો કંસાર,
માતા વિના સૂનો સંસાર.''

માતાનો દરજ્જો જગતમાં સૌથી ઊંચો છે. માતા પોતાના સંતાન માટે બધું જ કરી છૂટે છે. પ્રસૂતિની અસહ્ય પીડા મા જ સહન કરે છે. મા બાળકની સતત સંભાળ રાખે છે. બાળક પથારી ભીની કરે તો મા ભીનામાં સૂઈ જાય છે પરંતુ બાળકને તે કોરામાં સુવડાવે છે. બાળક બીમાર પડી જાય ત્યારે તે રાતદિવસના ઉજાગરા વેઠીને પોતાના બાળકની સેવા કરે છે. મા પોતે ભૂખી રહીને બાળકને ખવડાવે છે.

બાળકમાં સંસ્કારનું સિંચન કરવામાં માનો ફાળો વધારે હોય છે. પિતા ધંધાર્થે બહાર જતા હોય છે. બાળક સાથે મા જ વધારે સમય રહેતી હોય છે. એટલે બાળકમાં માતાના સંસ્કાર વધારે આવે છે. બાળકને સવારે તૈયાર કરવું, તેને નિશાળે મોકલવું, તેના અભ્યાસમાં મદદ કરવી, તેને સમયસર ખાવા આપવું, તેને જોઈતી વસ્તુઓ લાવી આપવી, તેની સાથે રમવું, તેને ફરવા લઈ જવું વગેરે બધાં કાર્યો મા જ કરતી હોય છે. મા બાળકને વાર્તા સંભળાવે, ગીતો ગવડાવે, તેની સાથે વાર્તાલાપ કરે તેનાથી બાળકમાં અવનવા સંસ્કારોનું સિંચન થાય છે. બાળકમાં પ્રેમ, સંપ, સહકાર, સહાનુભૂતિ અને સેવાના ગુણો વિકસે છે. શિવાજી, ગાંધીજી, તિલક વગરે મહાપુરુષોના જીવનઘડતરમાં માનો ફાળો વિશેષ રહેલો હતો. આથી જ કહેવાય છે કે 'એક સંસ્કારી માતા સો શિક્ષકોની ગરજ સારે છે.'

માનો પ્રેમ નિઃસ્વાર્થ હોય છે. તે પોતાના સંતાન પાસે કોઈ અપેક્ષા રાખતી નથી. તેના અંતરમાં એક જ અભિલાષા હોય છે કે, 'મારું બાળક સુખી થાય.' પોતાના બાળકની સુખાકારી માટે તે ગમે તેવાં દુઃખો સહન કરવા પણ તૈયાર હોય છે. પોતાનું સંતાન કદરૂપું હોય, ખોડખાંપણવાળું હોય, મંદબુદ્ધિનું હોય પણ તેથી માતાના પ્રેમમાં ઓટ આવતી નથી. કેટલીક વાર તો આવા બાળક માટે માતાપિતાને વધારે લાગણી હોય છે. એટલે કવિ બોટાદકરે લખ્યું છે –

''ગંગાના નીર તો વધે ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે
જનનીની જોડ સખી નહિ જડે રે લોલ.''

માની મમતા માત્ર માનવસૃષ્ટિમાં જ જોવા મળે છે એવું નથી. પશુપંખીઓને પણ પોતાનાં બચ્ચાં માટે અનહદ પ્રેમ હોય છે. તેઓ પણ પોતાનાં બચ્ચાંની પ્રેમપૂર્વક સંભાળ લેતાં હોય છે.

એટલે જ કહેવાય છે કે જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતાં છે :

**जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसि ।**

ભગવાન રામે માતા અને માતૃભૂમિનું મહત્ત્વ સમજાવતાં લક્ષ્મણને કહ્યું હતું : 'મને સોનાની નગરી લંકા કરતાં અયોધ્યાની ધૂળ વધુ ગમે છે. મને ઈન્દ્રાસન(સ્વર્ગ)ના વૈભવ કરતાં માતા કૌશલ્યાનો ખોળો વધુ વહાલો છે.' તેથી જ કહેવત પડી હશે કે, 'મા, તે મા; બીજા બધા વગડાના વા.'

## વિચાર વિસ્તાર

**નગુણે વાસ ન રાખીએ, સગુણાની પત જાય;**
**ચંદન પડિયું ચોકમાં, ઈંધણ મૂલ વેચાય.**

આ પંકિતઓમાં કવિએ સંગનો મહિમા વર્ણવ્યો છે. સારો માણસ નઠારા માણસનો સંગ કરે તો તેની કિંમત કોડીની થઈ જાય છે. ચંદનનું લાકડું ચોકમાં ઈંધણનાં લાકડાં ભેગું પડયું હોય તો તે ઈંધણ(બળતણ)ના ભાવે વેચાય છે.

નઠારા માણસોના ટોળામાં એકાદ સારો માણસ ભળે તો તેની ગણના પણ નઠારામાં જ થાય છે. મૂર્ખાઓની સભામાં પંડિત હાજરી આપે તો તેની ગણતરી પણ મૂર્ખામાં જ થઈ જાય. ગમાર માણસના હાથમાં હીરો આવી જાય તો તે પાણીના મૂલે વેચાય, કારણ કે તેને હીરાની પરખ હોતી નથી.

સદ્‌ગુણી માણસે કદરહીન લોકોમાં ભળવું જોઈએ નહિ.

## વાર્તા લેખન

**એક રાજા – છૂપાવેશે ફરવા નીકળવું – સિપાઈને માર્ગ પૂછવો – સિપાઈનો સભ્ય જવાબ – સાથે આવવા આગ્રહ – લાલચ આપવી – સિપાઈનું ગુસ્સે થઈને છૂપાવેશમાં આવેલા રાજાને થપ્પડ મારવી – બીજે દિવસે સિપાઈને દરબારમાં બોલાવવો – સન્માન કરવું – બોધ.**

# વફાદાર સિપાઈ

એક પ્રજાવત્સલ અને પરોપકારી રાજા હતો. શિસ્ત અને સદાચારનો આગ્રહી. તે ઘણી વાર છૂપાવેશે નગરમાં ફરતો અને લોકોનાં સુખદુઃખની માહિતી મેળવતો.

એક વાર રાજા વેશપલટો કરીને રાતના સમયે નગરમાં ફરવા નીકળ્યો. રાજાએ ફરજ બજાવી રહેલા એક સિપાઈને જોયો. તે સિપાઈ પાસે ગયો અને તેને રાજાએ રાજમહેલનો માર્ગ બતાવવા વિનંતી કરી.

સિપાઈએ છૂપાવેશે આવેલા રાજાને સભ્યતાથી જવાબ આપ્યો. તેણે તેમને રાજમહેલ જવાનો માર્ગ સમજાવ્યો. સિપાઈના વિનય અને વિવેકથી રાજા પ્રસન્ન થયો. તેણે સિપાઈની વધુ કસોટી કરવા માટે સિપાઈને પોતાની સાથે આવવા કહ્યું. સિપાઈએ વિનયપૂર્વક જણાવ્યું કે, ‘‘મારે અહીં ફરજ અદા કરવાની હોવાથી હું તમારી સાથે આવી શકું નહિ.’’

છૂપાવેશે રહેલા રાજાએ સિપાઈને કહ્યું, ‘‘દોસ્ત, તું આ મુદ્રાઓ લઈ લે. તું મને રાજાના મહેલ સુધી પહોંચાડી આવીશ તો તેમાં ઝાઝો સમય લાગવાનો નથી. વળી રાતના સમયે કોઈને ખબર પણ પડવાની નથી કે તું અહીંથી મારી સાથે રાજમહેલ સુધી આવ્યો હતો.’’

સિપાઈએ મુદ્રાઓ ફેંકી દીધી. પછી એણે છૂપાવેશમાં આવેલા રાજાને થપ્પડ મારીને કહ્યું, ‘‘મૂર્ખ, મને લાલચ આપીને ફોડવાનો પ્રયત્ન કરે છે ? શું તું મારી વફાદારી પર પાણી ફેરવવા માગે છે ?’’

રાજા પોતાના સૈનિકની વફાદારી બદલ ગર્વ અનુભવતો ચાલ્યો ગયો.

બીજે દિવસે સિપાઈને રાજદરબારમાંથી તેડું આવ્યું. સિપાઈ અચકાતો–ખચકાતો રાજદરબારમાં પહોંચ્યો. રાજાએ ભરીસભામાં રાતે બનેલો પ્રસંગ વર્ણવ્યો. પછી પોતાને થપ્પડ મારનાર સિપાઈની પીઠ થાબડી અને તેને તેની વફાદારી માટે મોટું ઈનામ આપ્યું. એટલું જ નહિ તેને બઢતી આપીને સૂબેદાર બનાવ્યો.

ધન્ય છે ભારતના આવા કદરદાન રાજાઓને અને વફાદાર સેવકોને !

## પત્ર લેખન

**તમે છાત્રાલયમાં રહીને અભ્યાસ કરો છો. તમારો દૈનિક કાર્યક્રમ જણાવતો પત્ર તમારા પિતાજીને લખો.**

પત્ર લખનારનું નામ,
સરનામું અને તારીખ
લખવી.

પૂજ્ય પિતાજી,

તમારો પત્ર મળ્યો. તમે મારી સતત ચિંતા કરી રહ્યા છો, એ જાણ્યું. પણ ચિંતાનું કોઈ કારણ નથી. છાત્રાલયનો દૈનિક કાર્યક્રમ એવી રીતે ગોઠવાયેલો છે કે અમે બધા વિદ્યાર્થીઓ સતત સક્રિય રહીએ છીએ. મને પણ છાત્રાલયની દૈનિક પ્રવૃત્તિઓમાં ખૂબ રસ પડવા લાગ્યો છે.

અમે સવારે સાડા પાંચ વાગે ઊઠીએ છીએ. દૈનિકક્રિયા પતાવીને અમે સફાઈકાર્ય કરીએ છીએ. અમે છાત્રાલયના ઓરડા, મેદાન, બાથરૂમ, શૌચાલય વગેરેની સફાઈ કરીએ છીએ. આ દરમિયાન પ્રભાતિયાની કસેટ વાગતી હોય છે. એક કલાક સફાઈકાર્ય કર્યા પછી અમે નાહીએ છીએ. પછી અમે નાસ્તો કરીને દસ વાગ્યા સુધી અભ્યાસ કરીએ છીએ. જમીને અગિયાર વાગે અમે નિશાળે જઈએ છીએ. નિશાળમાં અમે અભ્યાસની સાથે સાથે સંગીત, ચિત્ર અને ઉદ્યોગ જેવા વિષયો પણ શીખીએ છીએ. વળી રમતો તો ખરી જ.

શાળાએથી છૂટીને સાંજે સાડા પાંચ વાગે અમે છાત્રાલય પર આવીએ છીએ. સાંજે સાત વાગે જમીને અમે ફરવા જઈએ છીએ. આઠ વાગે સમૂહપ્રાર્થના કરીએ છીએ. પછી અમારા ગૃહપતિ સાથે અમારો વાર્તાલાપનો કાર્યક્રમ ચાલે છે. પછી અમે સાડા દસ વાગ્યા સુધી અભ્યાસ કરીને સૂઈ જઈએ છીએ.

પિતાજી, તમે મારી જરાય ચિંતા કરશો નહિ અને મમ્મીને પણ કહેજો કે મારી જરીકે ચિંતા ન કરે. માને મારા પ્રણામ અને કીકીને પ્યાર.

લિ.
તમારા પુત્ર
રાજનના પ્રણામ

## ઈન્ટરનેટની માયાજાળ

**[ (૧) પ્રસ્તાવિક (૨) ઈન્ટરનેટની શોધ અને તેની ઉપયોગિતા (૩) ઉપસંહાર ]**

વિજ્ઞાન અને ટેક્નોલાજી ક્ષેત્રે થતી અવનવી શોધોએ આપણને આશ્ચર્યમાં મૂકી દીધા છે. આપણી કલ્પનામાં પણ ન હોય તેવી બાબત આજે હકીકત બની રહી છે. ગઈ કાલની શોધ આજે જૂની સાબિત થઈ રહી છે. ટી.વી., કમ્પ્યૂટર, ઈન્ટરનેટ, મોબાઈલ ફોન વગેરે વિજ્ઞાનની અદ્‌ભુત શોધો છે.

આજનું વિશ્વ ઈન્ટરનેટની માયાજાળથી જોડાયેલું છે. ઈન્ટરનેટનો અર્થ થાય છે 'આંતરિક જાળ'. તેમાં વિશ્વનું કોઈ પણ કમ્પ્યૂટર અન્ય કોઈ પણ કમ્પ્યૂટર સાથે જોડાય છે. આમ થાય ત્યારે ઈન્ટરનેટ મુખ્ય ત્રણ પ્રકારનાં કાર્ય કરવા સમર્થ થાય છેઃ (૧) વિચાર–વિનિમય, (૨) માહિતીપ્રદાન અને (૩) પ્રત તૈયાર કરવી. ઈન્ટરનેટની મદદથી વ્યકિત દુનિયાના કોઈ પણ દેશમાં કે રાજયમાં હજારો કિલોમીટર દૂર રહેતી વ્યકિત સાથે ફોન પર વાત કરે તે રીતે વાતો કરી શકે છે, ઈ–મેઈલ કે ફક્સ દ્વારા સંદેશાની આપ–લે કરી શકે છે, કોઈ પણ વિષયની માહિતી મેળવી શકે છે. આમ, ઈન્ટરનેટ દરેક ક્ષેત્રની વ્યકિતને ઉપયોગી છે.

વૈજ્ઞાનિકોનું સ્વપ્ન હતું કે વિશ્વના ખૂણેખૂણેથી દરેક વિષયની શક્ય એટલી જાણકારી એકત્ર કરવી અને તેનો અંતરિક્ષ દ્વારા સંચય કરવો. વૈજ્ઞાનિકોએ આ દિશામાં પોતાનો પ્રયત્નો આદર્યા. તેના પરિણામે ઈ. સ. 1980થી ઈન્ટરનેટનો ઉપયોગ શરૂ થયો. ઈ. સ. 1984માં આશરે એક હજાર કમ્પ્યૂટરને સૌપ્રથમ એકબીજા સાથે જોડવામાં આવ્યાં. એના દ્વારા ઈ–મેઈલ સેવા મેળવવામાં સફળતા મળી. તે પછી ઈ. સ. 1988 સુધીમાં તો વધુ સુપર કમ્પ્યૂટર તૈયાર કરવામાં આવ્યાં અને તેમાં ઈન્ટરનેટનું જોડાણ આપવામાં આવ્યું. આમ, ઈન્ટરનેટ સહિતનાં કમ્પ્યૂટરની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો.

ઈ. સ. 1991માં વર્લ્ડ વાઈડ વેબ (www) સામાન્ય પ્રજા માટે ખુલ્લી મૂકવામાં આવી. તેના દ્વારા દુનિયાના કોઈ પણ ખૂણાને ઈન્ટરનેટથી જોડી શકાય છે. આ પ્રક્રિયાનું નિર્માણ ટિમવર્નસ નામના વૈજ્ઞાનિકે અન્ય વૈજ્ઞાનિકો સાથે મળીને જીનિવામાં કર્યું હતું. ત્યારપછી જુદા પ્રકારની વેબસાઈટ બનાવવા માટેની સ્પર્ધા શરૂ થઈ. ઈ. સ. 1997 સુધીમાં તે સંખ્યા એક કરોડ વીસ લાખથી પણ વધારે થઈ ગઈ હતી. આજે તે સંખ્યા ચાર કરોડથી પણ વધારે છે. હવે તો જ્ઞાન–વિજ્ઞાન, કલા, પુસ્તક, રમત–ગમત, મનોરંજન, ઈતિહાસ, ભૂગોળ, સંશોધન, તંત્ર, જયોતિષ અને વિશ્વની તમામ ક્ષેત્રની માહિતી આ વેબ–સાઈટમાં જમા થઈ ગઈ છે. કમ્પ્યૂટરનું એક બટન દબાવતાં જ કોઈ પણ વિષયની માહિતી પૂરી પાડવા ઈન્ટરનેટ હાજર થઈ જાય છે. આમ, માહિતી અને જ્ઞાનના ક્ષેત્રે આજે ઈન્ટરનેટ માનવજીવનનું એક અવિભાજય અંગ બની ગયું છે.

વૈજ્ઞાનિકો આ ક્ષેત્રમાં નવી નવી દિશાઓ ખોલતા જાય છે. ઈન્ટરનેટ **वसुधैव कुटुम्बकम्**(વિશ્વ એક કુટુંબ)ની ભાવનાને ચરિતાર્થ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે તેમ છે.

## વિચાર વિસ્તાર

**વિપત પડે ના વલખીએ, વલખે વિપત ન જાય;**
**વિપતે ઉદ્યમ કીજિયે, ઉદ્યમ વિપતને ખાય.**

આ પંકિતઓમાં કવિએ ઉદ્યમનો મહિમા વર્ણવ્યો છે. આપણા જીવનમાં સુખ અને દુઃખની ઘટમાળ ચાલ્યા જ કરે છે. જીવનમાં દુઃખ કે આફત આવી પડે છે ત્યારે આપણે લાચાર થઈ જઈએ છીએ. આપણે તેમાંથી ઊગરવા માટે વલખાં મારીએ છીએ. બીજા માણસો આગળ આપણે આપણા દુઃખનાં રોદણાં રડીએ છીએ. પરંતુ તેનાથી આપણી આફત દૂર થતી નથી. ઊલટા આપણે હાંસીપાત્ર બનીએ છીએ. ઉદ્યમ જ સંકટ સમયની સાંકળ છે. આફત આવી પડતાં આપણે દિલ દઈને મહેનત કરવા મંડી પડવું જોઈએ. મહેનત કરવાથી જ આપણું દુઃખ દૂર થશે.

## ગુજરાતનું પાટનગર – ગાંધીનગર

**(૧) પ્રસ્તાવના (૨) નગરની રચના (૩) નગરનાં જોવાલાયક સ્થળો (૪) નગરની વિશેષતા (૫) ઉપસંહાર**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સ્મૃતિમાં નવું નગર તૈયાર થયું તે ગાંધીનગર. ગાંધીનગર ગુજરાતનું પાટનગર છે. તે અમદાવાદથી 25-30 કિલોમીટરના અંતરે આવેલું છે. તેનું ઉદ્‌ઘાટન ગુજરાતના મૂકસેવક રવિશંકર મહારાજના હસ્તે થયેલું.

ગાંધીનગર સુઆયોજિત નગર છે. આ નગર કુલ 30 સેક્ટરમાં વિભાજિત કરવામાં આવેલું છે. દરેક સેક્ટરમાં રહેઠાણો ઉપરાંત શૉપિંગ સેન્ટર, શાળા, મેદાન વગેરેની સગવડ છે. નગરમાં 'ક' થી 'જ' સુધી સાત આડા મુખ્ય માર્ગો છે અને 0થી 8 એમ ઊભા કુલ આઠ માર્ગો છે. નગરમાં લીલાંછમ ઘટાદાર અનેક વૃક્ષોની હારમાળા છે. તેથી આ શહેરને 'ગ્રીન સિટી ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

ગાંધીનગરમાં ચિલ્ડ્રન પાર્ક, સરિતા ઉદ્યાન જેવા બગીચા છે. આ ઉપરાંત વિધાનસભાગૃહ, સચિવાલય, ડીયર પાર્ક, સ્પોર્ટ્સ, કૉમ્પ્લેક્ષ વગેરે જોવાલાયક સ્થળો છે. વળી અક્ષરપુરુષોત્તમ મંદિર, પંચદેવ મંદિર, ચર્ચ, મસ્જિદ વગેરે દર્શનીય સ્થળો પણ છે. પથિકાશ્રમથી ગુજરાતનાં શહેરો તરફ જતી બસોની વ્યવસ્થા છે. રેલવે જંક્શન છે. અનેક શાળા–કૉલેજો પણ છે. વિધાનસભાના પટાંગણમાં મહાત્મા મંદિર તેમજ નગરમાં રવિશંકર મહારાજનું બાવલું છે.

નગરની સ્વચ્છતા ઊડીને આંખે વળગે તેવી છે. વળી શહેર પ્રદૂષણમુક્ત છે. આથી દેશપરદેશથી આવતા મુલાકાતીઓ અહીં આનંદ અનુભવે છે. નગરનો મોટો ભાગ નોકરિયાત વર્ગનો છે.

ગાંધીનગર રાજકીય પ્રવૃત્તિઓની સાથે સાથે સાંસ્કૃતિક રીતે પણ ધમધમતું નગર છે. દરેકે ગાંધીનગરની મુલાકાત અવશ્ય લેવી જોઈએ.

## વિચાર વિસ્તાર

**આચાર એ જ પ્રચારનું શ્રેષ્ઠ માધ્યમ છે.**

કોઈ પણ ઉપદેશ તેના આચરણ વિના અસર કરતો નથી.

ઉપદેશ આપવો સહેલો છે પરંતુ તેને આચરણમાં મૂકવો અઘરો છે. જયાં સુધી કોઈ બાબત આચરણમાં ન મૂકાય ત્યાં સુધી તેની બીજા પર અસર થતી નથી. દરરોજ મોડા ઊઠનાર બીજાને વહેલા ઊઠવાનો બોધ આપે તો તેની અસર થતી નથી. આથી બુદ્ધ ભગવાને પોતે ગોળ ખાવાનું છોડી દીધા પછી બાળકને ગોળ ન ખાવાનો બોધ આપ્યો. ડાહી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે એ કહેવતમાં પણ પ્રથમ કોઈ બાબત આચરણમાં જ મૂકવાની શિખામણ છે.

આપણે સારી બાબતો આચરણમાં મૂકીએ. પછી ઉપદેશ આપવાની જરૂર રહેશે નહિ. આપણા સંપર્કમાં આવતા લોકો આપણું અનુકરણ કરતા થશે. આપણે આપણું આચરણ સુધારવું જોઈએ. આચરણ એ જ શ્રેષ્ઠ ઉપદેશ છે.

## પત્રલેખન

**તમારા નાના ભાઈને વક્તૃત્વસ્પર્ધામાં પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું છે. તેને અભિનંદન આપતો પત્ર લખો.**

તુષાર પાઠક,
2 / કુન્દન પાર્ક,
અમદાવાદ – 380 012.
તા. 24 - 12 - 2013

ચિ. ભાઈ મયુર

તારો પત્ર મળ્યો. આપણા જિલ્લાના વિજ્ઞાનમેળા વખતે યોજાયેલી વક્તૃત્વસ્પર્ધામાં તારો પ્રથમ નંબર આવ્યો તે જાણીને અમને ખૂબ ખૂબ આનંદ થયો છે. હાર્દિક અભિનંદન.

તારી શાળામાં પ્રાર્થના પછી વિવિધ કાર્યક્રમો થાય છે. તું એ દરેક કાર્યક્રમમાં હોંશે હોંશે ભાગ લે છે. આથી તારી વક્તૃત્વ–કલાનો સારો વિકાસ થયો છે. તને ઈતર વાચનનો શોખ પણ છે. તેથી કોઈ પણ વિષય પરના તારા વક્તવ્યમાં વિશેષતા ઝલકતી હોય છે. વળી તને તારી શાળાના શિક્ષકોનું પૂરતું માર્ગદર્શન પણ મળી રહે છે. એ સૌના સહકારનું આ શુભ પરિણામ છે. તારા શિક્ષકોનેય મારી આભારની લાગણી પહોંચાડજે.

હું તને 'વિજ્ઞાનની અવનવી શોધો' નામનું પુસ્તક મોકલી રહ્યો છું. આશા છે કે આ પુસ્તક તને ખૂબ ગમશે.

તારી કારકિર્દી ઉત્તરોત્તર ઉજજવળ બને એવી શુભેચ્છા પાઠવું છું.

લિ.
તારા મોટા ભાઈ
તુષારના શુભાશિષ

## विचार-विस्तार

**रहिमन देखि बड़ेन को लघु न दीजिए डारि ।**
**जहाँ काम आवे सुई, कहा करै तरवारि ।।**

कुछ लोग वस्तु के आकार-प्रकार को देखकर उसका मूल्य आँकते हैं । वास्तव में वस्तु का महत्त्व उसके कद पर निर्भर नहीं होता । रहीम जी हमें यही समझाना चाहते हैं कि बड़ों को देखकर छोटों की उपेक्षा नहीं करनी चाहिए । तलवार का आकार बड़ा है । वह युद्ध में बहुत उपयोगी है । उसकी तुलना में सुई बहुत छोटी होती है, फिर भी सुई का काम तलवार नहीं कर सकती । इसलिए हमें छोटों को भी बड़ों के समान ही महत्त्व देना चाहिए ।

## अगर बचपन लौट आए ...

**[ जीवन की विभिन्न अवस्थाएँ - निश्छल बचपन - कुछ इच्छाएँ - बचपन की खुशियाँ - बचपन का लौटना असंभव ]**

जीवन की तीन मुख्य अवस्थाएँ हैं - बचपन, जवानी और बुढ़ापा । बचपन खेल-कूद, पढ़ाई-लिखाई और मौज-मस्ती की उम्र होती है । जवानी में व्यक्ति को तरह-तरह की जिम्मेदारियाँ निभानी पड़ती हैं । पर बुढ़ापे में शरीर कमजोर हो जाता है । ज्यादा काम करना संभव नहीं होता । तरह-तरह की बीमारियाँ भी शरीर को घेर लेती हैं । इसलिए सबसे अच्छी उम्र बचपन की ही होती है । बचपन को 'जीवन की सुहावनी सुबह' कहा जाता है ।

बचपन में हमारा मन स्वच्छ और निश्छल होता है । यदि बचपन दूबारा लौट आए, तो मनुष्य का मन फिर से निर्मल हो जाए । मन में ईर्ष्या, द्वेष, छल, कपट, घमंड, स्वार्थ आदि के लिए कोई स्थान न रहे । फिर तो आपसी लड़ाई-झगड़े का भी कोई कारण न रहे ।

यदि मेरा बचपन लौट आए, तो मैं अपनी दादी-माँ से जी भरकर परियों की कहानियाँ सुनूँ । दोस्तों के साथ जमकर दिनभर लुका-छिपी का खेल खेलूँ । अपना जन्मदिन बार -बार मनाने का पिताजी से हठ करूँ ।

बचपन लौट आए, तो निश्चिंतता व मस्तीभरे वे सुनहरे दिन भी लौट आएँ । कृष्ण कन्हैया की तरह अपने बाल-सखाओं के साथ मैं खेल-कूद में मस्त रहूँ । पेड़ों पर चढ़कर आम व जामुन के फल तोड़ूँ । कपड़े खराब होने की परवाह न करूँ और धूल-मिट्टी में खेलने से कभी न हिचकूँ । फिर से नन्हा बालक बन जाऊँ, तो सिर पर पढ़ाई-लिखाई का बोझ भी न रहे । गणित और विज्ञान में कितनी माथापच्ची करनी पड़ती है ! फिर तो उनसे तो छुट्टी ही मिल जाए । आए दिन सिर पर सवार परीक्षाओं से भी छुटकारा मिल जाए । बचपन लौट आए, तो दिल के बगीचे में खुशियों के फूल खिल उठें ।

और मैं 'मछली जल की रानी है, उसका जीवन पानी है' जैसे शिशुगीत गाता रहूँ । पिताजी मुझे मन-पसंद खिलौने दिलाएँ, माँ मुझे मीठी-मीठी लोरियाँ सुनाए । दीदी मुझे चॉकलेट और टॉफियाँ दे । अहा, कितना मजा आए, यदि बचपन लौट आए तो ... !

बचपन जीवन का स्वर्णकाल है । एक बार गया हुआ बचपन फिर कभी वापस नहीं लौट सकता । फिर भी बचपन के लौट आने की यह कल्पना कितनी मनोहर है !

## कहानी

**एक जमींदार - बहुत से नौकर - खेती की आमदनी का दिन-पर-दिन घटते जाना - मित्र की सलाह -''सुबह खेत की सैर करो'' - कुछ नौकर गायब, कुछ चीजें गायब - रोज देखभाल - आँखें खुलना - खुद काम में लग जाना - सभी नौकरों में उत्साह - आमदनी बढ़ना - सीख ।**

## अपना काम खुद करो

एक बड़ा जमींदार था । उसके पास बहुत-सी जमीन थी । अनेक नौकर-चाकर खेती के काम में लगे हुए थे । फिर भी जमींदार की आमदनी दिन-पर-दिन घटती जा रही थी । इस लिए जमींदार बहुत चिंतित रहता था ।

एक दीन जमींदार की भेंट अपने एक मित्र से हो गई । जमींदार के उदास चेहरे को देखकर उसने पूछा, ''मित्र, तुम इतने दुखी और चिंतित क्यों लग रहे हो ?'' उसे जमींदार ने सारा हाल कह सुनाया ।

मित्र ने जमींदार को सलाह दी, ''रोज सुबह तुम खेत की सैर करो । तुम्हारी आमदनी अवश्य बढ़ जाएगी ।''

मित्र की सलाह मानकर जमींदार दूसरे ही दिन सुबह खेत पर जा पहुँचा । उसने देखा कि कुछ नौकर गायब हैं, कुछ सो रहे हैं और कुछ गपशप कर रहे हैं । खेती के कुछ औजार भी गायब थे । यह देखकर जमींदार की समझ में सारी बात आ गई । उस दिन से वह रोज सुबह अपने खेत पर जाने लगा और नौकरों के साथ काम करने लगा । नये औजार भी खरीद लिये ।

अब सभी नौकर ठीक से काम करने लगे । मालिक के रोज आने से किसी को कोई चीज चुराने की हिम्मत नहीं होती थी । जमींदार की आमदनी धीरे-धीरे बढ़ने लगी ।

**सीख** : स्वयं पसीना बहाए बिना संपत्ति प्राप्त नहीं होती । अपना कारोबार दूसरों के भरोसे नहीं छोड़ना चाहिए ।

## साक्षरता का महत्त्व

**[ साक्षरता क्या है ? – साक्षरता का महत्त्व – साक्षरता के अभाव में भारत की दुर्दशा – स्वतंत्र भारत में साक्षरता – सबसे बड़ी देश–सेवा ]**

साक्षरता का अर्थ है देश में पढ़े-लिखे लोगों की तादाद । यद्यपि अनपढ़ लोग भी हमारे समाज के ही अंग हैं । इसलिए समाज का पूरा विकास तब तक नहीं हो सकता, जब तक हमारे देश का एक-एक व्यक्ति शिक्षित नहीं हो जाता ।

लोकतंत्र में प्रजा ही शासक होती है । यदि राजा ही अनपढ़ और गँवार हो, तो वह देश की बागडोर कैसे सँभाल सकता है ? भारत को 'गाँवों का देश' कहा जाता है । हमारे देश में अधिकतर लोग गाँवों में रहते हैं । इनमें किसानों और मजदूरों की संख्या सबसे ज्यादा है । निरक्षर लोगों की सबसे अधिक संख्या भी इन्हीं की है । सबसे ज्यादा शोषण भी निरक्षर व्यक्तियों का ही होता है । चालाक व्यापारी, कुटिल नेता और सरकारी अधिकारी सभी इनकी लाचारी का लाभ उठाते हैं । यदि देश के सभी लोग पढ़े-लिखे हों, तो वे व्यापारियों, नेताओं और अधिकारीयों के चंगुल में फँसने से बच सकते हैं । वे सरकार के अच्छे-बुरे कामों तथा विरोधी दलों के सही-गलत विरोधों को पहचान सकते हैं । चुनाव के समय वे अपने विवेक से काम लेकर मतदान कर सकते हैं । शिक्षित किसान अच्छी खेती करने के साथ-साथ गाँवों के विकास में भी अपना योगदान दे सकता है । शिक्षित महिला अपने परिवार के साथ-साथ समाज का भी भला कर सकती है ।

साक्षरता के अभाव में हमारे देश के किसान तथा मजदूर सदियों से अज्ञान और अंध -विश्वास में डूबे हुए हैं । उन्हें अपने देश के गौरव का ज्ञान नहीं है । अज्ञान के कारण आज भी उनमें तरह-तरह के अंधविश्वास पाए जाते हैं ।

आजादी मिलते के बाद हमारी सरकार ने साक्षरता के प्रसार के लिए कई योजनाएँ शुरू की हैं । प्रौढ़ शिक्षा के लिए उसने भरपूर प्रयत्न किया जा रहा है । जगह-जगह रात्रिकालीन पाठशालाएँ शुरू हो रही हैं । गाँव-गाँव में साक्षरता-अभियान चलाए जा रहे हैं । पंचायत घरों में पुस्तकालय व वाचनालय खोले गए हैं ।

साक्षरता आंदोलन आज के युग की माँग है । हर व्यक्ति को इस अभियान में सहयोग देना चाहिए । इससे उत्तम देश-सेवा शायद ही कोई हो । हर शिक्षित व्यक्ति यदि एक अनपढ़ आदमी को पढ़ना-लिखना सिखा दे, तो देश में निरक्षरता का नामोनिशान नहीं रहेगा ।

## लालबहादुर शास्त्री

लालबहादुर शास्त्री स्वतंत्र भारत के एक महान नेता थे । उनका जन्म 2 अक्तूबर, 1904 को वाराणसी के पास मुगलसराय में हुआ था । उनके पिता का नाम शारदाप्रसाद श्रीवास्तव था । अपने मामा के यहाँ रहकर उन्होंने प्रारंभिक शिक्षा प्राप्त की । इसके बाद वे वाराणसी गए । वहाँ उन्होंने काशी विद्यापीठ में 'शास्त्री' तक पढ़ाई की । तेईस वर्ष की आयु में उनका ललितादेवी के साथ विवाह हुआ ।

उन दिनों पूरे भारत देश में स्वतंत्रता आंदोलन चल रहा था । शास्त्रीजी इस आंदोलन में गांधीजी के साथ हो गए । स्वतंत्रता के आंदोलन में वे कई बार जेल गए । अपने देश -प्रेम के कारण वे एक लोकप्रिय नेता बने । उनको कर्तव्य सबसे अधिक प्रिय था ।

पंडित नेहरू के बाद लालबहादुर शास्त्री भारत के प्रधानमंत्री बने । सन् 1965 में पाकिस्तान ने भारत पर हमला किया । उस समय उन्होंने बड़ी कुशलता से काम किया । इस युद्ध में पाकिस्तान बुरी तरह हार गया । पाकिस्तान के साथ शांतिवार्ता के लिए ताश्कंद गए । वहाँ उनकी अचानक मृत्यु हो गई ।

शास्त्रीजी ने देश को 'जय जवान, जय किसान' का नारा दिया ।

सचमुच, शास्त्रीजी भारतमाता के महान सपूत थे ।

## विचार विस्तार

**खडा रहा जो अपने पथ पर**
**लाख मुसीबत आने में ।**
**मिली सफलता जग में उसको**
**जीने में, मर जाने में ।।**

जगत में सफलता उसे ही मिलती है जो अपने कर्तव्य-पालन में कभी सुस्ती नहीं दिखाता, लाखों मुसीबतें आने पर भी अपना प्रण नहीं छोड़ता और संकटों का डटकर सामना करता है । इस संसार में वही सफल होता है । उसका जीवन शानदार होता है और मरने के बाद भी लोग बड़े आदर और प्रेम से उसे याद करते हैं, उससे प्रेरणा प्राप्त करते हैं ।

## हमारे स्कूल का वार्षिकोत्सव

**[ प्रतिवर्ष होनेवाला उत्सव - समय और तैयारी - खेलकूद के कार्यक्रम - प्रदर्शनी का उद्घाटन व प्रतियोगिताएँ - अंतिम दिन - नाटक, वार्षिक रिपोर्ट, पुरस्कार-वितरण - उपसंहार ]**

हमारे स्कूल में हर साल वार्षिकोत्सव मनाया जाता है । इसका आयोजन प्रायः जनवरी के पहले सप्ताह में होता है । इसकी तैयारियाँ दिसंबर के प्रारंभ से ही शुरू हो जाती हैं ।

इस साल 4 से 6 जनवरी तक हमारे स्कूल का वार्षिकोत्सव धूमधाम से मनाया गया । सारे स्कूल को बिजली के रंगबिरंगे लट्टुओं से सजाया गया था ।

खेल-कूद के शानदार कार्यक्रम से वार्षिकोत्सव का आरंभ हुआ । सबसे पहले छोटे बच्चों की और बाद में बड़े बच्चों की प्रतियोगिताएँ हुईं । इसमें सौ मीटर और दो सौ मीटर की दौड़ से प्रतियोगिता की शुरूआत हुई । ऊँची कूद, लंबी कूद और गोला फेंकने की प्रतियोगिताएँ भी बहुत रोचक रहीं । अध्यापकों और विद्यार्थियों के बीच रस्सा-कशी की प्रतियोगिता हुई । इस प्रतियोगिता में विद्यार्थियों की जीत हुई ।

दूसरे दिन हमारे शहर के महापौर ने स्कूल में आयोजित प्रदर्शनी का उद्‌घाटन किया । प्रदर्शनी में विज्ञान, भूगोल, गणित, इतिहास आदि विषयों को प्रमुखता दी गई थी । प्रदर्शनी में विद्यार्थियों द्वारा बनाए गए माडेल, चार्ट, चित्र और विभिन्न कलाकृतियों के नमूने रखे गए थे । शाम को कविता-पाठ, भाषण-प्रतियोगिता तथा अंताक्षरी आदि कार्यक्रम रखे गए थे । सभी कार्यक्रमों में विद्यार्थियों ने बहुत उत्साह से भाग लिया ।

तीसरे और अंतिम दिन विद्यार्थियों ने 'सम्राट अशोक' नामक नाटिका प्रस्तुत की । सम्राट अशोक का अभिनय करनेवाले कलाकार ने दर्शकों पर अच्छा प्रभाव डाला । इसके बाद स्कूल की वार्षिक रिपोर्ट पढ़ी गई । बाद में महात्मा गांधी कालेज के प्राचर्य श्री महादेव के हाथों विजेताओं को पुरस्कार दिए गए । उन्होंने विद्यार्थियों को अध्ययन, अनुशासन और देश-प्रेम का महत्त्व समझाया । अंत में आभार-प्रदर्शन और जलपान के साथ कार्यक्रम समाप्त हुआ ।

सचमुच, इस साल के आयोजित वार्षिकोत्सव ने हमारे विद्यालय की प्रतिष्ठा में चार चाँद लगा दिए ।

## कहानी

**जंगल में एक सिंह - रोज अनेक पशुओं का शिकार करना - पशुओं की प्रार्थना - प्रतिदिन सिंह के पास निश्चित समय पर एक-एक पशु भेजने का वादा - सिंह का राजी होना - खरगोश की बारी - देर से पहुँचना - सिंह का गुस्सा होना - ''रास्ते में दूसरा सिंह मिल गया था ।'' - ''दिखा मुझे, कहाँ है वह दूसरा सिंह ?''- सिंह को एक कुएँ पर ले जाना - अपनी परछाई देखकर सिंह का कुएँ में कूद पड़ना - मरना - सीख ।**

### ताकत से अक्ल बड़ी

एक जंगल में एक सिंह रहता था । वह रोज जंगल में कई जानवरों का शिकार करता था । एक दिन जंगल के पशुओं ने मिलकर उससे प्रार्थना की, ''महाराज, आप जंगल में शिकार के लिए न निकला करें । हम प्रतिदिन निश्चित समय पर एक जानवर आपके पास भेज दिया करेंगे ।'' सिंह ने पशुओं की प्रार्थना स्वीकार कर ली ।

अब रोजाना वादे के अनुसार निश्चित समय पर एक जानवर सिंह के पास आने लगा । एक दिन एक खरगोश की बारी आई । वह अपनी चतुराई के लिए मशहूर था । वह जान-बूझकर सिंह के पास देरी से पहुँचा । सिंह को बहुत गुस्सा आया । उसने खरगोश से देर से आने का कारण पूछा । खरगोश ने जवाब दिया, ''महाराज, रास्ते में मुझे एक दूसरा सिंह मिल गया था । वह मुझे मारकर खाना चाहता था । उससे मैं जल्दी लौटने का वादा करके आपके पास आया हूँ ।''

यह सुनकर सिंह आपे से बाहर हो गया और गरजकर बोला, ''चल, दिखा मुझे, कहाँ है वह दूसरा सिंह ? मैं अभी उसका काम तमाम करता हूँ ।'' खरगोश सिंह को एक गहरे कुएँ के पास ले गया और बोला, ''महाराज, इसी में छिपा है वह दुष्ट !''

सिंह ने कुएँ में झाँका । कुएँ के पानी में उसे अपनी ही परछाई दिखाई दी । उसी को दूसरा सिंह समझकर वह कुएँ में कूद पड़ा और डूबकर मर गया । खरगोश की जान बच गई । जंगल के सभी जानवरों ने राहत की साँस ली और खरगोश को धन्यवाद दिया ।

**सीख** : ताकत से अक्ल बड़ी होती है । जो काम ताकत से न हो सके, उसे अक्ल से करना चाहिए ।

## कलम बोलती है

**मेरा जन्म - आकार - प्रकार - आधुनिक - स्वरूप - नाम - मेरी शक्ति - उपयोग - मेरे जीवन की सार्थकता - उपसंहार**

मैं कलम हूँ। मेरा यह नाम अरबी भाषा में लिया गया है। संस्कृत में मेरा नाम लेखनी है। में लिखने में प्रयोग होती हूँ। मैंने तो बहुतों के बारे में बहुत कुछ लिखा है, परंतु मेरे बारे में शायद ही किसी ने कुछ लिखा हो। इसलिए आज अपने बारे में तुम्हें बताने के लिए मुझे ही अपना मुँह खोलना पड़ा है। मेरा जन्म कब हुआ था, यह तो मैं नहीं बता सकती। लेकिन युगों पहले जब किसी प्रबुद्ध व्यक्ति ने कुछ लिखना चाहा, तब उसने पेड़ की पतली टहनी से मेरा निर्माण किया होगा। मेरे साथ ही स्याही का जन्म भी हुआ। पता नहीं वह कौन-सी भाषा थी जिसकी लिपि में भोजपत्र पर मेरे द्वारा कुछ लिखा गया। तब से आज तक मैं मानव की भावनाओं और विचारों को व्यक्त करने का साधन बनी हुई हूँ।

मेरा आकार बहुत ही छोटा है। वर्षों तक मेरा स्वरूप बहुत सीधा-सादा रहा। मैं बाँस या अन्य वृक्षों की टहनीयों से बनती रही। फिर मुझे बनाने के लिए नरकुल की हल्की लकड़ी का उपयोग किया जाने लगा। संपन्न लोगों के लिए चाँदी और सोने के रत्नजड़ित कलमें भी बनाई गईं। आम के पेड़ की टहनी से बना मेरा रूप बहुत शुभ माना जाता था।

मेरा विकास अनेक रूपों में हुआ है। अब मुझे प्रयोग करते समय बार-बार स्याही में डुबोना नहीं पड़ता। अब एक बार स्याही भर देने पर मैं बहुत दिनों तक प्रयोग में लायी जा सकती हूँ। मुझे खुशी है कि मैं हमेशा जमाने के अनुसार चल रही हूँ। बदलते युग के अनुसार अपना रूप बदलने में मैंने कभी संकोच नहीं किया। आज प्लास्टिक का युग है तो मैंने भी प्लास्टिक का चोला अपना लिया है। आज मेरे अनेक रूप हैं। आकार भी अलग-अलग हैं। मेरे नामों की तो गिनती ही नहीं। मेरा मूल्य भी एक-सा नहीं है। तुम मुझे एक रूपये में भी खरीद सकते हो और हजार रूपयों में भी।

मैं देखने में भले ही बहुत छोटी, दुबली-पतली और सामान्य लगती हूँ, पर शक्ति में किसी से कम नहीं हूँ। यदि तलवार से मेरी तुलना की जाए तो मैं उस पर भारी पडूँगी। लेखों पुस्तकों तथा समाचार पत्रों के पीछे मेरी ही मेहनत रंग ला रही है। संसार की सारी क्रान्तियों की मैं जननी हूँ। मैं लोगों के विचारों को चेतना देती हूँ। मैं न्यायाधीश के हाथों में पहुँचकर अपराधी को दंड दिलाती हूँ तथा निर्दोशों के जीवन की रक्षाा करती हूँ। जरूरत पड़ने पर मैं हलाहल जैसा विष भी उगलती हूँ। किसी कवि ने सच कहा है -

**जहाँ लोग पालते लहू में हलाहल की धार ।**
**क्या चिन्ता यदि वहाँ हाथ में नहीं हुई तलवार ?**

शांति के समय में भी मैं चुप नहीं बैठती और ज्ञान-विज्ञान का भंडार भरती ही रहती हूँ ।

मैं कभी विश्राम नहीं करती। जब विद्यार्थी, लेखक, कवि, वैज्ञानिक और विचारक मेरा उपयोग करते हैं तब मुझे बहुत अच्छा लगता है। लेखन-जगत की रानी कहलाने में मैं गर्व अनुभव करती हूँ।

मैं मानव समाज का सच्चे अर्थ में हित करती हूँ। मेरे मन में द्वेष, जलन अथवा अहंकार की भावना के लिए तनिक भी स्थान नहीं है। मानव के उन्नति पथ में जो रूकावटें हो, उन्हें में दूर करती हूँ। मेरी यही प्रार्थना है कि समाज सुखी तथा संपन्न हो।

## कुसंगति का फल

**सज्जन पिता का गुणवान पुत्र - बुरी संगति में फँसना - पिता को दुख - उपदेशों का असर नहीं - पिता का बाजार से अच्छे आम खरीदना - साथ में एक सड़ा हुआ आम भी लाना - पुत्र को बुलाना - उन आमों के साथ सड़ा आम रखने के लिए कहना - दूसरे दिन आम खाने के लिए कहना - कई आम सड़े हुए - पुत्र पर असर - सीख।**

देवनगर में गोपालदास नाम के एक सज्जन रहते थे। उनका पुत्र अमित बहुत गुणवान था। पढ़ाई, खेल-कूद, आदि सभी में वह हमेशा आगे रहता था। माता-पिता को अपने पुत्र से बड़ी आशाएँ थीं।

दुर्भाग्य से अमित बुरी संगत में फँस गया। उसमें कई बुरी आदतें पड़ गई। पढ़ाई-लिखाई के प्रति भी वह लापरवाह हो गया। पुत्र की यह दुर्दशा देखकर माता-पिता बहुत चिंतित हुए। उन्होंने कई बार अमित को समझाने की कोशिश की, लेकिन उस पर कोई असर नहीं हुआ।

एक दिन गोपालदासजी को एक तरकीब सूझी। वे बाजार से टोकरी भर आम ले आए। साथ में वे एक सड़ा आम भी लाए। बाद में उन्होंने बेटे को बुलाकर कहा, ''बेटा, लो, यह सड़ा हुआ आम भी इन आमों के बीच में रख दो। कल हम ये आम खाएँगे।'' टोकरी में सड़ा आम रखवाने का कारण पुत्र समझ नहीं पाया। फिर भी पिता के कहने पर उसने अन्य आमों के बीच वह सड़ा आम भी रख दिया।

दूसरे दिन पिताजी ने अमित से कहा, ''बेटा, आमोंवाली वह टोकरी ले आओ।''पुत्र आमों की टोकरी ले आया। उसने टोकरी खोलकर देखा तो उसमें और भी कई आम सड़ गए थे। टोकरी से बदबू भी आ रही थी। अमित ने कहा, ''पिताजी, इसमें तो बहुत से आम सड़ गए हैं। एक सड़े आम के कारण और कई आम सड़ गए हैं।''

गोपालदास ने तुरंत कहा, ''हाँ बेटा! देखो, एक सड़े आम की संगति से कई आम सड़ गए। फिर तू तो न जाने कितने खराब लड़कों की संगति में रहता है। क्या तेरा जीवन भी इन आमों की तरह बरबाद नहीं हो जाएगा।''

पिताजी की बात सुनकर अमित की आँखें खुल गईं। उसने अपने पिताजी से क्षमा माँगी। उसी दिन से उसने बुरे साथियों का संग छोड़ दिया।

**सीखः** बुरी संगत का फल बुरा होता है। बुरे साथियों से दूर रहने में ही हमारी भलाई है।

# विचार - विस्तार

**ऐसी बानी बोलिए, मन का आपा खोय ।**
**औरन को शीतल करै, आपहु सीतल होय ।।**

इस दोहे का भावार्थ है कि संत कबीरदास जी कहते हैं वाणी शीतल होनी चाहिए। शीतल वाणी जहाँ स्वयं को सुख और शीतलता का अनुभव करवाती है, वहीं पर दूसरों को भी शीतलता देती हैं। भाव है कि वाणी की मधुरता अत्यंत ही आवश्यक है।

जीसकी वाणी में मधुरता होती है, वह सभी के दिल को जीत लेता है। अन्य स्थान पर कबीर साहब की वाणी है कि, कोयल किसी को क्या देती है, और कौआ किसी से क्या छीन लेता है लेकिन जो कि कौआ मधुर नहीं बोलता इसलिए उसे कोई पसंद नहीं करता।

इंसान को ऐसी भाषा बोलनी चाहिए, जो लोगो को सुख पहुँचाती ही है, इसके साथ खुद को भी बड़े आनंद का अनुभव कराती है।

## A VISIT TO A GARDEN

[ Points When did you visit the garden? - With whom? - trees and plants - birds - children playing - parents and old people sitting - some walking ]

The Parimal Garden is the biggest garden in our town. Last Sunday evening I visited the garden with my friends. There were many hawkers and balloon sellers at the gate of the garden. There were many big shady trees in the garden. Birds were chirping sweetly on the trees. There were flower plants, too. There were many colourful butterflies among the flowers. The children were playing on the swings and slides. Some were playing cricket, while some others were playing hide-and-seek. Parents were sitting on lawns. Some old people were sitting on the benches and relaxing. There was a beautiful fountain in the middle of the garden. We sat near the fountain. Many people were taking an evening walk in the garden. We enjoyed ourselves in the garden.

## THE POSTMAN

[ Points Familiar figure - uniform - what he carries in his bag - his daily duty - hardships - important public servant ]

The postman is a familiar figure. He wears a uniform. He carries a bag on his shoulder. It is full of letters, money orders and parcels. The postman goes to the post office early in the morning. He sorts the letters. Then he begins his daily round. The life of the postman is full of hardships. Whatever the season, the postman never fails to deliver the post. He goes up and down the stairs. But he does not complain. People wait eagerly for the postman. He brings news from friends and relatives. He makes people happy. Of course, sometimes he brings some sad news, too. The postman is a very important and useful public servant. We must be thankful to this humble servant.

## TREES

[ Points : **Trees give us fruits, vegetables, flowers, wood, medicines, etc. - birds build nests - make the surroundings beautiful - keep the environment clean - attract rain - prevent soil erosion ]**

Trees are man's best friends. They are very useful to us. Trees give us fruits, vegetables and flowers. They give us wood for fuel. Timber is used to build houses and make furniture. Paper is also made from the pulp of trees. We get many medicines from fruits, leaves and roots of trees. Birds build their nests in trees. Even animals depend on trees for their food. Trees give us cool shade. Trees make our surroundings beautiful. They keep the environment clean. Thus, they purify the air. Trees attract rain clouds. They also prevent soil erosion. Trees are our natural wealth. Therefore, we must not cut down trees. A tree plantation programme known as Van Mahotsav is held every year. Save the trees and they will save us.

## A PICNIC

We went for a class-picnic last Sunday. We went to a park. Our teacher and a peon came with us. The picnic spot was beautiful. There were many trees and flowers. There was a river. There was a temple near the river. We played many games. We had snacks. We had a lot of fun. In the evening we returned home.

## MY MOTHER

[ Points : **Her name - age - What is she ? - always busy - runs the house - takes care of the family - her qualities - your feelings for her ]**

My mother's name is Meenaben. She is thirty-eight years old. She is a housewife. My mother is very busy the whole day. She works very hard. She takes care of our needs. She cooks food for us. She keeps the house neat and tidy. She goes to the market. She brings fresh vegetables and groceries. My mother helps me to do my homework. She teaches me good

manners. She is kind and loving. She is helpful, too. She is always cheerful and smiling. I love my mother.

## MY STATE GUJARAT

**Points : Westernmost state - people - famous men - chief cities - industries - arts and crafts - festivals - fairs - other places of interest**

Gujarat is my state. Gujarat is one of the most progressive states of India. Gujarat became a separate state on May 1, 1960. The capital of Gujarat is Gandhinagar. There are 33 district in Gujarat.

'Jay Jay Garvi Gujarat' - the words of the great poet Narmad sums up my feelings for my glorious Gujarat. The state of Gujarat lies to the westernmost tip of India. It is one of the most developed states in the country. The people of Gujarat are friendly, loving and adventurous. Gujarat has many industries, petroleum refineries, co-operative dairy farms. Gujarat has produced great leaders like Mahatma Gandhi and Sardar Patel. It is proud of scientists like Dr Vikram Sarabhai and poets like Narmad, Kalapi and Umashankar Joshi, Makar Sankranti , Navratri and Janmashtami are some of the popular festivals of Gujarat. The Garba and dandiya raas are the popular dances of Gujarat. The bandhani work of Jamnagar, the Patola sari of Patan and the Zari work of Surat are famous. Khaman dhokla, Undhiyu, Jalebi and Ganthiya are some of tasty food items of Gujarat. Gujarat has many pilgrimage centres like Somnath, Dwarka, Palitana and Ambaji. Sasan Gir, Nal Sarovar and the Rann of Kachchh are the famous wild life sanctuaries. I am proud to be a Gujarati and equally proud of my Gujarat.

Contact us at...

## Main Office

### EXAM PLUS

C/o. Nandini Publication,
Navagadh Chowkadi, Uttar Darwaja Road,
After Koteswar Mahadev Temple, Navagadh.
Ta. Jetpur Dist. Rajkot (Gujarat)
Mo. 99795 55105 - Phone: 02823 356 102

## Branch locations....

### Surat

**Earth Publication**

Krushnvadan B. Tailor
Shree Appartment - 403,
Duch Road, Nanpura, Surat.

### Rajkot

**Exam Plus**

C/o. "Nandanvan"
Santiniketan Park - 1, Street No. 1,
Behind Giriraj Nagar, Raiya Circle.
Rajkot.

### Ahmedabad

**Exam Plus**

Jignesh Nayka,
4-7, Ghansyam Nagar Part - 2,
Near Ruturaj Society,
Chandlodia, Ahmedabad.

### Jamnagar

**Exam Plus**

C/o. Dharnidhar Tredarsh,
Behind Mandavi Tower,
Vallbha Pendavali Street,
jamnagar.

Visit us at :
www.exampluspaper.com